gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 03, માર્ચ 2024

મહા વદ-7, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 43 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



ના બાબા ના.. મારે ફરીથી યુવાન નથી થવુ.. હું 40 વર્ષની વચે પણ...

પેજ 11

**સુવિચાર**

જરૂરી નથી કે બધા બધે કામે આવે વ્હાલા ..આસોપાલવની નીચે વિસામો ભલે ના મળે પણ સ્વાગત બધાનું એ જ કરે છે તોરણ બનીને.....

## ગૃહ મંત્રાલયે રાહુલની સુરક્ષા વધારવા કહ્યું

## 21 મે,1991ના રોજ ચુંટણી પ્રચાર વખતે જ રાજીવ ગાંધીની થઈ હતી કરપીણ હત્યા

# પિતા રાજીવની જેમ રાહુલને પણ ઉડાવી દેવાનું કાવતરું ?

### ■ મહારાષ્ટ્ર પોલીસને મળ્યા ઈનપુટ : રાહુલ પર ન્યાય યાત્રા દરમિયાન રાજીવની જેમ થઈ શકે છે આત્મઘાતી હુમલો

ગુજરાત | વંદન

શું ગાંધી પરિવારમાં પૂર્વ વડાપ્રધાન રાજીવગાંધીની જેમ તેમના પુત્ર રાહુલની પણ આત્મઘાતી ઢબે હત્યાનું કોઈ કાવતરું ઘડવામાં આવ્યું છે?આ સવાલને લઈ ને કોંગ્રસમાં ચિંતાની લાગણી સર્જાઈ રહી છે કેમકે મહારાષ્ટ્ર પોલીસને એવી ગોપનીય માહિતી મળી છે કે રાહુલને પણ તેમના પિતા રાજીવની જેમ બોંબ ધડાકામાં ઉડાડી દેવામાં આવી શકે. નોંધનીય છે કે રાહુલ હાલમાં ભારત જોડો ન્યાય યાત્રા પર છે અને સુરક્ષા ને એક બાજુ એ મૂકી ભીડની વચ્ચે જઈ રહ્યા છે અને ભીડ માંથી કોઈ એક ને બોલાવીને પોતાની પાસે બેસાડે છે, જે તેમની અગત સુરક્ષા માટે આમ પણ ખતરો બની શકે છે. યાદ રહે કે 21 મે, 1991ના રોજ રાત્રે 10 વાગ્યા અને 21 મિનિટે તામિલનાડુના શ્રીપેરંબદૂર ખાતે 30 વર્ષીય બેઠી દડીની ભરાવદાર છોકરી હાથમાં ચંદનનો હાર લઈને પૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધી તરફ આગળ વધી અને પગે લાગવા માટે નમી, ત્યારે કાનમાં ધાક બેસી જાય એવો જોરદાર વિસ્ફોટ થયો અને રાજીવ ગાંધીના શરીરના ટુકડે ટુકડા થઈ ગયા હતા.

લોકસભા ચૂંટણી 2024 નજીક આવી રહી છે ત્યારે કોંગ્રેસ પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા આજે રાજસ્થાનની ધૌલપુર સરહદથી મધ્યપ્રદેશના મોરેના માં પ્રવેશ કરશે. જો કે આ દરમિયાન નાસિક પોલીસને રાહુલ ગાંધીને તેમના પિતા રાજીવ ગાંધીની જેમ બોમ્બથી ઉડાવી દેવાની દેવામાં આવશે તેવા ઈનપુટ મળ્યા છે. મહારાષ્ટ્રના નાસિક પોલીસને એવા ઈનપુટ મળ્યા છે કે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ પર તેમની ભારત જોડો ...અનુસંધાન પેજ નં. 6 પર

### આ રીતે થઈ હતી રાજીવની હત્યા

મહારાષ્ટ્ર પોલીસને મળેલા ઈનપુટમાં રાજીવ ગાંધીની હત્યાની ઘટનાનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં તેની વિગતો જોઈએ તો 1991માં લોકસભાની ચુંટણીના પ્રચાર વખતે રાજીવ ગાંધીની LTTE સંગઠન દ્વારા કાવતરું રચીને ધનુ નામની



તમિલ મહિલાને આત્મઘાતી હુમલા માટે તૈયાર કરવામાં આવી હતી , 21મેના રોજ જાહેર સભામાં આ મહિલા શરીરે બોમ્બ બાંધીને હાર પહેરાવવાના બહાને રાજીવની નજીક પહોંચી હતી અને બોમ્બ વિસ્ફોટ કર્યો હતો. ભારતની ધરતી ઉપર આ પહેલો આત્મઘાતી વિસ્ફોટ હતો, જેને એક મહિલાએ અંજામ આપ્યો હતો. એ વિસ્ફોટમાં કોંગ્રેસના યુવા નેતા તથા પાર્ટીના વડા રાજીવ ગાંધીનું મૃત્યુ થયું હતું.

### રાજીવના સન્માનમાં એક ગીત ગવાઈ રહ્યું હતું અને...

એ સમયે મંચ ઉપરથી રાજીવ ગાંધીના સન્માનમાં એક ગીત ગવાઈ રહ્યું હતું, 'રાજીવ ગાંધીનું જીવન અમારું જીવન છે, જે જીવન ઇંદિરા ગાંધીના દીકરાને સમર્પિત નથી, તે જીવન શું જીવન છે?'17 મેના રોજ જ રાજીવ ગાંધીનો કાર્યક્રમ સાર્વજનિક થયો હતો તો તામિલ ઉગ્રવાદીઓ માત્ર ચાર દિવસમાં જ આટલું મોટું પ્લાનિંગ કરી શક્યા હતા, જે ચોંકાવનારી બાબત હતી

### 'મારી નજર સામે વિસ્ફોટ થયો'

રાજીવ ગાંધીની ચૂંટણીપ્રચાર યાત્રાને કવર કરવા માટે પહોંચેલાં પત્રકાર નીના ગોપાલ યાદ કરતાં કહે છે, "મારી અને સુમનની વાત થયાને બે મિનિટ પણ નહોતી થઈ કે મારી સામે એક બૉમ્બ ફાટ્યો. સામાન્ય રીતે હું સફેદ કપડાં નહોતી પહેરતી, પરંતુ એ દિવસે ઉતાવળમાં મેં સફેદ સાડી પહેરી હતી. ""વિસ્ફોટ બાદ મેં મારી સાડી તરફ જોયું તો એ કાળી પડી ગઈ હતી, એના પર માંસ લોચા તથા લોહી ચોટ્યાં હતાં. એ ચમત્કાર જ હતો કે હું બચી ગઈ હતી, મારી આગળ રહેલાં બધા લોકોએ એ વિસ્ફોટમાં મૃત્યુ પામ્યા હતા."

નીના જણાવે છે, "બોમ્બ વિસ્ફોટ પહેલાં પટ-પટ-પટ ફટાકડાં ફૂટવાનો અવાજ થયો અને પછી ભારે હૂશ જેવો અવાજ આવ્યો અને જોરદારના વિસ્ફોટ સાથે બૉમ્બ ફાટ્યો."

રાજીવ ગાંધી જ્યાં ઊભા હતા, એ તરફ નીના આગળ વધ્યાં. તેઓ કહે છે, "હું જેટલે આગળ સુધી



જઈ શકતી હતી, એટલે આગળ સુધી ગઈ. ત્યારે મને રાજીવ ગાંધીનું શરીર દેખાયું. મેં તેમના લોટ્ટો (Lotto) જૂતાં અને હાથમાં ગુચ્ચી (GUCCI)ની ઘડિયાળ જોઈ. થોડા સમય પહેલાં જ કારમાં પાછલી સીટ ઉપર બેસીને હું તેમનો ઈન્ટરવ્યૂ કરી રહી હતી. તેઓ આગળ ડ્રાઈવરની બાજુની સીટ ઉપર બેઠા હતા. એટલે એ ઘડિયાળ વારંવાર મારી નજરની સામે આવી રહી હતી."

## ન્યૂઝ બ્રિફ

### જામનગર એરપોર્ટ 10 દિવસ માટે ઈન્ટરનેશનલ એરપોર્ટ જાહેર

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રિ વેડિંગ



સમારોહને ધ્યાનમાં રાખીને જામનગરમાં રાષ્ટ્રીય સહિત આંતરરાષ્ટ્રીય સેલિબ્રિટીઓ અને હસ્તીઓનો જમાવડો સર્જાયો છે. હવે આ સમારોહને ધ્યાનમાં રાખીને જ જામનગરના એરપોર્ટને 10 દિવસ માટે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જાહેર કરી દેવાયો છે. આ સમારોહમાં ભાગ લેવા માટે અત્યાર સુધીમાં આંતરરાષ્ટ્રીય સ્તરની હસ્તીઓ બિલ ગેટ્સ, માર્ક ઝુકરબર્ગ, રિહાના, ઈવાંકા ટ્રમ્પ અને અન્ય ઘણાં પૂર્વ વડાપ્રધાન પણ ત્રણ દિવસના પ્રિ વેડિંગ સમારોહમાં સામેલ થવા જામનગર આવી પહોંચ્યા છે. જામનગર એરપોર્ટ પર 25 ફેબ્રુઆરીથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટોનું આગમન વધી ગયું છે અને તેને 5 માર્ચ સુધી તેની પરવાનગી મળી ગઈ છે. અહીં તમામ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટોનું ઉતરાણ થઈ શકશે.

### બેટ દ્વારકા જવા-આવવા માટે હવે ટ્રેન ફ્રિક્વન્સીમાં વધારો

પશ્ચિમ રેલવેએ મુસાફરોની સુવિધા માટે અને તેમની




માગને પહોંચી વળવા માટે નિર્ણય લીધો છે. બેટ દ્વારકા જવું હવે સરળ બનશે. અમદાવાદ-ઓખા વીકલી સ્પેશિયલ ટ્રેનની ફ્રિકવન્સી લંબાવવાનો નિર્ણય કર્યો છે.ટ્રેન નંબર 09435 અમદાવાદ-ઓખા વીકલી સ્પેશિયલ, જેને અગાઉ 24 ફેબ્રુઆરી, 2024 સુધી નોટિફાય કરવામાં આવી હતી, તેને 09 માર્ચ, 2024 સુધી લંબાવવામાં આવી છે.ટ્રેન નંબર 09436 ઓખા-અમદાવાદ વીકલી સ્પેશિયલ, જે અગાઉ 25 ફેબ્રુઆરી, 2024 સુધી નોટિફાઈડ કરવામાં આવી હતી, તેને હવે 10 માર્ચ, 2024 સુધી લંબાવવામાં આવી છે.

### ઉત્તર ગુજરાત અને કચ્છ જિલ્લામાં માવઠાની સંભાવના

હવામાન વિભાગની આગાહી રાજ્યમાં આગામી બે



દિવસ કમોસમી વરસાદ પડે તેવી સંભાવના છે.દરિયામાં 45 કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.હવામાન વિભાગ અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પગલે પશ્ચિમ તરફથી પૂર્વ તરફ ભારે પવન સાથે અરબી સમુદ્રમાં ભેજના કારણે લોપ્રેશર સિસ્ટમ સક્રિય થઈ છે. બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છ સહિતના જિલ્લાઓમાં માવઠું થાય તેવી સંભાવના છે.

## ગૌતમ ગંભીરની "ગંભીર"જાહેરાત રાજનીતિમાંથી પણ સંન્યાસ

### ■ રાજકીય ફરજોમાંથી મુક્ત કરવા પીએમ મોદી-નડ્ડાને કરી અપીલ

ગુજરાત | વંદન

પૂર્વ દિલ્હીના ભાજપના સાંસદ અને પૂર્વ ભારતીય ક્રિકેટર ગૌતમ ગંભીરે રાજનીતિથી સન્યાસ લેવાનો નિર્ણય લીધો છે. તેણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા રાજકીય ફરજોમાંથી મુક્ત કરવા વિનંતી કરી છે.

ગંભીરે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું, "મેં માનનીય પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડાને વિનંતી કરી છે કે તેઓ મને મારી રાજકીય ફરજોમાંથી મુક્ત કરે જેથી હું મારી આગામી ક્રિકેટ પ્રતિબદ્ધતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકું. હું માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીનો હૃદયપૂર્વક આભાર માનું છું." આ સાથે ગંભીરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને ટેગ કરીને લખ્યું, "મને લોકોની સેવા કરવાની તક આપવા બદલ આભાર. જય હિન્દ."

ગૌતમ ગંભીર 2019માં ભાજપમાં જોડાયા હતા. પાર્ટીમાં જોડાયા બાદ તેમને પૂર્વ



દિલ્હીથી સાંસદની ચૂંટણી લડવાની તક મળી. તેમણે કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા અરવિંદર સિંહ લવલીને લગભગ 6.95 લાખ મતોના માર્જિનથી હરાવ્યા.

હાલ ગૌતમ ગંભીર ભાજપના પૂર્વ દિલ્હીના લોકસભા સાંસદ છે. ગૌતમ ગંભીર T20 વર્લ્ડકપ 2007 અને ODI વર્લ્ડકપ 2011માં ભારતીય ટીમનો ભાગ રહી ચૂક્યો છે. ગંભીરે બંને ટુર્નામેન્ટની ફાઇનલમાં ભારતીય ટીમ માટે મેચ વિનિંગ ઈનિંગ્સ રમી હતી. ગંભીરે T20 વર્લ્ડકપની ફાઈનલમાં 54 બોલમાં 75 રન બનાવ્યા હતા. જ્યારે ODI વર્લ્ડકપની ફાઈનલમાં તેણે 91 રન આવ્યા હતા. ગંભીર હાલમાં IPLમાં કોલકાતા નાઈટ રાઈડર્સનો મેન્ટર છે. તે લખનઉ સુપર જાયન્ટ્સનો પણ મેન્ટર રહી ચૂક્યો છે.

## 26/11 ના મુખ્ય સૂત્રધાર આતંકી આઝમ ચીમાનું મોત

ગુજરાત | વંદન

આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના ઈન્ટેલિજન્સ ચીફ આઝમ ચીમાનું પાકિસ્તાનમાં મૃત્યુ થઈ ગયું છે. ફૈસલાબાદમાં હાર્ટ એટેકના કારણે 70 વર્ષની વયે તે મૃત્યુ પામ્યો હોવાનો ખુલાસો થયો છે. તાજેતરમાં જ પાકિસ્તાનમાં લશ્કરના ઘણા આતંકવાદીઓ રહસ્યમય સંજોગોમાં મૃત્યુ પામ્યા હતા, જેના કારણે પાકિસ્તાન અકળાયું હતું. તેણે આ હત્યાઓ પાછળ ભારતનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો. જો કે ભારત આ વાતનું સતત ખંડન કરતું રહ્યું છે. ભારતે પાકિસ્તાનના આરોપો અંગે કહ્યું હતું કે અમે આતંકીઓની કોઈ હિટલિસ્ટ તૈયાર નથી કરી અને જો કરી હોત તો હાફિઝ સઈદ અને મૌલાના મસૂદ અઝહરની સાથે ચીમા ટોપ પર હોત. ચીમા 26/11ના મુંબઈ હુમલા અને જુલાઈ 2006માં મુંબઈમાં થયેલા ટ્રેન બોમ્બ ધડાકા તેમજ અન્ય કેટલાક આતંકવાદી હુમલા પાછળના માસ્ટરમાઈન્ડ પૈકી એક હતો.

## મારો ઈન્ટરવ્યૂ તોડી મરોડીને બતાવવામાં આવ્યો: ગડકરી

### ■ કોંગ્રેસે હજુ સુધી નીતિન ગડકરીની લીગલ નોટિસનો કોઈ જવાબ આપ્યો નથી

ગુજરાત | વંદન

કેન્દ્રીય પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને પાર્ટીના મહાસચિવ જયરામ રમેશને સોશિયલ મીડિયા (X) પરના તેમના એક ઈન્ટરવ્યુના ભાગને "વિકૃત" કરવા બદલ કાનૂની નોટિસ મોકલી છે. ગડકરીએ જણાવ્યું હતું કે કોંગ્રેસે તેમના ઈન્ટરવ્યુની 19-સેકન્ડની ઑડિયો અને વિઝ્યુઅલ ક્લિપિંગ પોસ્ટ કરી હતી "સંબંધિત અર્થ અને હેતુ છુપાવીને". ગડકરીએ દાવો કર્યો હતો કે આ "છેતરપિંડી" કોંગ્રેસના નેતાઓ દ્વારા "ધામધૂમ અને મૂંઝવણ, સનસનાટી અને



કુખ્યાત બનાવવા"ના એકમાત્ર હેતુથી કરવામાં આવી હતી.

કેન્દ્રીય મંત્રી ગડકરીએ કોંગ્રેસને "કાનૂની નોટિસ મોકલ્યાના 24 કલાકની અંદર" પોસ્ટ હટાવવા કહ્યું છે અને ત્રણ દિવસમાં લેખિત માફી માંગવાની પણ માંગ કરી છે. વિડિયો ક્લિપને હકીકતમાં ખોટી ગણાવતા, તેમણે કહ્યું કે તે કોંગ્રેસના નેતાઓ દ્વારા તેમનું "અપમાન" કરવાનો "ઈરાદાપૂર્વકનો પ્રયાસ" હતો, તેમજ ભારતીય જનતા પાર્ટીના સભ્યોને વૈચારિક અણબનાવ બનાવવા માટે ઉશ્કેરવાના હેતુથી પણ આ પગલું લેવામાં આવ્યું છે. . ક્લિપને કારણે "પ્રતિષ્ઠાને નુકસાન, બદનક્ષી અને વિશ્વસનીયતાનું નોંધપાત્ર નુકસાન" થયું છે.

"ઉપરોક્ત વિડિયો અપલોડ કરીને, ઈન્ટરવ્યુને પણ અલગ અલગ રીતે રજૂ કરવામાં આવ્યો છે અને તમારી માઈક્રોબ્લોગિંગ સાઈટ 'X' વોલ પર પ્રસ્તુત કરવામાં આવ્યો છે, સંદર્ભની બહાર અને સંબંધિત અર્થ વિના," નોટિસમાં કહેવામાં આવ્યું છે. કોંગ્રેસ દ્વારા ટ્વિટર પર શેર કરવામાં આવેલા વીડિયોમાં ગડકરીને કહેતા સાંભળી શકાય છે કે, "ગામડા, ગરીબ, મજૂર અને ખેડૂતો દુઃખી છે... ગામડાઓમાં સારા રસ્તા નથી, પીવા માટે પાણી નથી, સારી હોસ્પિટલ નથી. "ત્યાં કોઈ સારી શાળાઓ નથી."

રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેના કેબિનેટ મંત્રીએ કહ્યું કે કોંગ્રેસે તે અમુક ભાગો કટ કર્યા જ્યાં તેમણે કહ્યું કે વર્તમાન કેન્દ્ર સરકારના કાર્યકાળ દરમિયાન પણ કેટલા પ્રયાસો થઈ રહ્યા છે અને સારા પરિણામો પ્રાપ્ત થઈ રહ્યા છે.

## હવામાન વિભાગની આગાહી : આ વર્ષે ભારે ગરમીનો પ્રકોપ જોવા મળી શકે

### ■ અનેક રાજ્યોમાં સામાન્યથી વધુ દિવસ સુધી લૂ ફૂંકાવાની સંભાવના

ગુજરાત | વંદન

ભારતના હવામાન વિભાગે તાજેતરના એલર્ટ અનુસાર દેશભરમાં આ વર્ષે ભારે ગરમીનો પ્રકોપ જોવા મળી શકે છે. માર્ચથી લઈને મે સુધી લઘુતમ અને મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહી શકે છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને ઓડિશાના અનેક રાજ્યોમાં સામાન્યથી વધુ દિવસ સુધી લૂ ફૂંકાવાની સંભાવના છે.

આઈએમડીના નિર્દેશકનું કહેવું છે કે અલ નીનોની ઘટનાને કારણે તાપમાન વધી શકે છે. જોકે હવે તે નબળું પડી ગયું છે પરંતુ તેની અસર મે સુધી વર્તાઈ શકે છે. એવામાં આપણે આ વર્ષે ભારે ગરમીનો સામનો કરવો પડશે.

IMDનું એવું પણ કહેવું છે કે આ વર્ષે માર્ચમાં સામાન્યથી વધુ કમોસમી વરસાદ પડી શકે છે. જ્યારે માર્ચમાં ઉત્તર અને મધ્ય ભારતમાં લૂ ફૂંકાવાની કોઈ શક્યતા નથી. અલ નીનોની




અસર મે સુધી વર્તાય તેવી શક્યતા છે. અલ નીનોને કારણે મધ્ય પેસિફિક મહાસાગરમાં દરિયાઈ સપાટી નિયમિત અંતરાળે ગરમ થવાની સંભાવના છે.


હવામાન વિભાગના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું કે 15 માર્ચ સુધી મહત્તમ તાપમાન સામાન્યથી નીચેથી રહેવાની આશા છે. તેનું મુખ્ય કારણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છે. આશા છે કે તેના લીધે વરસાદ પડી શકે છે. જોકે ભારે વરસાદથી પાકને નુકસાન થશે અને તેના લીધે ખેડૂતોની મુશ્કેલી વધી શકે છે. આ સાથે ઘઉંના પાકને નુકસાન થવાની શક્યતા છે. જોકે અમુક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ થવાથી લાભ પણ થશે. ફેબ્રુઆરીમાં સરેરાશ લઘુતમ તાપમાન 14.61 રેકોર્ડ કરાયો હતો જે 1901 બાદ આ મહિનાનું બીજું મહત્તમ તાપમાન હતું.

## કેન્દ્ર સરકારે પોસ્ટલ બેલેટ મતદારોની વય મર્યાદા વધારીને 85 વર્ષ કરી

### ■ દેશમાં 80-85 વર્ષની ઉંમરના લોકોની સંખ્યા 98 લાખ

ગુજરાત | વંદન

હવે મતદાન કેન્દ્રો પર પહેલા કરતા વધુ વૃદ્ધોની લાઈન જોવા મળી શકે છે. કેન્દ્ર સરકારે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવા માટેની વય મર્યાદા 80 થી વધારીને 85 વર્ષ કરી દીધી છે. એનો અર્થ એ કે હવે 85 વર્ષથી




ઓછી ઉંમરના વૃદ્ધોએ મતદાન કરવા માટે ફરજિયાતપણે મતદાન કેન્દ્રો પર જવું પડશે. આ અગાઉ 80 વર્ષથી ઉપરના વૃદ્ધોને પોસ્ટલ બેલેટની સુવિધા મળી હતી. કેન્દ્ર સરકારે ચૂંટણી પંચ સાથે વિચાર- ...અનુસંધાન પેજ નં. 6 પર

## ઝારખંડ: વિદેશી મહિલા ટુરિસ્ટ પર સામૂહિક દુષ્કર્મ, ત્રણની ધરપકડ

### ■ અન્યો નરાધમોને ઝડપી પાડવા માટે પોલીસના દરોડા

ગુજરાત | વંદન

ઝારખંડના દુમકા જિલ્લાના હંસડીહા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કુરુમાહાટ ખાતે સ્પેનથી આવેલી એક વિદેશી મહિલા સાથે સામૂહિક દુષ્કર્મની હચમચાવી મૂકે તેવી ઘટના બની હતી. જોકે અત્યાર સુધી આ ઘટનાની સત્તાવાર પુષ્ટી થઈ શકી નથી. પોલીસે આ મામલે ત્રણ લોકોની ધરપકડ કરી છે. અન્યો નરાધમોને ઝડપી પાડવા માટે પોલીસે દરોડાની કાર્યવાહી શરૂ કરી છે.

માહિતી અનુસાર બે અલગ અલગ બાઈક પર સ્પેનની એક મહિલા તથા એક પુરુષ ટુરિસ્ટ ફરવા નીકળ્યા હતા. મોડી સાંજે તેઓ હંસડીહા પોલીસ સ્ટેશનની હદમાં કુરમાહાટ નજીક આરામ કરવા રોકાયા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર એ જ સમયે મોડી રાતે આશરે 10 વાગ્યે 7થી 8 લોકો અહીં આવ્યા હતા. આ યુવકોએ વિદેશી ટુરિસ્ટ સાથે મારપીટ શરૂ



કરી અને પછી મહિલા ટુરિસ્ટ પર વારાફરતી સામૂહિક દુષ્કર્મ આચર્યું હોવાનો દાવો કરાયો છે. આ ઘટનામાં બંને ટુરિસ્ટ ગંભીર રીતે ઘવાયા હતા.

ઘટનાની જાણકારી મળતાં જ પોલીસ પણ મોડી રાતે ઘટનાસ્થળે ધસી આવી હતી અને બંને ટુરિસ્ટને સરૈયાહાટ સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્ર પહોંચાડ્યા હતા જ્યાં મહિલાઓની સારવાર ચાલી રહી છે. ત્યારબાદ પોલીસે કાર્યવાહી કરતાં હંસડીહા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કુંજી ગામના ચાર યુવકની ધરપકડ કરી તેમની પૂછપરછ હાથ ધરી હતી. પોલીસે ડૉગ સ્કવૉડની મદદથી ઓપરેશન હાથ ધર્યુ છે.

## અનંત-રાધિકા પ્રિ-વેડિંગમાં આજે પણ છે શાનદાર કાર્યક્રમો

### ■ બોલિવૂડ સ્ટાર્સનો જમાવડો જોવા મળ્યો

ગુજરાત | વંદન

3 માર્ચે એટલે કે આવતીકાલે પણ શાનદાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ 'ટસ્કર ટ્રેઈલ'થી શરૂ થશે. તે બહાર આયોજન કરવામાં આવશે. રસપ્રદ વાત એ છે કે અહીં મહેમાનો જામનગરના કુદરતી સૌંદર્યનો ભરપૂર આનંદ માણી શકે છે. તેઓ અહીં ખૂબ જ સુંદર કુદરતી દ્રશ્યો જોઈ શકશે. આ સાથે આ દિવસે હસ્તાક્ષરનો કાર્યક્રમ પણ યોજાશે. જેમાં મહેમાનોને ભારતીય કપડામાં આવવાનું કહેવામાં આવ્યું છે. આ દિવસે મહેમાનોને સ્વાદિષ્ટ વાનગીઓ પીરસવાની કેટલીક ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવશે. અનંત અને રાધિકાના પ્રિ-વેડિંગ ફંક્શનમાં



સેલિબ્રિટીઓએ ધૂમ મચાવી છે.. પોપ સ્ટાર રિહાન્નાએ પોતાના અભિનયથી દરેકના દિલ જીતી લીધા હતા, તો ઈવાન્કા ટ્રમ્પે પણ પાર્ટીની શાન વધારી હતી. અહીં બોલિવૂડ સ્ટાર્સનો જમાવડો જોવા મળ્યો હતો. શાહરૂખ ખાન, કિયારા અડવાણી, રણવીર સિંહ, દીપિકા પાદુકોણ, સૈફ અલી ખાન, કરીના કપૂર, અક્ષય કુમાર જેવા ફેમસ સ્ટાર્સ અહીં પહોંચ્યા હતા. આ સિવાય સ્પોર્ટ્સ અને બિઝનેસ જગતની જાણીતી હસ્તીઓ પણ અહીં પહોંચી હતી.


## વિશ્વ વેપાર સંગઠનના મંચ પર ભારતની મજાક ઉડાડનાર રાજદૂતની બદલી

### ■ થાઈલેન્ડના રાજદૂતને વતન પરત ફરવા આદેશ

ગુજરાત | વંદન

ભારતના ચોખા ખરીદી કાર્યક્રમ અંગે વિશ્વ વેપાર સંગઠન (ડબ્લ્યૂટીઓ) માં થાઈલેન્ડના રાજદૂત તરફથી વિવાદાસ્પદ ટિપ્પણી કરાયા બાદ તેની સામે ભારત સરકારે ભારે વિરોધ નોંધાવ્યો હતો. જેના બાદ થાઈલેન્ડે WTOમાં થાઈલેન્ડના રાજદૂતને હટાવવાની ફરજ પડી હતી. એક ટોચના અધિકારીએ આ માહિતી આપી હતી.

અધિકારીએ જણાવ્યું કે થાઈ એમ્બેસેડર પિમ્ચાનોક વોનકોર્પોન પિટફિલ્ડને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) 13મી મંત્રી પરિષદ (MC-13)માંથી થાઈલેન્ડ પરત આવી જવાનો આદેશ આપી દેવામાં આવ્યો છે. એવી માહિતી છે કે થાઈલેન્ડના




વિદેશ સચિવને હવે તેમની જગ્યાએ જવાબદારી સોંપવામાં આવી હતી.

મંત્રી સ્તરની મંત્રણા પાંચમા દિવસમાં પ્રવેશી ગઈ છે. અધિકારીએ કહ્યું કે ભારતે મંગળવારે સલાહ સૂચન માટેની બેઠક દરમિયાન પીટફિલ્ડની ટિપ્પણીઓ પર ભારે નિરાશા વ્યક્ત કરી હતી. તેમણે નવી દિલ્હી પર આરોપ લગાવ્યો હતો કે પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ માટે ન્યૂનતમ ટેકાના ભાવ (એમએસપી) પર ચોખા ખરીદવાનો કાર્યક્રમ લોકો માટે નથી, પરંતુ નિકાસ બજારને કબજે કરવા માટે છે. જેની સામે ભારતે ઔપચારિક રીતે થાઈલેન્ડ સરકાર સમક્ષ પોતાનો વિરોધ ...અનુસંધાન પેજ નં. 6 પર

### વાંકી નજરે...

સૌજન્યથી...



જો લૉ કોલેજમાં જ આ સ્થિતિ હોય તો આપણે કોઈને મોઢું બતાવી શકતા નથી : હાઇકોર્ટેની કડક ટિપ્પણી

# ગાંધીનગરની પ્રતિષ્ઠિત નેશનલ લૉ યુનિ.ના માથે લાગ્યો બળાત્કાર, છેડતીનો અક્ષમ્ય દાગ

■ હાઈકોર્ટે એક સક્ષમ ઓથોરિટી દ્વારા GNLUની બાબતોની તપાસ રચવાનો નિર્ણય જાહેર કર્યો

ગુજરાત | વંદન






ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના કેમ્પસમાં છેડતી , બળાત્કાર , હોમોફોબિયા અને ભેદભાવની ઘટનાઓ બની હોવાનું ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીએ નોંધ્યું છે. કમિટીએ ગયા અઠવાડિયે ગુજરાત હાઈકોર્ટને પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો. આ અહેવાલને ખરેખર ભયાનક ગણાવતા મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ અને ન્યાયાધીશ અનિરુદ્ધ માયીની ખંડપીઠે બુધવારે જીએનએલયુની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે યુનિવર્સિટીનું વહીવટી તંત્રએ પણ વિદ્યાર્થીઓનો અવાજ દબાવ્યો છે.

જીએનએલયુમાં એક યુવતી પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને એક વિલક્ષણ વિદ્યાર્થીની જાતીય સતામણી કરવામાં આવી હોવાની સોશિયલ મીડિયા પોસ્ટ્સને પગલે હાઈકોર્ટે સુઓ મોટો નોંધ લીધી હતી અને હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ હર્ષા દેવાણીની અધ્યક્ષતામાં સમિતિની રચના કરી હતી. અગાઉ યુનિવર્સિટીની આઈસીસી અને રજિસ્ટ્રારે આ આરોપોને ફગાવી દીધા હતા.મુખ્ય ન્યાયાધીશે ટિપ્પણી કરી હતી કે આ યુનિવર્સિટી કેવી રીતે નેશનલ લો યુનિવર્સિટી છે? અને રજિસ્ટ્રાર સોગંદનામું દાખલ કરી કહે છે કે કંઈ બન્યું નથી. કોર્ટમાં આ વાત કહેવાની હિંમત તેમનામાં હતી. આ લોકો બાળકોનું રક્ષણ કઈ રીતે કરશે? ખંડપીઠે કહ્યું કે રિપોર્ટમાં ખુલાસો થયો છે કે સોશિયલ મીડિયા પોસ્ટમાં ઉલ્લેખ કર્યા મુજબ જાતીય સતામણી અથવા બળાત્કારની માત્ર બે ઘટનાઓ જ નથી બની, પરંતુ છેડતી, બળાત્કાર, ભેદભાવ, હોમોફોબિયા, વિદ્યાર્થીઓના અવાજને દબાવી દેવો, આઈસીસીનું ના હોવું, તેના વિશે વિદ્યાર્થીઓને માહિતી ન હોવી જેવી ઘટનાઓ બની છે.

આ અહેવાલના પગલે હાઈકોર્ટે એક સક્ષમ ઓથોરિટી દ્વારા જીએનએલયુની બાબતોની ઉચ્ચ સ્તરીય તપાસ રચવાનો નિર્ણય કર્યો હતો, જે જવાબદાર વહીવટકર્તાઓ અને ફેકલ્ટી સામે પણ કાર્યવાહી કરી શકે છે. તેમણે નોંધ્યું હતું કે રજિસ્ટ્રાર, ડિરેક્ટર તેમજ ફેકલ્ટીના પુરુષ સભ્યો સામે આક્ષેપો છે.અહેવાલમાં બતાવવામાં આવ્યું છે કે કેવી રીતે ફેકલ્ટી સભ્યો અને જીએનએલયુ વહીવટીતંત્રે વિદ્યાર્થીઓની ફરિયાદો અંગે પૂછપરછ રોકી દીધી હતી. ન્યાયાધીશોએ સોશિયલ મીડિયા પર વિદ્યાર્થીઓએ કરેલી ફરિયાદોને ગુના તરીકે ગણવા બદલ જીએનએલયુની ટીકા કરી હતી. તેમણે તેનાથી યુનિવર્સિટીની છબી ખરડાશે તેવો વિરોધી અભિગમ અપનાવ્યો. તે આ અહેવાલનો સૌથી ભયાનક ભાગ હતો. માતા-પિતા પછી, હોસ્ટેલ અથવા રેસિડન્ટ કોલેજોમાં શિક્ષકો માતાપિતાની ભૂમિકા ભજવે છે. હાઈકોર્ટ કાયદાના વિદ્યાર્થીઓ માટે સૌથી વધુ ચિંતિત છું. તેઓ કાયદાના રક્ષક છે. આ બધાં વ્યાખ્યાનો, વાર્તાલાપો, પરિસંવાદો બધું જ નિરર્થક બની જાય છે. તેનો કોઈ અર્થ નથી. લો કોલેજમાં આ સ્થિતિ હોય તો આપણે કોઈને મોઢું બતાવી શકતા નથી. આ સિસ્ટમની પરિસ્થિતિ માટે આપણે બધા જ જવાબદાર છીએ તેમ વધુમાં હાઈકોર્ટે જણાવ્યું હતું.

વિદ્યાર્થીઓના દબાવી દેવાની અંગેની ફરિયાદ પર હાઈકોર્ટે કહ્યું કે એક બચી ગયેલા વ્યક્તિએ જણાવ્યું હતું કે રાજકીય રીતે પ્રભાવશાળી વ્યક્તિ પોલીસ સમક્ષ કેસને દબાવવામાં સામેલ છે. ત્રીજી (સોશિયલ મીડિયા) પોસ્ટને યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અને ગર્લ્સ હોસ્ટેલના વોર્ડનના દબાણના દૂર કરવામાં આવી હતી. કોર્ટે અહેવાલને ટાંકીને જણાવ્યું હતું કે અગાઉની ફરિયાદ સમિતિઓના સભ્યોએ એવી રીતે વર્તન કર્યું હતું કે વિદ્યાર્થીઓને કેસની જાણ આગળ કોઈને કરી શકે નહીં.

ન્યાયાધીશોએ વધુમાં જણાવ્યું હતું કે અહેવાલમાં વિદ્યાર્થીઓના અવાજને દબાવી દેનારા વ્યક્તિઓના નામ આપવામાં આવ્યા છે અને ફેકલ્ટીના કેટલાક પુરુષ સભ્યો સામે આક્ષેપો કરવામાં આવ્યા છે. આ અહેવાલ, જેને હાઈકોર્ટે ઓછામાં ઓછા આગામી આદેશો સુધી સીલબંધ કવરમાં રાખ્યો છે, તેમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કેવી રીતે આઈસીસીના સભ્યોએ વહીવટને જવાબદાર બનાવવાની બડાઈ મારી હતી.આપ્યો નથી. કઈ ઓથોરિટીએ આ કેસની તપાસ કરવી જોઈએ તે નક્કી કરવા માટે હાઈકોર્ટે વધુ સુનાવણી 12 માર્ચે મુલતવી રાખી છે.

# પેથાપુર પાલિકાના પૂર્વ પ્રમુખની આખરે ભાજપમાં ઘરવાપસી...

■ તેના પગલે શહેર અને જિલ્લા કોંગ્રેસમાં સોંપો પડી ગયો

ગુજરાત | વંદન




આગામી લોકસભાની ચૂંટણી જાહેર થાય તે પહેલાં રાજ્યમાં પક્ષ પલટાની સિઝન આવી હોય તેવો રાજકિય માહોલ કેટલાક દિવસથી જોવા મળી રહ્યો છે. તેમાં રાજ્યનું પાટનગર ગાંધીનગર શહેર અને જિલ્લો પણ બાકાત નથી. ખાસ કરીને કોંગ્રેસ અને ‘આપ’ ના કેટલાક કાર્યકરો ભાજપમાં સામેલ થવા રીતસરના ઉત્સુક બન્યા હોવાની સ્થિતિ જોવા મળે છે. તેવામાં આજે પેથાપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રણજીતસિંહ વાઘેલાએ ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. તેમની સાથે પેથાપુરના ૧૫૦ કાર્યકર્તાઓ પણ ભાજપામાં જોડાયા છે. તેના પગલે શહેર અને જિલ્લા કોંગ્રેસમાં સોંપો પડી ગયો છે. કારણ કે ગાંધીનગર શહેર જિલ્લાના કેટલાક કોંગી અગ્રણીઓ ભાજપના સંપર્કમાં હોવાની અટકળો વહેતી થઇ છે.

ભાજપ દ્વારા નવા કાર્યકર્તા જોડો અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે. તેના પગલે સમગ્ર રાજ્યમાં રાજકીય માહોલ ગરમાયો છે. ગાંધીનગરની સ્થાપના થઇ ત્યારે પ્રથમ ઇંટ પેથાપુરમાં જીઇબી ખાતે મુકવામાં આવી હતી. તે પેથાપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રણજીતસિંહ આજે ભારતીય જનતા પાર્ટીમાં જોડાઇ ગયા હતાં. ઉલ્લેખનિય છે કે ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ સત્તા સ્થાને હતી ત્યારે પેથાપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભાજપે સત્તા હાંસલ કરી હતી. તે વખતે જિલ્લા ભાજપ દ્વારા રણજીતસિંહ વાઘેલાને પેથાપુર પાલિકાનું પ્રમુખ પદ સોંપ્યુ હતું. દરમિયાન વિધાનસભાની ટિકીટ મળશે તેવી તેમની અપેક્ષા ફળી ન હતી. તે ઉપરાંત ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનની સ્થાપના બાદ યોજાયેલી પ્રથમ ચૂંટણી વખતે પણ કાઉન્સિલર તરીકે ટિકીટ મળી ન હતી. જેથી નારાજગી દર્શાવી રણજીતસિંહે કોંગ્રેસમાં સામેલ થઇ ગયા હતાં. હવે જ્યારે સમગ્ર દેશ સહિત રાજ્યમાં ભાજપનો જયજયકાર થઇ રહ્યો છે ત્યારે કોંગ્રેસમાં ગયેલા રણજીતસિંહે આખરે ભાજપમાં ઘરવાપસી કરી છે.

બુધવારે પ્રદેશ ભાજપા કાર્યાલય કમલમ ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશના અગ્રણી પદાધિકારીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. તેમાં પ્રમુખ રણજીતસિંહ વાઘેલા ભાજપનો ખેસ ગ્રહણ કરી વિધિવત ભાજપામાં જોડાયા હતાં. નવા કાર્યકર્તા જોડો અભિયાન અંતર્ગત શહેર સંગઠનના મંત્રી વાસુદેવ પટેલ, વોર્ડ પ્રમુખ સુરેશ પટેલ અને નગરસેવિકા છાયા ત્રિવેદીને ઇન્ચાર્જ તરીકે જવાબદારી સોંપાઈ છે.


ઉલ્લેખનિય છે કે ગાંધીનગરના કોંગી અગ્રણી અને વિજાપુરના ધારાસભ્ય ડો.સી.જે ચાવડા પણ રાજીનામુ આપી તાજેતરમાં ભાજપમાં જોડાયા હતાં.

# કેન્સરની થેરાપી માટે રૂપિયા 600 કરોડ ફાળવાયા: મંત્રી

■ જનતાના લાભાર્થે વિનામુલ્યે સરકારી ટેસ્ટ માટે રૂ. 1 કરોડની જોગવાઈ કરાઈ

ગુજરાત | વંદન

રાજ્ય સરકાર દ્વારા કેન્સરની સારવાર માટે દેશમાં પ્રથમ વખત સરકારી હોસ્પિટલમાં પ્રોટોન થેરાપી આપવાનું શરૂ કરવાની



જાહેરાત આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કરી હતી. આરોગ્ય મંત્રીએ કહ્યું હતું કે, વર્ષ 2001-02માં આરોગ્ય વિભાગ માટેની જોગવાઈ રૂ. 972 કરોડ હતી, જે વર્ષ 2024-25માં રૂ. 20100 કરોડે પહોંચી છે. જે રાજયના કુલ બજેટના આશરે 6.71 ટકા છે. આરોગ્ય મંત્રી વિધાનસભામા નવી બાબતો વિશે જણાવતા કહ્યું હતું કે,કેન્સરના દર્દીઓ માટે પ્રોટોન થેરાપી સરકારી હોસ્પિટલમાં આપવા માટે રૂ. 600 કરોડની જોગવાઈ કરી છે.

રાજયમાં બાળ મૃત્યુ અને માતા મૃત્યુ દર ઘટાડવા માટે અતિ જોખમી સગર્ભા માતાઓને મેડિકલ કોલેજ હોસ્પિટલ અને જિલ્લા હોસ્પિટલ ખાતે પ્રસૂતિ પહેલા દાખલ અને પ્રસૂતિ પછી 7 દિવસનું રોકાણ થાય તો રૂ. 15 હજાર ચુકવાશે. ઉપરાંત તેની લાવનાર આશા વર્કરને લાભાર્થીદીઠ રૂ. 3 હજાર પ્રોત્સાહન રકમ ચુકવવા માટે રૂ. 53 કરોડની જોગવાઈ કરી છે.


દર્દીઓને તાત્કાલિક સારવાર કરવા માટે ઉત્તર ઝોનમાં 8,મધ્ય ઝોનમાં 6, દક્ષિણ ઝોનમાં 4, સૌરાષ્ટ્ર ઝોનમાં 16 અને કચ્છ ઝોનમાં એક મળીને કુલ 35 જિલ્લા તેમજ પેટા જિલ્લા હોસ્પિટલ ખાતે ટ્રોમા કેર સેન્ટરની સુવિધાઓને સુદઢ કરવા માટે કુલ રૂ. 22.59 કરોડની જોગવાઈ કરી છે. ઉપરાંત જાહેર જનતાના લાભાર્થે વિનામુલ્યે સરકારી ટેસ્ટની યોજના માટે રૂ. 1 કરોડ ફાળવાયા છે. આદિજાતિ વિસ્તારમાં 50 મોબાઈલ દ્વિચક્રી બાઈક માટે 1.80 કરોડની ફાળવાયા છે.

રાજયમાં 9 હોસ્પિટલોમાં લીવર ટ્રાન્સપ્લાન્ટ-પ્રત્યાર્પણ કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષ દરમિયાન કુલ 382 વ્યકિતના લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાયા છે.વર્ષ 2022માં 186 અને વર્ષ 2023માં 196 મળીને કુલ 382 વ્યકિતના લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાયા છે.

# ગાંધીનગરમાં બહારના લોકોને કોઈ મકાન ભાડે કે વેચાણથી આપવા માટે તૈયાર નથી!

બિનગુજરાતીઓને ગાંધીનગરના નવા ડેવલપ થઈ રહેલા વિસ્તારોમાં “નો એન્ટ્રી!”

ગુજરાત | વંદન



એક તરફ ગાંધીનગરમાં ગિફ્ટ સિટીમાં દેશ-વિદેશની કંપનીઓ ઓફિસો ખરીદી રહી છે તો બીજી તરફ ગાંધીનગરના જ નવા વિકસેલા વિસ્તારોમાં બહારથી આવેલા લોકોને કોઈ મકાન આપવા માટે તૈયાર નથી.

એક મલ્ટિનેશનલ ફાઈનાન્સ કંપનીમાં કામ કરતા યંગ પ્રોફેશનલે તાજેતરમાં જ સોશિયલ મીડિયા પર પોતાનો અનુભવ શેર કરતા લખ્યું હતું કે તેને કે રાહેજા રોડ પર 2BHK ફ્લેટ આપવા માટે કોઈ તૈયાર નથી. આ યુવકે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે એક સોસાયટીમાં મકાન લેવાનો અનુભવ તેના માટે ભયાનક સાબિત થયો હતો, કારણકે સોસાયટીએ તેને એન્ટ્રી આપવાની જ ના પાડી દીધી હતી.પહેલા તો આ યુવકને એવું કહેવાયું હતું કે તે બહારનો હોવાથી તેને મકાન નહીં મળે, પરંતુ પછી તેને ખ્યાલ આવ્યો હતો કે તેની જ્ઞાતિને લીધે પણ તેની સાથે ભેદભાવ કરાઈ રહ્યો છે. એટલું જ નહીં, આ યુવક ફ્લેટ ના ખરીદી શકે તે માટે સોસાયટીએ NOC આપવાનો પણ ઈનકાર કરી દીધો હતો.

આ અંગે અમારા સાથી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા કે રાહેજા રોડના બે કિલોમીટર લાંબા પટ્ટામાં આવેલી સોસાયટીઓમાં તપાસ કરી હતી, આ ઉપરાંત PDPU રોડ સહિતના વિસ્તારોમાં આવેલી સોસાયટીમાં પણ બહારના લોકોને મકાન મળે છે કે નહીં તેની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે અહીંના પાંચ કિલોમીટરના વિસ્તારોમાં આવેલી સોસાયટીઓમાં બિનગુજરાતીઓને મકાન નથી અપાતું.

ગાંધીનગરના આ વિસ્તારમાં 600 જેટલી સ્કીમો આવેલી છે, જેમાં રહેતા મોટાભાગના લોકો મોટાભાગે ગાંધીનગર કે પછી મહેસાણા જિલ્લાના છે. બિલ્ડરોની એવી દલીલ છે કે બહારના લોકોની ખાનપાનની આદતો અને લાઈફસ્ટાઈલ આપણાથી અલગ હોય છે, અને તેની અસર સોસાયટીમાં રહેતા લોકોના બાળકો પર ના પડે તે માટે બહારના લોકોને કોઈ મકાન આપવા તૈયાર નથી થતું.

ગાંધીનગરના નવા ડેવલપ થયેલા વિસ્તારોમાં બનેલી સ્કીમોના બિલ્ડર્સ પણ મોટાભાગે માણસા, વિજાપુર, નારદીપુર, ચંદીસણા, વિસનગર, મહેસાણા અને આસપાસના જ વિસ્તારોના છે. આ બિલ્ડરોની સ્કીમોમાં મકાન ખરીદનારા પણ મોટાભાગે તેમના જ ગામના લોકો હોય છે.

ગાંધીનગરના PDPUથી લઈને ચ સર્કલ, વાવોલથી ગાંધીનગર અને કોબાથી એસજી હાઈવે સુધીના વિસ્તારમાં મોટાપાયે નવી સ્કીમો બની છે અથવા બની રહી છે. આ વિસ્તારમાં ૯૪ ફ્લેટની એક સ્કીમ બનાવનારા બિલ્ડરના જણાવ્યા અનુસાર બિનગુજરાતીઓને તેઓ પોતાની સ્કીમમાં મકાન નથી આપતા, તેનું કારણ એ છે કે બહારના રાજ્યોની લાઈફસ્ટાઈલ આપણાથી અલગ હોય છે તેના કારણે ઘણીવાર સોસાયટીના મેમ્બર્સ વચ્ચે ઝઘડા થઈ જતા હોય છે.

બીજા એક બિલ્ડરે આ અંગે એવું કહ્યું હતું કે ગાંધીનગરના નવા ડેવલપ થઈ રહેલા વિસ્તારોમાં બની રહેલી દરેક સ્કીમમાં ઓછામાં ઓછા ત્રણથી લઈને તેર પાર્ટનર્સ હોય છે અને તેમની પાસેથી મકાન ખરીદનારા તેમના જ ગામના ધનવાન ખેડૂતો હોય છે.

આવા લોકો ગાંધીનગરમાં ભણતા પોતાના બાળકો માટે મકાન ખરીદતા હોય છે અને તેમના બાળકોનો ટાર્ગેટ વિદેશ જવાનો હોય છે જેની તૈયારી માટે જ તેઓ ગાંધીનગર આવતા હોય છે. આવા ઈન્વેસ્ટર્સ પોતાનો ફ્લેટ ખાલી પડ્યો હોય ત્યારે પણ તેને બિનગુજરાતીઓને ના તો ભાડે આપે છે કે ના તો વેચે છે.ગાંધીનગરમાં એક તરફ બિનગુજરાતીઓને જલ્દી મકાન નથી મળતા તો બીજી તરફ અમદાવાદના ચાંદખેડા, ગોદરેજ ગાર્ડન સિટી, અદાણી શાંતિગ્રામ, કોટેશ્વર તેમજ મોટેરા જેવા વિસ્તારોમાં તેમને મકાન સરળતાથી મળી રહે છે.

ગૃહ મંત્રી હર્ષ સંઘવીની મોટી જાહેરાત

# ગુજરાત પોલીસમાં 11 હજાર નવી ભરતી થશે



ગુજરાત | વંદન

રાજ્યમાં પોલીસ ભરતીની રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકાર આગામી સમયમાં 11 હજાર જેટલી પોલીસ ભરતીઓ કરશે. આ અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ અંગે વિધાનસભામાં જાહેરાત કરી છે.


પ્રાપ્ત જાણકારી મુજબ વિધાનસભામાં પોલીસ ભરતી અંગે જવાબ આપતા ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતુ કે, ગુજરાત પોલીસમાં આગામી સમયમાં 11,000 નવી ભરતી થશે. જેમાં નવા 597 PSI ની ભરતી કરવામાં આવશે. જ્યારે 6600 કોન્સ્ટેબલ સહિત SRPF ની પણ ભરતી કરાશે. પોલીસ વિભાગમાં આવનારા સમયમાં 11 હજાર જગ્યાઓ માટે ભરતીનું આયોજન રાજ્ય સરકાર કરી રહી છે. નોટીફિકેશન બાદ પોલીસ રીક્રુટમેન્ટ બોર્ડ પરીક્ષાની તારીખો જાહેર કરશે. ફાસ્ટ્રેક મોડમાં તમામ પરીક્ષાઓ લેવાશે. 2024ની લોકસભા ચૂંટણી પહેલા પરીક્ષાની રીક્રુટમેન્ટ પ્રોસેસ પૂરી કરવા રાજ્ય સરકારની સૂચના મળી છે.

આ સાથે ગૃહ રાજ્યમંત્રીએ છેલ્લા બે વર્ષમાં થયેલી ભરતીની વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસમાં કુલ 11,000 ભરતી થઈ છે. છેલ્લાં 2 વર્ષમાં 12,816 જગ્યા પર ભરતી થઈ છે. સાથે ગૃહમંત્રીએ તે પણ જણાવ્યું કે, વસ્તીના ધોરણે અમદાવાદ પોલીસની ઘટ કેટલી છે તે અંગે ગુજરાત વિધાનસભામાં ડેટા સાથે આંકડાકીય માહિતી આપી છે. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે રાજ્યમાં પોલીસ ઘટ વિશે સવાલ કર્યો હતો. તેના જવાબમાં મંત્રી હર્ષ સંઘવીએ આ તમામ વિગતો આપી હતી.

# માર્કશીટમાં ચેડાં કરી સ્ટુડન્ટ વિઝા અપાવવાનું કૌભાંડ....

■ માણસાના બે એજન્ટોએ ગાંધીનગરના યુવકના ખોટા દસ્તાવેજ બનાવી કેનેડા મોકલ્યા

ગુજરાત | વંદન




ગાંધીનગરનાં કુડાસણ રિલાયન્સ ચાર રસ્તા પાસેની રાધે સ્કવેર કોમ્પલેક્ષ સ્થિત એક વિઝા કન્સલ્ટન્સીમાં સીઆઈડી ક્રાઈમની ટીમે દરોડો પાડી જપ્ત કરેલા દસ્તાવેજોની ઝિણવટભરી તપાસ હાથ ધરવામાં આવતા માણસાનાં બે એજન્ટોએ ખોટા દસ્તાવેજો બનાવી એક યુવકને સ્ટુડન્ટ વિઝા પર કેનેડા મોકલી આપ્યો હોવાનું બહાર આવ્યું છે. જેનાં પગલે સીઆઈડી ક્રાઈમ પોલીસે માણસાનાં બે એજન્ટો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

સમગ્ર ગુજરાતમાંથી ડિસેમ્બર મહિના દરમ્યાન સીઆઈડી ક્રાઈમ દ્વારા રાજય વ્યાપી વિઝા કન્સલ્ટન્સીઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. જે અન્વયે સીઆઈડી ક્રાઈમ પોલીસે કુડાસણ રિલાયન્સ ચાર રસ્તા પાસે આવેલ રાધે સ્કવેર કોમ્પલેક્ષમાં વિઝા કન્સલ્ટન્સીમાં દરોડા પાડવામાં આવ્યા હતા. અહીંથી પોલીસે કેટલાક વાંધાજનક દસ્તાવેજો તેમજ મોબાઈલ ફોન વિગેરે જપ્ત કરી એફએસએલમાં મોકલી આપવામાં આવ્યા હતા.

જેમાં અલગ-અલગ યુનિવર્સીટી તેમજ ધોરણ- 10 ની માર્કશીટની ચકાસણી કરતા પાર્થ ઘનશ્યામભાઈ પટેલ નામના વિદ્યાર્થીની માર્કશીટ સહિતના દસ્તાવેજો શંકાસ્પદ જણાઈ આવ્યા હતા.આ બાબતે કન્સલ્ટન્સીના માલિકોની પૂછતાંછ કરતાં તેઓ પાર્થ પટેલથી પરિચિત નહીં હોવાનું જણાવ્યું હતું. અને આ દસ્તાવેજો મોબાઈલ થકી આવ્યા હોવાની કેફિયત વર્ણવી હતી. બાદમાં પોલીસે ગુજરાત યુનિવર્સીટીમાં પાર્થ પટેલની કોલેજ બાબતેની ખાત્રી કરાવતા તેનું સરનામું મળી આવ્યું હતું.

જે સરનામે તપાસ કરતા ઘનશ્યામભાઈ બેચરભાઈ પટેલે (રહે, ઉમીયાપુરા, લીંબોદરા તા.માણસા) કહેલ કે તેમનો પુત્ર પાર્થ 21/5/2023 નાં રોજ કેનેડા ખાતે ઉચ્ચ અભ્યાસ કરવા માટે ગયો છે. જેનાં સ્ટુડન્ટ વિઝા/એડમીશન ફાઈલનું કામ રાજેન્દ્રભાઈ નરોત્તમદાસ પટેલ (રહે , પરબતપુરા તા,માણસા) મારફતે 40 લાખમાં કરાવ્યું હતું.

# ગુજરાતમાં વધુ બે નગર પાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાની નાણામંત્રી કનુ દેસાઈની જાહેરાત

■ પોરબંદર - છાયા નગરપાલિકા અને નડિયાદને મહાનગરપાલિકા તરીકે દરજ્જો મળશે

ગુજરાત | વંદન



અગાઉ ગુજરાત વિધાનસભામાં બજેટ સત્રના બીજા દિવસે નાણામંત્રી કનુ દેસાઈએ બજેટ રજૂ કરતા સમયે 7 નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાની જાહેરાત કરી હતી. જેમાં નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા તેમજ સુરેન્દ્રનગર અને વઢવાણ સંયુક્તનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નડિયાદને મહાનગરપાલિકાના દરજ્જો મળે તે માટે પંકજભાઈ દેસાઈએ વિધાનસભામાં રજૂઆત કરી હતી જેમની રજૂઆતને ધ્યાનમાં લઈને જાહેરાત કરવામાં આવી હતી.

નડિયાદ સરદાર પટેલની જન્મભૂમિ હોવાથી ખાસ તબક્કામાં પ્રાધાન્ય અપાયું છે. નડિયાદને મહાનગરપાલિકા જાહેર કરતા વિકાસના દ્વાર ખુલશે. નાણામંત્રી કનુભાઈ દેસાઈએ નડિયાદને મહાનગર પાલિકા જાહેર કરતા પંકજભાઈ દેસાઈએ વિધાનસભા ગૃહમાં સરકારનો આભાર માન્યો હતો. અગાઉ આણંદને મહાનગરપાલિકા જાહેર કરાઈ હતી. આ સાથે જ રાજ્યમાં કુલ 17 કોર્પોરેશન અસ્તિત્વમાં આવશે.

# ગાંધીનગર સિવિલ કેમ્પસમાંથી યુવતીના અપહરણની ફરિયાદ

■ પોલીસ મેડિકલ તપાસના અંતે યોગ્ય કાર્યવાહી કરશે

ગુજરાત | વંદન

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ ખાતેથી આશરે 20 વર્ષીય યુવતીનું અજાણ્યા બે શખ્સોએ રિક્ષામાં અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ મળતા સેક્ટર - 7 પોલીસે સિવિલ દોડી જઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જો કે યુવતીની વિગતવાર પૂછતાંછ કરતાં યુવતી પિરિયડમાં હોવાનું બહાર આવ્યું હતું. તેમ છતાં મામલાની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસે યુવતીની મેડિકલ તપાસના અંતે આગળની ઘટતી કાર્યવાહી કરવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ ખાતેથી અજાણ્યા શખ્સોએ યુવતીનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યાની વાત વાયુવેગે ફેલાઈ હતી. પ્રાથમીક મળતી વિગતો મુજબ, આશરે 20 થી 25 વર્ષની ઉંમરની યુવતી ગાંધીનગરના એક ગામમાં રહે છે. જેનાં ભાભી સિવિલ હોસ્પિટલમાં દાખલ હોવાથી યુવતી તેમની દેખભાળ રાખવામાં માટે




સાથે રોકાતી હતી.બપોરના સમય દરમ્યાન યુવતી સિવિલ હોસ્પિટલનાં ઈમરજન્સી વોર્ડ તરફ જઈ રહી હતી. એ દરમ્યાન અજાણ્યા બે શખ્સોએ યુવતીનું રિક્ષામાં અપહરણ કરી લીધાની અને બાદમાં ઢળતી સાંજે યુવતીને લોહીથી ખરડાયેલ હાલતમાં સિવિલ કેમ્પસમાં આવેલ મેડિકલની દુકાનો તરફ ઉતારી મૂકી હોવાની વાત વાયુવેગે ફેલાઈ હતી. યુવતીના લોહીથી ખરડાયેલ કપડાં જોઈને પરિવારજને અઘટિત ઘટના ઘટી હોવાની શંકા વ્યક્ત કરી હતી. બાદમાં યુવતીને તાત્કાલિક સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબોએ યુવતીનું નિદાન કર્યું હતું. જેમાં જીણવટપૂર્વક તપાસ કરતા યુવતી પિરિયડમાં હોવાનું બહાર આવ્યું હતું. જો કે ત્યાં સુધીમાં યુવતી પર બળાત્કાર થયો હોવાની વાત વહેતી થઈ ગઈ હતી.

અનુસંધાન પેજ 06 પર....

# મોંઘવારી વધતાં કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં પણ વધારો

■ જુલાઈ-2023ની પાછલી અસરથી 4 ટકાનો મળશે વધારો

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓ કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં



4 ટકા વધારાનો લાભ 1 જુલાઈ 2023થી આપવાની જાહેરાત કરી છે. આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ 4.45 લાખ કર્મયોગીઓ અને અંદાજે 4.63 લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર થશે. મોંઘવારી ભથ્થાની 8 માસની એટલે કે 1 જુલાઈ 2023થી ફેબ્રુઆરી-2024 સુધીની તફાવતની રકમ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે. તદઅનુસાર, જુલાઈ-2023થી સપ્ટેમ્બર-2023 સુધીની તફાવત રકમ માર્ચ-2024ના પગાર સાથે, ઓક્ટોબરથી ડિસેમ્બર 2023ની એરિયર્સની રકમ એપ્રિલ-2024ના પગાર સાથે તેમ જ જાન્યુઆરી અને ફેબ્રુઆરી-2024ના મોંઘવારી ભથ્થાની એરિયર્સની રકમ મે-2024ના પગાર સાથે કર્મયોગીઓને ચુકવાશે.નવી વર્ધિત-પેન્શન યોજના એન.પી.એસ.માં કર્મચારી અને રાજ્ય સરકારના ફાળા અંગે પણ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્મચારીઓની માંગણીઓને પ્રતિસાદ આપતા કર્યો છે.

### સિનિયર ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાની વિધાનસભામાં રજૂઆત

# ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે માનીતી કંપનીઓને બિડિંગ વગર જમીન આપી: કોંગ્રેસનો આક્ષેપ

ગુજરાત | વંદન

ગુજરાતમાં ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ્સમાં હાથ ધરવામાં આવેલા પગલાંને આવકારી કોંગ્રેસના સિનિયર ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ વિધાનસભામાં આરોપ મૂક્યો હતોકે, સરકારે બીડિંગ પ્રોસેસને અનુસર્યા સિવાય પોતાની માનતી કંપનીઓને જ બારોબાર જમીન પધરાવી દીધી છે જેણે હાઈડ્રોજન પ્રોજેક્ટ માટેની ઈકો સિસ્ટમ ઊભી કરવાની દિશામાં હજુ કોઈ કામ કર્યા નથી.

ગૃહમાં ઊર્જા અને નાણાં વિભાગની માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતાં મોઢવાડિયાએ કહ્યું કે, ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ માટે બીડિંગ કરવાની જગ્યાએ રિલાયન્સ એન્જિનિયરિંગને ૭૪૫૭૦ હેક્ટર, અદાણીને ૮૪૪૮૬ હેક્ટર, ટોરેન્ટ પાવરને ૧૮૦૦૦ હેક્ટર, એ.એમ. એન.એસ. આર્સેલર મિત્તલ કંપનીને ૨૨૦૦૦ અને વેલ્સપન કંપનીને ૮૦૦૦ હેક્ટર એમ કુલ ૨,૦૭,૪૩૬ હેક્ટર જમીન આપી દેવામાં આવી છે. તેમાં છતાં આ કંપનીઓએ ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટની ઈકો સિસ્ટમ માટે કોઈ કામ કર્યું નથી.

તેમણે ભાજપની 'બધુ અમે કર્યું એવી નીતિ પર' પ્રહારો કરતાં કહ્યું કે, ૧૯૬૦માં ગુજરાતની સ્થાપના થઈ ત્યારે રૂ.૧૧૫ કરોડનું બજેટ હતું. આજે રૂ.૩.૩૨ લાખ કરોડનું બજેટ છે એમ છતાં કરજ લીધા વગર જ ઉકાઈ ડેમ બાંધ્યો, ધુવારણ, ઉકાઈ, ગાંધીનગર, ઉત્તરાણમાં વીજ મથકો સ્થાપ્યા હતા અને ૧૯૯૦ સુધીમાં કોંગ્રેસના



રાજમાં જ ગામે ગામ સિંગલ ફેઝ વીજળી પહોંચાડવામાં ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું હતું. તે સમયની કોંગ્રેસ સરકારે ફ્રી વીજળી કનેક્શન આપેલા.

ભાજપ સરકારે તો ૩૦ વર્ષમાં નવી ૫૦૦ મેગાવોટ વીજળી પેદા કરી નથી, એની સામે કોંગ્રેસના સમયમાં સ્થપાયેલા ઉકાઈની ૧૩૫૦ મે.વો.ની ક્ષમતામાં બે એકમ રિટાયર્ડ કરી ૧૧૧૦ મેગાવોટ કરી, ગાંધીનગરની ક્ષમતા ૭૮૦ મે.વો.થી ઘટાડી ૬૩૦ મે.વો. કરી, કચ્છ લિગ્નાઈટના ૨૯૦ મેગાવોટના એકમો રિટાયર્ડ કરાયા, ઉત્તરાણના ૧૩૫ મેગાવોટના એકમો બંધ થયા, ઉકાઈ હાઈડ્રો કોંગ્રેસે બનાવ્યું હતું. આમ, ભાજપે તો કોંગ્રેસના શાસનમાં સ્થપાયેલા વીજ મથકો બંધ કરીને બહારથી રૂ.૩૨,૦૦૦ કરોડની મોંઘી વીજળી ખરીદીને પ્રજાને માથે મારે છે.

ભાજપની દેવું કરી ઘી પીવાની નીતિની આકરી ટીકા કરતાં મોઢવાડિયાએ ઉમેર્યું કે, નાણાં વિભાગની જે માંગણીઓમાં જોઈએ તો કુલ મહેસૂલી આવકના ૧૧.૮૦ ટકા રકમ ફક્ત વ્યાજ ચૂકવવામાં જાય છે. ૨૧.૩૩ ટકા પગાર ખર્ચ પાછળ અને ૧૧.૯૦ ટકા પેન્શન ખર્ચમાં જાય છે. એટલે કે વ્યાજ ચૂકવણી, પગાર ખર્ચ અને પેન્શન ખર્ચ પાછળ ૪૫.૦૩ ટકાનું ચૂકવણું થાય છે. મહેસૂલી આવકની માત્ર ૪૭ ટકા રકમ આપણે લોક કલ્યાણ પાછળ ફાળવીએ છીએ.

એક સમયે ગુજરાત ઉપર એક રૂપિયાનું દેવુ ન હતું પરંતુ હવે બજેટના નાણાંકીય વર્ષના અંતે રાજ્ય ઉપરનું કુલ દેવુ વધીને રૂપિયા ૪ લાખ ૧૭ હજાર ૯૭૮ કરોડ થઈ જવાનું છે. સરકાર જવાબ આપે કે ગુજરાત સમૃદ્ધ રાજ્ય છે તો આટલું દેવુ કેમ કરવું પડે છે? સરકાર નવું કંઈ નથી કરતી છતાં દેવુ વધી રહ્યું છે, કર્મચારીઓની સંખ્યા વર્ષ ૨૦૨૨-૨૩ માં ૪,૯૦,૦૦૯ હતી. આજે ઘટીને ૪,૬૭,૩૯૦ થઈ ગઈ છે છતાંપણ બજેટમાં ખર્ચ વધતો જાય છે.

# ACBએ RTIનો દુરુપયોગ કરનાર 19 વ્યક્તિઓની યાદી તૈયાર કરી

### આ તમામ લોકો વિરુદ્ધ સાયન્ટિફિક પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યાં છે

ગુજરાત | વંદન

સારા હેતુ માટે અમલમાં મૂકાયેલા RTI એક્ટનો કેટલાક લોકો દુરુપયોગ કરી રહ્યા હોવાના કિસ્સા નોંધાઈ રહ્યા છે. આ તત્ત્વો લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરોમાં અરજીઓ કરીને રૂપિયા પડાવવાનો કારસો કરતા હોય છે. આ વિભાગ માટે ચોક્કસ 19 શખ્સ છાપેલા કાટલા જેવા બની ગયા છે. એવી ચર્ચા છે કે આ લોકો આધાર પુરાવા વિના ACBમાં સરકારી વિભાગ અને સરકારી કર્મીઓ વિરુદ્ધ અરજીઓ કરી રહ્યા છે. આ શખ્સોની આવી હરકત ધ્યાનમાં આવતા ટૂંક સમયમાં તેમની સામે કાયદાકીય પગલાં ભરવા સુધીની તૈયારી ACBએ કરી લીધી હોવાનું જાણવા મળી રહ્યું છે. અમદાવાદ અને સુરતના કેટલાક લોકો કે જેમણે વકીલાતનું કામ બાજુ પર




મૂકી દીધું છે, તેઓ રોજ બેથી ત્રણ અરજી ટપાલ મારફતે શાહીબાગ ACBની વડી કચેરીમાં મોકલે છે. ACBના કર્મચારી અરજી વાંચે છે તો તેમાં મોટાભાગે મ્યુનિ. કોર્પોરેશન અને રોડ એન્ડ બિલ્ડિંગ વિભાગના ભ્રષ્ટાચારની રજૂઆત હોય છે. જે-તે વિભાગના સરકારી કર્મી ભ્રષ્ટાચાર કર્યો છે તેવા આક્ષેપો કરેલા હોય છે.

નવાઈની વાત એ છે કે અરજીમાં જે મુજબના આક્ષેપ કરવામાં આવ્યા હોય તે મુજબના લાગતા વળગતા એકપણ પુરાવા અરજીમાં સામેલ કરવામાં આવ્યા હોતા નથી. ઉપરાંત, જ્યારે ACBના કર્મીઓ અરજદારને ફોન કરીને પુરાવા માગે ત્યારે કાયદાનો પાઠ ભણેલા લોકો ઉડાઉ જવાબ આપીને ફોન કટ કરી દે છે. ગુજરાતના 10 શહેરોમાંથી આ પ્રકારની અરજી આવે છે. સૌથી વધુ અરજીઓ અમદાવાદ અને સુરત જિલ્લામાંથી આવી રહી છે. અમદાવાદના ચાર અને સુરતના પણ ચાર લોકો આ પ્રકારની અરજી અવારનવાર કરી રહ્યા છે. જામનગરથી લઈને કચ્છ સુધી આવા લોકો પોતાની દુકાન ચલાવી રહ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. આ તમામ લોકો વિરુદ્ધ સાયન્ટિફિક પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે. નજીકના દિવસોમાં તમામ વિરુદ્ધ કાયદાકીય ગાળિયો કસાઈ શકે છે.

અમદાવાદના વાડજ વિસ્તારમાં રહેતા 78 વર્ષીય વૃદ્ધ અઠવાડિયામાં ત્રણ અરજી ACBમાં કરે છે.


# વીમા કંપની નહીં ,ડૉક્ટર નક્કી કરશે દર્દીને દાખલ કરવા કે કેમ: કોર્ટ

### ગ્રાહક કોર્ટે રૂ.3.97 લાખનો કલેઈમ મંજૂર કર્યો

ગુજરાત | વંદન

વીમેદારને પેટની બીમારીના લીધે હોસ્પિટલમાં દાખલ થયા બાદ વીમા કંપનીએ તેનો કલેઈમ એ કારણસર નકારી કાઢયો હતો કે તેને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નહતી. જોકે અરજદાર તરફે એડવોકેટ શ્રેયસ દેસાઈ અને પ્રાચી દેસાઈની દલીલો બાદ ગ્રાહક કોર્ટે રૂ.૩.૯૭ લાખનો કલેઈમ ચુકવવાનો આદેશ આપ્યો હતો.વીમા કંપનીને એક રીતે લપડાક આપતા કોર્ટે નોંધ્યું હતું કે દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવો કે નહી તે તેની સારવાર કરનાર ડોકટર જ નકકી કરી શકે.

વરાછા ખાતે રહેતા યુવકને પેટમાં દુખાવો થતા તેણે નજીકના ડોકટરને બતાવ્યા બાદ મુંબઈની હોસ્પિટલમાં લઈ જવાયો હતો




જયાં તેને એડમિત કરાયો હતો જેની સારવારનું બિલ રૂ.૩.૯૭ લાખ થયું હતું. જોકે વીમા કંપનીએ આ રકમ ચુકવવાથી ઈનકાર કરી દીધો હતો અને તેને હોસ્પિટલમાં દાખલ જ થવાની જરૂર નહતી એમ જણાવ્યુ હતું. ગ્રાહક કોર્ટમાં દર્દીને જોઈ તપાસીને જ હોસ્પિટલમાં દાખલ કરવાનો નિર્ણય લેવાયો.

### વિધાનસભામાં ધારાસભ્ય અમિત ચાવડાના પ્રશ્નના જવાબમાં સરકારે આપી માહિતી

# અમદાવાદ જિલ્લા સહિત અન્ય જિલ્લાઓમાં તબીબોની જગ્યાઓ હજુ પણ ખાલી....

ગુજરાત | વંદન

નેતાઓ અને બાબુઓનું ઘર છે તેવી રાજ્યની રાજધાની ગાંધીનગર રાજ્યનો એકમાત્ર એવો જિલ્લો છે કે જ્યાં સરકારી હોસ્પિટલોમાં સ્પેશિયાલિસ્ટ ડોકટરોની કોઈ કમી નથી. રાજ્યમાં સ્પેશિયાલિસ્ટ ડોકટરો માટેની એકંદરે મંજૂર થયેલી 922 જગ્યાઓમાંથી અન્ય જિલ્લાઓમાં 323 એટલે કે એક તૃતીયાંશ જગ્યાઓ હજુ પણ ખાલી છે. ગાંધીનગર માટે 17 જગ્યાઓ મંજૂર કરવામાં આવી હતી અને તમામ ભરવામાં આવી છે.

વિધાનસભામાં આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડાના અતારાંકિત પ્રશ્નના જવાબમાં સરકારે આ માહિતી આપી હતી. જેમાં જણાવાયું છે કે સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોની ખાલી પડેલી 323 જગ્યાઓ પૈકી 110 જગ્યાઓ ત્રણ વર્ષથી ખાલી છે અને 71 જગ્યાઓ બે વર્ષથી વધુ સમયથી ખાલી છે.

સરકારે એમ પણ જણાવ્યું હતું કે રેગ્યુલર ડોક્ટરો માટે મંજૂર કરવામાં આવેલી 1898 જગ્યાઓમાંથી 661 જગ્યાઓ ખાલી છે.

જેમાંથી 99 જગ્યાઓ ત્રણ વર્ષથી ખાલી છે જ્યારે 27 જગ્યાઓ બે વર્ષથી ખાલી રહી છે. 99માંથી કચ્છમાં સૌથી વધુ 39 જગ્યાઓ ખાલી હતી. ત્યારબાદ અમરેલી અને બનાસકાંઠામાં 10-10 જગ્યાઓ ખાલી હતી. ગાંધીનગરમાં મંજૂર 51 સામે માત્ર છ જગ્યાઓ ખાલી છે. આ છમાંથી પાંચ લગભગ એક વર્ષથી અને એક બે વર્ષથી ખાલી છે.

સરકારે કહ્યું કે ડોકટરો તેમની પોસ્ટિંગ સ્વીકારવા તૈયાર નથી અને રાજીનામું આપશે. આ ઉપરાંત સ્પેશિયાલિસ્ટ ડોકટરો સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ રહ્યા છે. ડોક્ટરો મળશે તેના આધારે આ જગ્યાઓ ભરવામાં આવશે. જિલ્લા હોસ્પિટલના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે, ત્રણ વર્ષથી ગાયનેકોલોજિસ્ટની એક જગ્યા ખાલી છે અને ફુલ ટાઈમ ડોક્ટરો ન હોવાને લીધે હોસ્પિટલને પાર્ટ ટાઈમ ડોક્ટરોથી કામ ચલાવવું પડે છે. ઘણીવાર એવું બને છે કે, જે ડોક્ટર પેનલમાં હોય છે તે પોતાની હોસ્પિટલમાં વ્યસ્ત હોય છે, જેના કારણે જુનિયર ડોક્ટર સાથે તકરાર કરવી પડે છે.


અધિકારીએ ઉમેર્યું હતું કે, ડોક્ટરો ન હોવાને કારણે ગંભીર કેસો અમદાવાદ, વડોદરા, રાજકોટ કે સુરતની હોસ્પિટલોમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. પરંતુ ત્યાં ઓછામાં ઓછા એક ફુલ ટાઈમ સ્પેશિયાલિસ્ટ તો છે જ. ગાંધીનગરમાં એક પણ ખાલી જગ્યા નથી.

# પૂર્વ મુખ્ય સચિવ પંકજકુમાર લોકપાલમાં સભ્ય તરીકે નિમાયા

### 1986ની બેચના આઇએએસની રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂંક કરાઇ

ગુજરાત | વંદન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ ભારતના નવા લોકપાલ તરીકે સર્વોચ્ચ ન્યાયાલયના નિવૃત્ત ન્યાયાધીશ અજય માણિકરાવ ખાનવિલકરની નિમણૂક કરી છે. 27 મે 2022માં લોકપાલ પિનાકીન ચન્દ્ર ઘોષની મુદત પૂરી થયાનાં બે વર્ષ સુધી આ પદ ખાલી રહ્યા બાદ આ નિયુક્તિ કરવામાં આવી છે. જસ્ટિસ ખાનવિલકર જુલાઈ 2022માં નિવૃત્ત થયા હતા. આ સિવાય ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય સચિવ અને 1986ની બેચના આઈએએસ પંકજકુમારની પણ લોકપાલ કચેરીમાં ન્યાયિકોત્તર સભ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.



પંકજકુમાર ગયા વર્ષે જાન્યુઆરી માસમાં નિવૃત્ત થયા હતા. ન્યાયિક સભ્યો તરીકે રાષ્ટ્રપતિએ લોકપાલ કચેરીમાં હિમાચલપ્રદેશ હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ લિંગપ્પા સ્વામી, અલ્લાહાબાદ હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ સંજય યાદવ તથા કર્ણાટક હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ જસ્ટિસ ઋતુરાજ અવસ્થીની નિયુક્તિ કરી છે.

### લો ગાર્ડનની જેમ ખાણીપીણીના શોખીનો માટે વિકસિત કરાશે

# બાપુનગરમાં હેપી સ્ટ્રીટ-પાર્ટી પ્લોટની સુવિધા આકાર લેશે

ગુજરાત | વંદન

અમદાવાદને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે મ્યુનિસિપલ કોપોરેશનના સત્તાવાળાઓ દ્વારા માય સિટી, માય પ્રાઈડ અભિયાન હાથ ધરાયું છે. શહેરને વધુ ગ્રીનરીથી રળિયામણું બનાવવા માટે પણ તંત્ર ખાસ જહેમત ઉઠાવી રહ્યું છે.

ઉપરાંત વિવિધ સ્થળોએ આવેલાં તળાવોને પણ કરોડો રૂપિયાના ખર્ચે નવાં રંગરુપ આપવાની દિશામાં સત્તાધીશોએ આગેકૂચ આરંભી છે, જે અંતર્ગત બાપુગનરના લાલ બહાદુર શાસ્ત્રી તળાવ કે જે નમો વન તરીકે પણ ઓળખાય છે તેને વધુને વધુ લોકો માટે આનંદપ્રદ બનાવવાનાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે, જે અંતર્ગત લો ગાર્ડનની જેમ ખાણીપીણીના શોખીનો માટે હેપી સ્ટ્રીટ તેમજ પાર્ટી પ્લોટ વગેરે વિકસિત કરવામાં આવશે.

દરિયાપુર વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર નીરવ બક્ષીએ બજેટ બેઠક દરમિયાન તળાવોના નવીનીકરણ બાબતે મ્યુનિ. કોપોરેશનમાં પૂછેલા સવાલ હેઠળ મળેલા જવાબમાં ઉપરોક્ત માહિતી મળવા પામી છે. ઉત્તર ઝોનમાં તંત્ર હસ્તક કુલ ત્રણ તળાવ છે, જેમાં લાલ બહાદુર શાસ્ત્રી તળાવ, કારિયા લેક અને સૈજપુર તળાવનો સમાવેશ થાય છે. સૈજપુર તળાવમાં વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ. ૨૩ લાખના ખર્ચે સ્ટ્રોમ વોટર લાઈન નાખવામાં આવી હતી, જ્યારે બાપુનગરના લાલ બહાદુર શાસ્ત્રી તળાવને નમો વન તરીકે વિકસિત કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

બાપુનગરમાં આવેલું લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિયમ (તળાવ) ટીપી સ્કીમ નં. ૧૧, ફાઈનલ પ્લોટ નં. ૨૬૮, રેફરન્સ સર્વે નં. ૨૭૯+૨૮૧ માં આવેલું છે.




ગત ૨૬ ઓગસ્ટ, ૨૦૦૮ના રોજ રાજ્ય સરકારના હુકમથી તે મ્યુનિસિપલ કોર્પોરેશનને ૯૯ વર્ષના ભાડાપેટે આપવામાં આવ્યું હતું. સ્ટેડિયમનું ક્ષેત્રફલ આશરે ૨,૬૩,૬૭૦ ચોરસ મીટર છે, જ્યારે તળાવનું ક્ષેત્રફળ અંદાજે ૧,૨૧,૭૩૩ ચોરસ મીટર છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩માં તળાવને ખાલી કરી તેની ફરતે આરસીસીની રિટેનિંગ વોલ બનાવાઈ હતી. ઉપરાંત તળાવમાં ખોડિયાર મંદિર બાજુએથી અને મરઘા ફાર્મ બાજુએથી ચોમાસાની ઋતુ સિવાય તળાવમાં આવતાં ડ્રેનેજના પાણીને વાલ્વ મુકીને બંધ કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૧માં જન્મદિન નિમિત્તે લાલ બહાદુર તળાવ ખાતે મિશન મિલિયન ટ્રી અંતર્ગત નરેન્દ્ર મોદી વન માં મિયાવાકી પદ્ધતિથી ૭૧ હજાર રોપાનું વૃક્ષારોપણ કરાયું હતું. વર્ષ ૨૦૨૨-૨૩માં લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિયમને નમો વન તરીકે ડેવલપ કરવાનું આયોજન હાથ ધરાયું હતું. વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

સ્ટેડિયમને નમો વન તરીકે વિકસિત કરવાના ફેસ-૧ અંતર્ગત લો ગાર્ડનની જેમ હેપી સ્ટ્રીટ ડેવલપ કરીને ખાણીપીણીના રસિયાઓ માટે અનોખું સ્થળ ઉભું કરાશે. ઉપરાંત ઓપન જિમ અને ચિલ્ડ્રન પ્લે એરિયા, રિક્રિયેશન પ્લાઝા, તળાવની વચ્ચે આવેલા એરિયાને ડેન્સ ફોરેસ્ટ તરીકે વિકસિત કરવો, હયાત મંદિરનું ડેવલપ, સ્ટેડિયમની ફરતે લાઈટ, આકર્ષક ગાર્ડન અને પાર્ટી પ્લોટને ડેવલપ કરવામાં આવશે.

### ઠંડી,ગરમી અને હવે વરસાદનો અનુભવ થઇ શકે

# રાજ્યમાં માર્ચ મહિનાના આરંભે જ માવઠાની આગાહી કરવામાં આવી

ગુજરાત | વંદન

માવઠાની ભીતિએ વધુ એક વખત ખેડૂતોની ચિંતા વધારી છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ 1 અને 2 માર્ચે ગુજરાત રાજ્યમાં માવઠાની શક્યતા છે. પવનની દિશા બદલાઈને ઉત્તર પશ્ચિમ અથવા ઘણી જગ્યાએ પશ્ચિમના પવનો ફૂંકાશે. ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, પાટણ, બનાસકાંઠા, મહેસાણા આ ચાર જિલ્લામાં માવઠાની શકયતા છે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ ગુજરાતમાં પવનના તોફાનો, વંટોળ, દરિયા કિનારેના પવન, કમોસમી વરસાદની આગાહી કરી છે. અંબાલાલભાઈએ કરેલી આગાહી અનુસાર 15 માર્ચ સુધી રાજ્યના વાતાવરણમાં મોટો પલટો આવશે. ગુજરાતમાં 1થી



5 માર્ચ વચ્ચે પવન સાથે કમોસમી વરસાદ ત્રાટકી શકે છે. કચ્છ, ઉત્તર સૌરાષ્ટ્ર, સુરેન્દ્રનગર, અમદાવાદ, બનાસકાંઠામાં માવઠું પડી શકે છે.

કચ્છ જિલ્લામાં 1 અને 2 માર્ચે સમગ્ર જિલ્લામાં માવઠું વરસી શકે છે. અન્ય વિસ્તારમાં હવામાન પલટો જોવા મળશે, છુટાછવાયા વરસાદ જોવા મળી શકે છે. પશ્ચિમ સૌરાષ્ટના ભાગો જેમકે દ્વારકા, જામનગર, પોરબંદરમાં હળવા ઝાપટા પડી શકે છે. મોરબીમાં ઘટાટોપ વાદળ બંધાવાથી વરસાદી છાંટા પડી શકે છે. કચ્છ, ઉત્તર સૌરાષ્ટ્ર, સુરેન્દ્રનગર, અમદાવાદ, બનાસકાંઠા જેવા વિસ્તારોના હવામાનમાં મોટા ફેરફાર જણાશે. આ દિવસોમાં પવનનું જોર પણ રહેશે. 10 માર્ચ થી 12 માર્ચમાં મોટા ફેરફાર થશે

# અમદાવાદ શહેરમાં નવા ૭,૬૯૩ સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ નાખવામાં આવ્યાં


### મ્યુ. કોર્પો.એ સ્ટ્રીટ લાઈટના નવા થાંભલા માટે 33.64 કરોડનો ખર્ચ કર્યો....

ગુજરાત | વંદન

મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા નગર એટલે કે નળ, ગટર, રસ્તા હેઠલ કરોડો રૂપિયાના ખર્ચે પ્રાથમિક સુવિધાઓનાં કામો દર વર્ષે હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત સત્તાધીશો શહેરના રોડ પર નવા નવા સ્ટ્રીટ લાઈટના પોલ ઉભા કરી રહ્યાં છે. સ્ટ્રીટ લાઈટનાં આ કામોમાં તંત્રએ ઝળહળતી સફળતા પણ મેળવી છે.

શહેરના નવા બનતા ટીપી રોડ કહો કે અન્ય નવો સમાવેશ ધરાવતો વિસ્તાર ગણો, પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશને તમામ સ્થળોએ નવા સ્ટ્રીટ લાઈટના પોલ તેજ ગતિથી ઉભા કરી તેનો પ્રકાશ શહેરીજનોને આપવા માટે મક્કમતા દાખવી છે, જેના કારણે છેલ્લાં ૩૪ મહિનાના ટૂંકા સમયગાળામાં પણ અમદાવાદના વિભિન્ન ટીપી રોડ તેમજ સોસાયટીઓમાં ૨૫ હજારથી પણ વધુ નવા સ્ટ્રીટ લાઈટના પોલ ઉભા થઈ ચૂક્યા છે અને આ તમામ સ્ટ્રીટ લાઈટના નવા પોલનો લાભ લોકો લઈ રહ્યાં છે.

મ્યુનિસિપલ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી શહેરના રોડ-સોસાયટી વિસ્તારમાં નવા ઉભા કરાયેલા સ્ટ્રીટ લાઈટના પોલ અંગેની વિસ્તૃત માહિતી આપતાં કહે છે કે વર્ષ ૨૦૨૧-૨૨માં ટીપી રોડ પર નવા ૭૬૯૩ સ્ટ્રીટ લાઈટના પોલ ઉભા કરાયા હતા.



આ સ્ટ્રીટ લાઈટના નવા પોલ ઉભા કરવા પાછળ મ્યુનિ. તિજોરીમાંથી રૂ. ૨૫,૧૪,૧૮,૮૧૨ ખર્ચાયા હતા.

જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં શહેરના રોડ પર ઉભા કરાયેલાં સ્ટ્રીટ લાઈટના નવા પોલની સંખ્યા ૧૦ હજારના આંકડાને પાર કરી ગઈ હ તી. તે નાણાકીય વર્ષમાં તંત્રએ કુલ ૧૦,૦૮૯ સ્ટ્રીટ લાઈટના પોલ ઉભા કરી તેની રોશનીથી વિવિધ ટીપી રોડને ઝળહળતા કર્યા હતા. આ કામગીરી પાછળ મ્યુનિસિપલ તંત્રએ રૂ. ૩૦,૧૬,૯૪,૩૬૫નો ખર્ચ કર્યો હતો તેમ પણ મ્યુનિ. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી વધુમાં જણાવે છે.

ચાલુ નાણાકીય વર્ષ એટલે કે ૨૦૨૩-૨૪ દરમિયાન તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ની સ્થિતિ સુધીમાં ટીપી રોડ પર નંખાયેલા સ્ટ્રીટ લાઈટના નવા પોલ અંગેની માહિતીના મામલે ચેરમેન દાણી કહે છે કે તા. ૧ એપ્રિલ, ૨૦૨૩થી તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ એટલે કે છેલ્લા ૧૦ મહિનામાં મ્યુનિસિપલ સ્ટ્રીટ લાઈટ વિભાગે વધુ ૭૮૦૨ સ્ટ્રીટ લાઈટના નવા પોલને રૂ. ૩૩,૬૪,૮૨,૫૨૦ના ખર્ચે ઉભા કર્યા છે.

# બ્રાહ્મણોને રાજકીય, સામાજિક, આર્થિક લાભ આપવા વર્લ્ડ ઓર્ગેનાઈઝેશનની હાકલ

### અમદાવાદ ખાતે યોજાઈ વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશનની સામાન્ય બેઠક....

ગુજરાત | વંદન

અમદાવાદ ખાતે વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશન દ્વારા 'સંસ્કારનું સાતત્ય' વિષય પર પરિસંવાદ અને સામાન્ય બેઠકનું આયોજન કરાયું હતું. મોંઘીદાટ ટ્યૂશન પદ્ધતિથી છૂટકારો મેળવવા ધો-1થી 12 ગુજરાતી, અંગ્રેજી માધ્યમનું શિક્ષણ આપતી એપ, લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓ માટે લગ્નબંધન પ્રીમિયમ ફ્રી એપ લોન્ચ કરવામાં આવી હતી જ્યારે બ્રહ્મ પરિવાર માટે મફત કિડની ડાયાલિસિસની સુવિધાનો પ્રારંભ કરવાની જાહેરાત કરાઈ હતી.

કાર્યક્રમમાં વિશ્વમાં વસતા તમામ બ્રાહ્મણોને એક કરવા, શિક્ષણને પ્રોત્સાહન આપવું, સશક્તિકરણ, યોગ્ય જીવનસાથી




મળે તેવી વ્યવસ્થા કરવી, આર્થિક રીતે સદ્ધર ન હોય તેવા બ્રાહ્મણોને મદદરૂપ થવું, આરોગ્ય સુવિધા પૂરી પાડવી, કર્મકાંડી બ્રાહ્મણને યોગ્ય વળતર આપવું, આત્મનિર્ભરોને પ્રોત્સાહન અને સમાન તકો આપવા જેવા ઓર્ગેનાઈઝેશનના મુખ્ય નવ મુદ્દાની ચર્ચા કરાઈ હતી. પ્રેમ લગ્નના કિસ્સામાં માતા-પિતાની સંમતિ હોવી જોઈએ તેવો કાયદો સરકાર દ્વારા ઘડાશે તો બ્રહ્મસમાજ સમર્થન આપશે

ઓર્ગેનાઈઝેશનના ચેરમેન હેમાંગ રાવલે ગુજરાતમાં બ્રાહ્મણોની ૭૦ લાખ વસતિને ધ્યાનમાં રાખીને દરેક રાજકીય પક્ષો ચૂંટણીમાં બ્રહ્મસમાજને ટિકિટમાં પ્રાધાન્યતા આપે તેવી અપીલ કરી હતી. કાર્યક્રમનો પ્રારંભ ધ્વનિ વ્યાસે ગણેશ વંદના સાથે કરાવ્યો હતો જ્યારે દીપ પ્રાગટ્ય નિલેશભાઈ જોષી, ઉમેશભાઈ જોષી, ડોલીબેન દવે સહિતના મહાનુભાવોએ કર્યો હતો. કાર્યક્રમમાં રાજ્યભરમાંથી તાલુકા-જિલ્લાના બ્રહ્મબંધુ અને ભગીની ઉપરાંત મહેમાન તરીકે નિવૃત્ત ન્યાયાધીશ રવિકુમાર ત્રિપાઠી, જીટીપીએલ ચેનલ હેડ દેવાંગ ભટ્ટ, બ્રહ્મઅગ્રણી જગત શુક્લ, વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશનના ચેરમેન હેમાંગ રાવલ, પારૂલ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પવન દ્વિવેદી, નિકોલમાં કિડની ડાયાલિસિસની નિઃશુલ્ક સેવા આપતા ડૉ. રાજેન્દ્ર વ્યાસ તેમજ અન્ય ક્ષેત્રોમાં સેવા આપનારા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન નીરવ વ્યાસે કર્યું હતું.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

## સંપાદકીય....

# વેલ, ભાવિ ગગનવીરને અભિનંદન... વિકસિત ભારતનું ગગનયાન ઉડાન ભરવા તૈયાર છે-રેડી...સેટ...ગો....!



ભારતના પ્રથમ અંતરિક્ષયાત્રી રાકેશ શર્મા રાજી થશે કે તેમના પછી હવે અન્ય એક ભારતીય અંતરિક્ષમાં જવા માટે તૈયાર છે. ભારતના અંતરિક્ષયાત્રીને લઇ જવા ગગનયાન તૈયાર છે અને તેમાં બેસીને અંતરિક્ષમાં પહોંચનાર ગગનવીરો પણ તૈયાર છે.ચાર ગગનવીરોને તાલીમ લઇને તૈયાર છે અને હવે તેમાંથી કોઇ એકની પસંદગી થતાં ઇસરોના ગગનયાનમાં બેસીને ગગનવીર અંતરિક્ષમાં જઇને વડાપ્રધાન દ્વારા પૂછાનાર સવાલનો જે જવાબ આપશે તે ઇતિહાસમાં નોંધાઇ જશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગગનયાનના ચાર અંતરિક્ષશયાત્રીઓને પ્રતિકરૂપે અવકાશયાત્રી પાંખો પહેરાવી હતી. આ ચાર અંતરિક્ષયાત્રીઓના નામ જાહેર થયા છે. આ ચારે ચાર ભારતીય વાયુસેનાના ટેસ્ટ પાઈલટ છે. તેમના નામ ગ્રુપ કેપ્ટન પ્રશાંત નાયર, અંગદ પ્રતાપ, અજીત કૃષ્ણ અને વિંગ કમાન્ડર શુભાંશુ શુક્લા છે.

વડાપ્રધાન દ્વારા ઈસરોની કચેરીની મુલાકાત લઈને આ ચારને દુનિયા સમક્ષ રજૂ કર્યા. આ ચારે યુવા પાયલોટોએ દેશના તમામ પ્રકારના ફાઈટર જેટ ઉડાવ્યા છે. આ ચારેય દરેક પ્રકારના ફાઈટર જેટની ખામીઓ અને ખાસિયતો જાણે છે અને હજાર કલાક કરતાં વધુનં ઉડાન કર્યું છે. તેથી આ ચારને ગગનયાન અવકાશયાત્રી તાલીમ માટે પસંદ કરવામાં આવ્યા છે. તેમને ભારતના મિત્રરાષ્ટ્ર રશિયામાં તાલીમ આપવામાં આવી છે. અને હાલમાં બેંગલુરુમાં અંતરિક્ષયાત્રી તાલીમ સુવિધા કેન્દ્રમાં તાલીમ ચાલી રહી છે.

3 એપ્રિલ 1984ના રોજ ભારતના પ્રથમ અંતરિક્ષ યાત્રી રાકેશ શર્મા રશિયાના સોયુઝ ચી-11 .નમાં સવાર થઈને અંતરિક્ષમાં પહોંચતા ભારતે અંતરિક્ષક્ષેત્રે એક નવો ઈતિહાસ રચ્યો હતો. રાકેશ શર્માની વય હાલ 75 વર્ષના છે અને જ્યારે ગગનવીર અંતરિક્ષમાં જશે ત્યારે એ કાર્યક્રમ વખતે તેમને હાજર રખાય એવી શક્યતા છે. તેમની સાથે એક પ્રસંગ પણ ઈતિહાસમાં નોંધાયેલો છે. અંતરિક્ષમાં પહોંચ્યા બાદ તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ તેમને પૂછ્યું હતું કે અંતરિક્ષમીંથી આપણું ભારત કેવુ લાગે છે? ત્યારે રાકેશ શર્માએ ઉચ્ચારેલા શબ્દો સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા....ઈતિહાસમાં નોંધાઇ ગયા હતા. એમ ગગનવીરને પણ ભારત સંબંધિત કોઇ પ્રશ્ન કરવામાં આવે તો નવાઇ નહીં.

સવાલ-જવાબ થાય કે ન થાય પણ આખી દુનિયાએ નોંધ લીધી કે ભારતે ચંદ્ર પર ચંદ્રયાન-3 સફળતાપૂર્વક ઉતાર્યા બાદ હવે અંતરિક્ષમાં પણ માનવીને મોકલવાની તૈયારીમાં છે. આયોજન તો ત્યાં સુધીનું છે કે અમેરિકા-રશિયાની જેમ ભારતનું પોતાનું સ્પેસ સ્ટેશન હશે અને માનવજાતના કલ્યાણ માટે ભારત પણ પોતાના અલાયદા સ્પેસ સ્ટેશનમાં વિવિધ પ્રયોગો કરશે. બની શકે કે વિક્સિત ભારતના સ્પેસ સ્ટેશનમાં અન્ય દેશના અંતરિક્ષયાત્રી પણ તાલીમ માટે પહોંચશે. અને આજે જેમ અમેરિકા-રશિયા-ચીનના અંતરિક્ષયાત્રીઓ સ્પેસ સ્ટેશનમાં કાર્યરત છે તેમ ભારતના સ્પેસ સ્ટેશનમાં આફ્રિકાના વિકાસશીલ દેશોના અંતરિક્ષયાત્રીઓ કાર્યરત હશે.

કાંઇ પણ અશક્ય નથી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે તેમ ભારતે હવે નાના નાના સપનાઓ જોવાનું બંધ કરી દીધુ છે. ભારત હવે વિક્સિત દેશની જેમ મોટા સપનાઓ જોઇ રહ્યું છે અને તેને પૂરા કરવાના પ્રયાસો કરી રહ્યું છે. સમય આવશે ત્યારે 2047માં ભારતના વિઝા માટે લાઈનો લાગશે અને ભારતનો રૂપિયો ડોલર કરતાં પણ આગળ નિકળી ગયો હશે. સપને કો હકીકત મેં બદલતે હૈ...ઈસલિયે તો હમ મોદી કો ચુનતે હૈ...!!

જરા વિચારીએ કે આપણાં ભાવિ ગગનવીરને શું પૂછવુ જોઈએ- અંતરિક્ષમાંથી ભારત કેવુ લાગે છે.... પૃથ્વીના અન્ય દેશો કરતાં ભારતની શી વિશેષતા દેખાય છે...કલાઈમેટ ચેન્જની અસર વર્તાય છે...એવા જનરલ સવાલો હોઈ શકે. પણ ખરો સવાલ તો જ્યારે પૂછાશે ત્યારે તે સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં.... ની જેમ ઈતિહાસમાં અંકિત થઇ જશે.. વેલ, ભાવિ ગગનવીરને અભિનંદન... વિક્સિત ભારતનું ગગનયાન અંતરિક્ષમાં હરણફાળ ભરવા તૈયાર છે-રેડી...સેટ... ગો....ઝુઉઉઉઉઉઉઉઉઉઉઉઉ....મ...!

### પુતિનને એમ હતું કે યુક્રેન બકરીનું બચ્ચુ છે, દોડીને પકડી લઇશ...પણ...તે સિંહ નિકળ્યું....

# રશિયા-યુક્રેન યુદ્ધને બે વર્ષ પૂર્ણ થયા: શું મળ્યું? તબાહી કે સિવા ઔર કુછ નહીં..!!

### 5 લાખ જિંદગીઓ ખતમ થઇ ગઇ, લાખો બેઘર અને અનાથ બની ગયા...છતાં હજુ બન્ને તરફ મિસાઈલો ગરમ છે

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com



ફિલ્મોમાં હાસ્ય કલાકાર તરીકે કામ કરીને પેટિયુ રળનાર ઝેલેન્સ્કી નામના એક કલાકારને સ્વપ્નેય ખ્યાલ નહીં હોય કે એક દિવસ તે કોઇ દેશના રાષ્ટ્રપતિ બનશે અને કોઈ એક દેશના વડા બન્યા બાદ મોટા દેશ સાથે યુધ્ધમાં ઉતરવુ પડશે. રશિયાને અડીને આવેલા યુક્રેનની પ્રજાએ ભ્રષ્ટ્રાચારી શાસકોથી કંટાળીને ઝેલેન્સ્કી નામના કોમેડીયનની રાષ્ટ્રપતિ પદ માટે પસંદગી કરી અને તેમના રાષ્ટ્રપતિ બનતા જ રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો. હાસ્ય કલાકારમાંથી ઝેલેન્સ્કીને યુધ્ધ નેતા બનવાની ફરજ પડી છે અને તેમને ડર છે કે રશિયા ગમે ત્યારે તેને દગાથી ખતમ કરી નાંખશે.

રશિયા-યુક્રેન યુદ્ધને બે વર્ષ વીતી ગયા છે, પરંતુ તે હજુ નિર્ણાયક તબક્કે પહોંચી શક્યું નથી. ઝેલેન્સ્કીને ડર છે કે મે માસમાં રશિયા સૌથી મોટો હુમલો કરશે. અલબત યુક્રેન રશિયાની સામે ટકી રહ્યું તેની પાછળ અમેરિકાનો સંપૂર્ણ ટેકો છે. આ યુદ્ધથી માનવતાને સતત નુકસાન થઈ રહ્યું છે અને યુક્રેન સંપૂર્ણ વિનાશના આરે પહોંચી ગયું છે. રશિયાને પણ કાંઇ ઓછું નુકસાન થયું નથી. યુક્રેનની સાથે ઉભેલા અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને હાલમાં જ રશિયા પર 500 થી વધુ નવા પ્રતિબંધો લગાવ્યા છે.

બ્રિટન અને યુરોપિયન યુનિયને પણ રશિયા પર નવા પ્રતિબંધોની જાહેરાત કરી છે, પરંતુ અત્યારે આ લડાઈ અટકતી હોય તેમ લાગતું નથી. 24 ફેબ્રુઆરી 2022થી શરૂ થયેલા આ યુદ્ધે અત્યાર સુધી તબાહી અને તબાહી જ મચાવી છે.નોંધનીય બાબત એ પણ છે કે યુક્રેન યુધ્ધ બાદ 7 ઓક્ટોબર, 2023થી હમાસ અને ઈઝરાયલ વચ્ચે શરૂ થયેવી લડાઈ હજુ ચાલી રહી છે.

ભલે રશિયાએ 24 ફેબ્રુઆરી 2022ના રોજ યુક્રેન પર હુમલો કર્યો, પરંતુ તેની વાર્તા 2014માં શરૂ થઈ, જ્યારે રશિયાએ યુક્રેન પાસેથી ક્રિમિયા નામનો પ્રદેશ છીનવીને તેના પર કબજો જમાવ્યો. ડોનબાસમાં લશ્કરી હસ્તક્ષેપ પણ હતો. પછી 2020માં, એલેક્સી નેવલની પર નર્વ એજન્ટથી હુમલો કરવામાં આવ્યો અને બીજા જ વર્ષે તેની ધરપકડ કરવામાં આવી. અને હાલમાં જ જેલની અંદર રહસ્યમય સંજોગોમાં તેનું મોત થઇ ગયું અને પુતિનની સામે આંગળી ચિંધવામાં આવી કે તેમના ઈશારે જેલમાં તેમને ખતમ કરી દેવામાં આવ્યો.

જો કે યુક્રેનને લઈને રશિયામાં ઉઠેલા અવાજોને પહેલાથી દબાવી દેવામાં આવ્યા છે, પરંતુ યુદ્ધ શરૂ થયા બાદ તેમાં વધુ વધારો થયો છે. આના કારણે રશિયાને વાસ્તવિક નુકસાનના આંકડા જાહેર નથી થઈ રહ્યા. તેમ છતાં, રશિયા અને યુક્રેન એકબીજાને મહત્તમ નુકસાન પહોંચાડવાનો દાવો કરી રહ્યાં છે.

રશિયા આ યુદ્ધને એકદમ સરળ માની રહ્યું હતું. તેમનો અંદાજ હતો કે હુમલો કરીને ક્રિમિયાની જેમ યુક્રેનની રાજધાની કિવને જલદીથી કબજે કરી લેવામાં આવશે પરંતુ એવું થયું નહીં. હરીફાઈમાં યુક્રેન હિંમતભેર આગળ આવ્યું અને કિવને કબજે કરવાના રશિયાના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા. એ બીજી વાત છે કે રશિયાએ યુક્રેનના ચાર વિસ્તારો પર કબજો જમાવ્યો છે. યુક્રેનની નેશનલ પોલીસનો દાવો છે કે 30 હજારથી વધુ સામાન્ય યુક્રેનિયનો તેમના ઘરેથી ગુમ છે. તે હજુ સુધી તેના પરિવારના સભ્યોનો સંપર્ક કરી શક્યો નથી.

યુક્રેનના ઘણા શહેરો નાશ પામ્યા હતા, રશિયન શહેરોને પણ નુકસાન થયું હતું આ યુદ્ધ યુક્રેન માટે મૃત્યુ અને વિનાશ લઈને આવ્યું છે, તો તેના કારણે રશિયન સેનાને પણ ઘણું નુકસાન થયું છે. યુક્રેનના શહેરો બરબાદ થઈ ગયા છે ત્યારે રશિયાના ઘણા શહેરો પણ તોપમારો તેમજ ડ્રોન હુમલાનો શિકાર બન્યા છે. જેમ જેમ સેનાની તાકાત ઘટતી જાય છે તેમ તેમ લાખો રશિયન યુવાનોની સેનામાં ભરતી કરવામાં આવી રહી છે.

રશિયાને સૌથી વધુ નુકસાન વેગનર જૂથના લડવૈયાઓએ બળવો કર્યો હતો. પછી આ જૂથના નેતા, યેવજેની પ્રિગોઝિન, જે એક સમયે વ્લાદિમીર પુતિનની ખૂબ નજીક માનવામાં આવતા હતા, કથિત રીતે વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા હતા. વધુમાં, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે યુદ્ધ અપરાધ કેસમાં રશિયન રાષ્ટ્રપતિ વિરુદ્ધ ધરપકડ વોરંટ પણ જારી કર્યું હતું. વ્લાદિમીર પુતિનના સૌથી મોટા ટીકાકાર એલેક્સી નેવલનીનું મૃત્યુ પણ માનવતા માટે મોટી ખોટ ગણી શકાય.

આ યુદ્ધની બીજી વર્ષગાંઠ પર, જ્યારે રશિયન દળો એકસાથે સમગ્ર યુક્રેન સરહદ પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે આ બે વર્ષમાં થયેલા નુકસાન માત્ર દાવાઓ સુધી મર્યાદિત છે. 22-24 ફેબ્રુઆરીના રોજ, યુક્રેનની સેનાએ દાવો કર્યો હતો કે ફેબ્રુઆરી 2022 થી આ યુદ્ધમાં 407,240 રશિયનો માર્યા ગયા છે. તેમાંથી માત્ર છેલ્લા 24 કલાકમાં 1160 લોકોના મોત થયા છે.

તે જ સમયે, આના એક દિવસ પહેલા રશિયાના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો હતો કે એક દિવસ પહેલા 1200 યુક્રેનિયન સૈનિકો માર્યા ગયા હતા. જો કે, મોસ્કોએ યુક્રેન દ્વારા સહન કરાયેલ કુલ માનવ નુકસાનની જાહેરાત કરી નથી.

આ મુદ્દે યુક્રેન સંબંધિત મુદ્દાઓ પર અમેરિકન વાટાઘાટકાર કર્ટ વોલ્કરે કહ્યું કે બંને તરફથી કેટલા લોકોના મોત થયા છે તે જાણવું અશક્ય છે. વાસ્તવિક સંખ્યા શું છે તે કોઈને ખબર નથી. તે જ સમયે, યુક્રેન દ્વારા પ્રદાન કરવામાં આવેલા ડેટા પર, લંડનમાં રોયલ યુનાઈટેડ સર્વિસિસ ઈન્સ્ટિટ્યૂટ થિંક ટેન્કના રિસર્ચ ફેલો નિક રેનોલ્ડ્સ કહે છે કે તે સંપૂર્ણપણે સ્પષ્ટ નથી કે યુક્રેનની સેના નુકસાનના આંકડા કેવી રીતે અપડેટ કરે છે. જો કે, જો તેમાં ગુમ થયેલા અને માર્યા ગયેલા તમામ રશિયન લડવૈયાઓની સાચી સંખ્યા શામેલ હોય તો તે બુદ્ધિગમ્ય છે.

તે જ સમયે, અમેરિકન અધિકારીઓએ ગયા વર્ષે ઓગસ્ટમાં દાવો કર્યો હતો કે બંને

(અનુસંધાન પેજ-6 ઉપર)

## ધર્મ

# ભગવાન ભોલેનાથને પ્રસન્ન કરવાનો દિવસ એટલે મહાશિવરાત્રિ...



મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ભગવાન શિવની વિશેષ પૂજા કરવામાં આવે છે અને આ તહેવારનું હિન્દુ ધર્મમાં ઘણું મહત્વ છે. ભગવાન ભોલેનાથને પ્રસન્ન કરવા માટે ભક્તો આ શુભ દિવસે વ્રત રાખે છે, પરંતુ મહાશિવરાત્રિનું વ્રત રાખનારા લોકોએ કેટલીક મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ, નાની ભૂલના કારણે તમારું વ્રત અધૂરું રહી શકે છે. એવું માનવામાં આવે છે કે સાચા અને સ્થિર મનથી ભગવાન શિવની પૂજા કરવાથી દરેક મનોકામના પૂર્ણ થાય છે. જો તમે પણ મહાશિવરાત્રિનું વ્રત કરવાના છો તો જાણો વ્રત દરમિયાન શું ખાવું અને શું ન ખાવું...

પંચાંગ અનુસાર, ફાલ્ગુન મહિનાના કૃષ્ણ પક્ષની ચતુર્દશી તિથિ 8 માર્ચ, 2024 ના રોજ રાત્રે 09:57 વાગ્યે શરૂ થશે અને 9 માર્ચ, 2024 ના રોજ સાંજે 06:17 વાગ્યે સમાપ્ત થશે. મહાશિવરાત્રિની પૂજા ફક્ત નિશિતા સમયગાળા દરમિયાન કરવામાં આવે છે અને નિશિતા સમયગાળાનો શુભ સમય 8 માર્ચે સવારે 12:05 વાગ્યાથી શરૂ થાય છે અને 12:56 સુધી ચાલશે. આ વખતે નિશિતાનો સમયગાળો માત્ર 51 મિનિટનો રહેશે. તેથી, આ વખતે મહાશિવરાત્રી પર્વનું વ્રત અને પૂજા 8 માર્ચ, 2024, શુક્રવારના રોજ કરવામાં આવશે.શાસ્ત્રોના જાણકારો કહે છે કે, જે લોકો મહાશિવરાત્રિ પર ઉપવાસ કરે છે તેઓ ઉપવાસ દરમિયાન સફરજન, કેળા, નારંગી, દાડમ વગેરેનું સેવન કરી શકે છે. તેનાથી શરીરની એનર્જી જળવાઈ રહે છે અને પેટ પણ ભરેલું રહે છે. આ સિવાય ઉપવાસ કરનારા લોકો ધાણા, જીરું અને વરિયાળી જેવા અનાજનું સેવન પણ કરી શકે છે.

શિવરાત્રિના દિવસે વ્રત પ્રમાણે પાણીનું સેવન કરવામાં આવે છે, જેનું વ્રતનું મહત્વ છે. શિવરાત્રિના દિવસે ભોજનમાં અત્યંત સંયમ જાળવવામાં આવે છે, જ્યારે કેટલાક ખાસ પ્રકારના ઉપવાસના ખોરાકનું સેવન કરી શકાય છે, જેમ કે સાબુદાણાની ખીચડી અથવા ફળોનો ખોરાક. શિવરાત્રીના દિવસે ભગવાન શિવની પૂજા-અર્ચના કરવામાં આવે છે, જેમાં શિવલિંગનો અભિષેક અને પ્રાર્થના અવશ્ય કરવામાં આવે છે.

મહાશિવરાત્રીના ઉપવાસ દરમિયાન થંડાઈ પી શકો છો. તેઓ પેટની ગરમીને દૂર કરવામાં પણ મદદ કરે છે. શિવભક્તોને થંડાઈનો પ્રસાદ પણ વહેંચવામાં આવે છે. જો તમે ઈચ્છો તો તમારા મનપસંદ ફળ પ્રમાણે થંડાઈ બનાવી શકો છો. ઉપવાસ દરમિયાન તમે ઘઉંના લોટમાંથી બનેલી વસ્તુઓ ખાઈ શકો છો. તમે હલવો, પુરી કે પરાઠા બનાવીને આ લોટ સાથે ખાઈ શકો છો. ઉપવાસ દરમિયાન આ ખાવાથી તમે નબળાઈ અનુભવશો નહીં. ઉપવાસ દરમિયાન ડ્રાયફ્રૂટ્સ ખાવાની સલાહ આપવામાં આવે છે. મહાશિવરાત્રીના વ્રત દરમિયાન કાજુ, કિસમિસ, બદામ, મખાના વગેરે ખાઈ શકાય છે. મહાશિવરાત્રીના ઉપવાસ દરમિયાન તમે સાબુદાણાની ખીચડી, લાડુ, હલવો ખાઈ શકો છો.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

# કોંગ્રેસથી કમલમ્ તરફ, ભાજપ વધે લોકસભા તરફ...!

## ચૂંટણીમંથન

લોકસભાની ચૂંટણીઓ નજીકમાં છે ત્યારે ગુજરાતમાં ભાજપે ફરીથી 26 બેઠકો અંકે કરવાની ચૂંટણી રણનીતિના ભાગરૂપે ખાસ કરીને કોંગ્રેસની આદિવાસી મત બેંકને નબળી પાડવા કોંગ્રેસમાંથી આદિવાસી નેતાઓની શરૂ કરેલી ભરતીમાં હાલમાં કોંગ્રેસના વરિષ્ઠ અને આદિવાસી નેતા નારણ રાઠવાએ વિધવત કેસરી ખેસ પહેરી લીધો છે, નારણ રાઠવાની પાછળ-પાછળ અપેક્ષાકૃત તેના દિકરા સંગ્રામ અને અન્ય કોંગ્રેસી આગેવાનો પણ ભરતી મેળામાં ભાજપમાં ભળી ગયા છે. નારણ રાઠવાને બે ટર્મ રાજ્યસભામાં સાંસદનું પદ મળ્યુ અને પાંચ વર્ષ રેલમંત્રી તરીકે યુપીએ સરકારમાં પદ મેળવ્યું હતું. અને હવે કોંગ્રેસ છોડીને સત્તા માટે પક્ષપલટો કર્યો છે. ગુજરાતમાં આદિવાસીઓનું હિત કોની સાથે છે? આ પાયાનો પ્રશ્ન ફરી એકવાર રાજકારણમાં પૂછવાની સ્થિતિ ઉભી થઈ છે. કોંગ્રેસના વરિષ્ઠ અને આદિવાસી નેતા નારણ રાઠવાએ વિધવત કેસરી ખેસ પહેરી લીધો. નારણ રાઠવાની પાછળ-પાછળ અપેક્ષાકૃત તેના દિકરા સંગ્રામ અને અન્ય કોંગ્રેસી આગેવાનો પણ ભરતી મેળામાં ભાજપમાં ભળી ગયા. ભાજપમાં જોડાતી વખતે અગાઉ જે નેતાઓ પાર્ટીની વિરૂધ્ધ વાત કરતા આવ્યા છે તે જ વાત નારણ રાઠવાએ કરી.

**ગુજરાતમાં કોંગ્રેસને તેના નેતાઓએ જ ખોખલી કરી નાંખી**

કોંગ્રેસની કોઈ એક સમયની મજબૂત મતબેંક એટલે આદિવાસી મતબેંક અને એ મતબેંકને જાળવી રાખતા ઘણા મોટા નેતાઓ ભાજપ સાથે જોડાઈ ચુક્યા છે. છોટાઉદેપુર સહિત સમગ્ર આદિવાસી પટ્ટામાં રાઠવા ત્રિપુટી તરીકે નારણ રાઠવા, સુખરામ રાઠવા અને મોહન રાઠવા સારુ એવું વર્ચસ્વ ધરાવે છે.

ભાજપનું ગુજરાતની તમામ 26 બેઠકો 5 લાખથી વધુ મતોથી જીતવાનું સ્વપ્ન અને આ વખતે 400 પારના લક્ષ્યાંકની પાર પાડવાનું આયોજન થઈ રહ્યું છે. તો સવાલ એક જ આવીને ઉભો રહે છે કે જેના માટે આ કવાયત થઈ રહી છે તે આદિવાસી સમુદાય ક્યાં ઉભો છે?. આપણે જેને મૂળ નિવાસી કહીએ છીએ એવો આદિવાસી સમાજ આઝાદીના 7 દાયકા પછી સામાજિક અને આર્થિક રીતે કેટલો સશક્ત થયો.

જે કોંગ્રેસી આદિવાસી નેતાઓ છે તે પક્ષપલટો કરી રહ્યા છે ત્યારે આ માત્ર બનવાજોગ છે કે પછી આદિવાસી સમુદાય શિક્ષણ મેળવીને વધુ વિચારતો થયો માટે નેતાઓ તેના મન પરિવર્તનને કળી ગયા છે?. સરકારની યોજનાઓથી આદિવાસીઓનું જનજીવન ખરેખર બદલાયું છે કે નહીં. આદિવાસીઓના હિતની વાતો કરનારા લોકોએ અત્યાર સુધી આદિવાસીઓનું હિત કેટલું કર્યું. વરિષ્ઠ કોંગ્રેસી અને આદિવાસી નેતા



નારણ રાઠવા ભાજપમાં જોડાયા છે, નારણ રાઠવાના દિકરા સહિત અનેક કોંગ્રેસીઓ ભાજપમાં જોડાયા છે જેથી કોંગ્રેસને આદિવાસી બેલ્ટમાં ફટકો પડી શકે છે. લોકસભા ચૂંટણીની દ્રષ્ટિએ આદિવાસી મતબેંક અગત્યની છે. ત્યારે નારણ રાઠવાના પક્ષપલટા સાથે કેટલાક સવાલો પણ ઉપસ્થિત છે.

રાજ્યનો આદિવાસી નેતા ક્યાં અને કોની સાથે ઉભો છે? રાજ્યનો આદિવાસી સરવાળે ક્યાં અને કોની સાથે છે? આદિવાસી નેતૃત્વની વિચારધારામાં પરિવર્તનનું કારણ શું? આદિવાસી પોતાના હિત પ્રત્યે વધુ સજાગ થયો છે કે નહીં? આદિવાસી નેતાઓ આદિવાસીઓનો કેટલો વિકાસ કરી શક્યા? એવા સવાલો ઉદભવી રહ્યાં છે. જો કે જેઓ જોડાયા છે તેમાંથી કેટલા મૂળ કોંગ્રેસી આદિવાસી નેતાને લોકસભા માટેની ટિકિટ મળે છે તે પણ જોવુ રસપ્રદ બની રહેશે. શક્ય છે કે નારણ રાઠવાને ટિકિટ મળી શકે. જો કે તેમણે કહ્યું કે, મારી કોંગ્રેસ સામે નારાજગી નથી તેમજ વિકાસને ધ્યાનમાં લઈને જ ભાજપમાં જોડાયા છીએ. સત્તાપક્ષની સાથે હોઈએ ત્યારે પરિસ્થિતિ જુદી હોય છે. આદિવાસીઓનું વધુ સારુ હિત કરવા કટિબદ્ધ છે. ભાજપમાં જોડાતા પહેલા કોઈ શરત રાખી નથી. મારા સાથી કાર્યકરો પણ ભાજપ સાથે જઈ રહ્યા છે.

તાજેતરમાં જે આદિવાસી નેતાઓએ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા તેમાં પૂર્વ કેન્દ્રિયમંત્રી નારણ રાઠવા, પૂર્વ ધારાસભ્ય, અશ્વિન કોટવાલ, જીતુ ચૌધરી, કોંગ્રેસમાં 50 વર્ષ રહીને અનેક પદનો લાભ ભોગવનાર સિનિયર મોહન રાઠવા, મંગળ ગાવિત, ધીરુભાઈ ભીલ અને સોમજી ડામોરનો સમાવેશ થાય છે. ગુજરાતના આદિવાસી પટ્ટામાં રાઠવા ત્રિપુટીનું વર્ચસ્વ જોવા મળ્યું છે. નારણ રાઠવા, મોહન રાઠવા, સુખરામ રાઠવાનો પ્રભાવ છે તેમજ મોહન રાઠવા અગાઉ ભાજપમાં જોડાઈ ચુક્યા છે. નારણ રાઠવા પણ ભાજપમાં જોડાતા લોકસભા ચૂંટણીમાં અસર પડી શકે છે.

## ગરીબોનો ઈશ્વર

# શયદાબાનુનાં માતપિતા પ્લેગની ભયંકર બિમારીનો શિકાર બનતા અલ્લાહમિયાંને પ્યારા થઇ ગયા

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

-પ્રીતમ લખલાણી

વાતને આગળ ચલાવતાં તે બોલી, 'પાંડુભાઈની રેસ્ટોરન્ટ પર એક ફકીર જેવો માણસ રોજ બેઠો રહેતો હતો. તેનું નામ શંકરદાદા હતું.'


શંકરદાદાનું નામ સાંભળતા સંકેતે તેને અધવચ્ચેથી બોલતી અટકાવીને કહ્યું : 'અરે! શંકરદાદા તો મારા એક ખાસ વડીલ બંધુસમા હતા.'

'બાબુજી, હું તે જ બાબાની પાલક પુત્રી શયદાબાનુ છું.' સંકેતની આંખોમાં શંકરદાદાની એક પ્રેમાળ છબિ તરવા માંડી.

શંકરદાદાને ભલા કોણ ઓળખતું ન હતું! તે દીનદુખિયાનો બેલી, ગરીબોનો ઈશ્વર. ફકીરના લિબાસમાં તે એક શહેનશાહ હતા. તેમની ધાક આજુબાજુની ઝૂંપડપટ્ટીમાં કયાં ય સુધી ફેલાયેલ હતી. વસ્તીમાં હર કોઈ દાદાના સંબોધનથી બોલાવતું. દાદા પણ એટલી જ પ્રેમાળ આંખે દરેકને માન-મોભાથી જોતા. આજ સુધી સંકેતને સમજાતું નથી કે દાદાનો ધંધો દારુનો કેમ હતો? સંકેતે તેની ત્રીસ વર્ષની જિંદગીમાં શંકરદાદાના પીઠા પર કયારે ય કોઈ જાતની ધાંધલધમાલ કે કોઈ આલતુફાલતુ લફરાં જોયાં નથી.

પીઠાની સામેના પીપળા હેઠે દાદા ખુરશી નાખીને સવારથી સાંજ સુધી બેઠા હોય. આસપાસના ગરીબ દુખિયા દાદા પાસે કોઈને કોઈ કામ માટે આવીને સલાહસૂચન માંગતા હોય. શંકરદાદાના પીઠાનો કાનૂન આજુબાજુના દારુવાળા કરતાં સાવ જુદા જ પ્રકારનો. સાંજે આઠના ટકોરે દાદાનું પીઠું બંધ થાય. પછી ગમે તે શહેનશાહ આવે તો પણ તેને દારુ ન મળે. ઘરાક જો દાદાના માણસો સાથે રકઝક કરતો દેખાય તો દાદા ખુરશી પરથી હાક મારે 'ચાલ ભાઈ, રસ્તો પકડ.' શંકરદાદાના પીઠામાં ઘરાકે મર્યાદામાં રહીને પીવું પડે. જ્યારે દારુ ઘરાકને પીવા માંડે ત્યારે પૈસા આપતાં પણ દારુ ઘરાકને ન મળે. દાદાનો હુકમ છૂટે, 'ચાલ, બહુ થયું, હવે સીધો ઘર ભેગો થા.' પીધેલા ઘરાકે પછી કયાં ય આડેઅવળે રસ્તે જવાને બદલે સીધો ઘરનો જ માર્ગ પકડવો પડે. ભૂલેચૂકે ભાઈ પીધેલ હાલતમાં ગમે ત્યાં જઈને ધાંધલધમાલ કરે તો બસ પછી દાદાનું કોલ્હાપુરી ત્રણ ઈંચ સોલવાળું ચંપલ અને તેનું નસીબ!

કયારેક કોઈ મા-દીકરી રડતી કકળાટ કરતી દાદા પાસે ફરિયાદ લઈને આવે કે પતિ કે દીકરો છોકરાના દૂધના પૈસા તમારે પીઠે આવીને દારુ પીવામાં વાપરી નાખે છે, તો આજુબાજુની વસ્તીમાં દાદા તરફથી આરોપીના નામનું તાત્કાલિક વૉરંટ છૂટે. તાબડતોબ આરોપીએ ગમે તે સમયે દાદાની અદાલતમાં હાજર થવું પડે. એકવાર ભાઈ સાહેબ દાદાના દરબારમાં હાજર થાય એટલે દાદા તેની પદ્ધતિ પ્રમાણે કેસ ચલાવે. આરોપીએ પૂછાતા સવાલનો જવાબ ફક્ત 'હા' અથવા "ના"માં જ આપવાનો હોય. દાદા પાસે ખાસ કોઈ દલીલનો અવકાશ નહીં ફક્ત



બે-ચાર સવાલ-જવાબ બાદ દાદા ગુનેગારને તેના ગુના પ્રમાણે ધોલધપાટ કરી ભાઈસાહેબને સમજાવી, ધમકાવી બે-ચાર શિખામણ આપી તેને તે દિવસે દારુ આપ્યા વિના ઘરે તગડી મૂકે. મહિનાઓ સુધી દાદા તેમ જ તેના માણસો તે વ્યકિત પર નજર રાખે. દાદાને જ્યારે એના ઘરેથી તેના સુધારાનો સાચો રિપોર્ટ મળે પછી જ તેની સજામાં કંઈક ઘટાડો થાય, નહીંતર સવાર-સાંજ ગુનેગારે દાદાની અદાલતમાં હાજરી આપવા અચૂક આવવું પડે.

દાદાની યાદે સંકેતે એક નજર શયદાબાનુ સામે નાખી તેનો ભૂતકાળ સંકેતની આંખ સામે તરવા માંડ્યો.શયદાબાનુ લગભગ બે-ચાર વર્ષની હશે ત્યારે તેનાં માતપિતા કોલ્હાપુરમાં પ્લેગની ભયંકર બીમારીનો શિકાર બનતાં અલ્લાહમિયાંને પ્યારા થઈ ગયાં. શયદાનું પરિવાર શંકરદાદાનું પડોશી હતું. માબાપે મરતાં પહેલાં આ માસૂમ બાળકીનો હાથ શંકરદાદાને સોંપ્યો. દાદાને કોઈ સંતાન ન હોવાથી તેને આ બાળકીને પોતાના હ્રદયના ટુકડા સમી પ્રેમથી જતન કરી પોતાનું વહાલુ સંતાન ન હોય એટલાં લાડકોડથી ઉછેરી.કોઈ રાતે સંકેત અને તેના મિત્ર વિનોદ પટેલ ગામદેવી

(અનુસંધાન પેજ-6 ઉપર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

## GPSC સામેનો કાનૂની કેસ જીતનાર મહિલાની સફળ ગાથા...

# સિસ્ટમ સામે લડવાની જીદ ક્યારેય ન છોડવી જોઈએ

ગુજરાત | વંદન

પ્રસૂતિના ત્રીજા દિવસે ઈન્ટરવ્યૂમાં ન પહોંચનારી મહિલા ઉમેદવારે GPSC સામેના કાનૂની કેસમાં જીત મેળવ્યા બાદ ઈન્ટરવ્યૂમાં પણ સફળતા હાંસલ કરી છે અને ફર્સ્ટ રેન્ક મેળવી 'ફેમિલી' અને 'કરિયર' વચ્ચે ઝોલાં ખાતી આધુનિક યુવતીઓ માટે પ્રેરણા પૂરી પાડી છે. રાધિકા પવારે કહ્યું હતું કે,'સિસ્ટમની સામે લડવું અઘરું છે. GPSCએ મારા ઈન્ટરવ્યૂ માટે તારીખ બદલવાનો ઈનકાર કરતાં એક તબક્કે મેં આશા છોડી દીધી હતી. પરંતુ મારા પતિએ મને હિંમત આપી હતી અને અમે સિસ્ટમ સામે લડ્યા વિના હાર નહીં માનવાનું નક્કી કરી કોર્ટમાં કેસ કર્યો હતો. નામદાર હાઈકોર્ટના માનવીય અભિગમના પગલે મને ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવી અને હું સફળ થઈ, એની ખુશી અને ગર્વ પણ છે.'



ગાંધીધામમાં રહેતાં રાધિકા પવારના જીવનનો કિસ્સો અનેક આધુનિક યુવતીઓ માટે દાખલારૂપ છે. તેમણે કહ્યું હતું કે,'મેં આજ સુધી છથી સાત સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી છે. GPSCએ આસિ. મેનેજર (ફાયનાન્સ અને એકાઉન્ટ્સ)ની પોસ્ટ માટે વર્ષ 2020માં જાહેરાત આપી હતી. એ પરીક્ષા મેં સફળતાપૂર્વક પાસ કરી હતી. ત્યારબાદ એના ઈન્ટરવ્યૂની રાહ જોઈ રહી હતી. ત્રણ વર્ષ વીતી ગયા હતા અને મારા લગ્ન પણ થઈ ગયા હતા. ત્રણ વર્ષ બાદ 1-1-2024 અને 2-1-2024 ઈન્ટરવ્યૂ માટેની બે તારીખો જાહેર થઈ હતી

પરંતુ આ સમયે મને પ્રેગનન્સીનો નવમો મહિનો ચાલી રહ્યો હતો. હું મા બનવાની હતી. આ તબક્કે મારા જીવનમાં કશમકશ શરૂ થઈ હતી કે ઈન્ટરવ્યૂ માટે જવું કે બાળકને જન્મ આપવો. કુટુંબ તરફથી પણ પ્રારંભિક સૂચન હતું કે ઈન્ટરવ્યૂ માટે ગાંધીધામથી ગાંધીનગરનું 300 કિમીનું અંતર કાપવું જોખમી છે. તેથી અમે GPSCને જાણ કરી ઈન્ટરવ્યૂની તારીખમાં ફેરફાર કરી આપવા વિનંતી કરી હતી. જેનો ઈનકાર કરી દેવાયો હતો. હું હિંમત હારી ગઈ હતી, નિરાશ પણ થઈ હતી. વર્ષો સુધી સારી જોબ અને કરિયરની વાટ જોયા બાદ ભગવાને જાણે મારી કસોટી કરી હતી. મનમાં ચાલતી ગડમથલ વચ્ચે આખરે 31મી ડિસેમ્બરના રોજ ડોક્ટરની સલાહ મુજબ ઈન્ટરવ્યૂ માટે નીકળવાનું નક્કી કર્યું હતું

પરંતુ એ જ દિવસે મને 'લેબર પેઈન' શરૂ થયું હતું. અમે તાત્કાલિક હોસ્પિટલ ગયા અને ડોક્ટરે પ્રસૂતિ એ જ દિવસે થશે એમ કહ્યું હતું.'ડોક્ટરે ઈન્ટરવ્યૂ માટે નહીં જઈ શકાય એવો અભિપ્રાય આપતાં રાધિકાબહેન ધર્મસંકટમાં મૂકાઈ ગયા હતા. જોકે નિયતિને જે મંજૂર એમ માની તેમણે બાળકને જન્મ આપ્યો હતો અને સાથે જ સ્વસ્થતા કેળવ્યા બાદ પતિએ આપેલી હિંમત મુજબ GPSC સામે કેસ લડવાનું નક્કી કર્યું હતું.

આ કેસમાં એડવોકેટ બ્રિજેશ રામાનુજે હાઈકોર્ટમાં તેમનો પક્ષ રજૂ કરી કાનૂની જંગ શરૂ થયો હતો. હાઈકોર્ટના જસ્ટિસ નિખિલ કરિઅલે માનવીય અભિગમ ઉપરાંત ખુદ GPSCના નિયમોનો હવાલો આપતાં રાધિકાબહેનની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. આ ચુકાદો તેમની જીતનું પ્રથમ પગથીયું હતું. હાઈકોર્ટના આદેશ મુજબ GPSCએ રાધિકાબહેન માટે ઈન્ટરવ્યૂ ગોઠવ્યો અને બુધવાર ૨૯મી ફેબ્રુઆરીએ એનું પરિણામ જાહેર થયું. ઈન્ટરવ્યૂમાં તેઓ ફર્સ્ટ રેન્ક પર આવ્યા હતા. આ તેમની બીજી જીત હતી. તેમણે કહ્યું કે, 'તમારી સામે ગમે એટલી મોટી સિસ્ટમ કેમ ન હોય, લડવાની જીદ ક્યારેય ન છોડવી જોઈએ. જીત કે હાર ગૌણ છે, લડ્યા જ નહોતા એવો વસવસો ક્યારેય ન થવો જોઈએ.'

## કાયદો અને વ્યવસ્થાને લઈને પણ જરૂરી સૂચનો આપવામાં આવી

# લોકસભા ચૂંટણીની તૈયારી: કલેકટર-કમિશનર મતગણતરી કેન્દ્રની મુલાકાતે

ગુજરાત | વંદન



આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તૈયારીઓના ભાગરૂપે અમદાવાદ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. અને શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિક દ્વારા મતગણતરી કેન્દ્રો - એલ.ડી.એન્જિનિયરિંગ કોલેજ તથા ગુજરાત કોલેજની મુલાકાત કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન જે-તે વિભાગના સબંધિત અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

મતગણતરીની કામગીરી દરમિયાન કોઈ ખલેલ ન પહોંચે અને ગોપનીયતા જળવાઈ રહે તેમજ રાજ્ય ચૂંટણી આયોગ તરફથી આપવામાં આવેલ સૂચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે અન્વયે જિલ્લા કલેકટર અને પોલીસ કમિશનર સહિતના અધિકારીઓ દ્વારા શહેરના મતગણતરી કેન્દ્ર એલ.ડી.એન્જિનિયરિંગ કોલેજ તથા ગુજરાત કોલેજની મુલાકાત લઈ આગામી આયોજન બાબતે જરૂરી ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થાને લઈને પણ જરૂરી સૂચનો આપવામાં આવ્યાં હતાં. સાથે સાથે મતગણતરી દરમિયાન તમામ વ્યવસ્થાઓ સુનિશ્રિત કરી શકાય તે બાબતે પણ વિચાર-વિમર્શ કરાયો હતો.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આ સપ્તાહે કોઈ મહત્વપૂર્ણ સિદ્ધિ તમારી રાહ જોઈ રહી છે. તેથી, આળસ અને બેદરકારી છોડીને તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો. ખાસ કરીને સ્ત્રીઓ માટે સમય સાનુકૂળ છે. વિદ્યાર્થીઓને કોઈપણ ઈન્ટરવ્યુ કે કોન્ફરન્સમાં સફળતા મળવાની તકો છે.

**વૃષભ** (બ.વ.ઉ)
પૈતૃક સંપત્તિને લગતી કોઈ સમસ્યા ચાલી રહી છે તો તેના ઉકેલની પૂરેપૂરી સંભાવના છે. કોઈ નજીકના મિત્રની સલાહ અનુસરો, તમને કોઈ સારી સલાહ મળી શકે છે. ભાવનાઓના પ્રભાવ હેઠળ તમારી કોઈપણ મહત્વપૂર્ણ બાબત કોઈની સાથે શેર કરશો નહીં.

**મિથુન** (ક.છ.ઘ)
પ્રોપર્ટી સંબંધિત કેટલાક કામ થઈ શકે છે. તમે તમારા અથાક પ્રયત્નો અને સખત મહેનતથી બાકી રહેલા કાર્યોને પૂર્ણ કરશો, પરંતુ ચોક્કસપણે તમારા સ્વાસ્થ્યની સુરક્ષાનું ધ્યાન રાખો. સંતાનને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળે તો ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે.

**કર્ક** (ડ.હ)
મહેમાનોના આગમનથી આતિથ્યમાં આનંદદાયક સમય પસાર થશે. ભેટની આપ-લે પણ થશે. યુવાનો તેમની ભાવિ યોજનાઓ માટે ખૂબ જ ગંભીર હશે. વ્યર્થ ખર્ચ ટાળવા અને ઘરના ખર્ચ માટે સંતુલિત બજેટ બનાવવું ખૂબ જ જરૂરી છે. આ સપ્તાહે મહેનતનું ફળ મળે.

**સિંહ** (મ.ટ)
પરિવાર અને નાણાં સંબંધિત મહત્વપૂર્ણ નિર્ણયો લેવાથી સકારાત્મક પરિણામ મળશે. આ સપ્તાહે તમે તમારી ઈચ્છા મુજબ રસપ્રદ પ્રવૃત્તિઓ કરવામાં પણ આનંદદાયક સમય પસાર કરશો. સંતુલિત વ્યવહાર જાળવો. જ્યારે તમારા બાળકોને તમારો ટેકો અને કંપની મળશે.

**કન્યા** (પ.ઠ.ણ)
સુખ-સમૃદ્ધિ સંબંધિત કાર્યો થશે. તમારી યોજનાઓને અમલમાં મૂકવાનો આ યોગ્ય સમય છે. લાંબા સમયથી ચાલી રહેલી કોઈપણ સમસ્યામાંથી તમને રાહત મળશે. ધાર્મિક સ્થળની મુલાકાતથી શાંતિ મળશે. સ્વભાવમાં સરળતા જાળવો. અને આત્મનિરીક્ષણ અને ચિંતન માટે પણ થોડો સમય આપો.

**તુલા** (ર.ત)
છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓમાં તમે થોડો સુધારો અનુભવશો. આ સાથે તમે તમારામાં સકારાત્મક અને અદ્ભુત આત્મવિશ્વાસ અનુભવશો. બાળકો તરફથી કોઈ સારા સમાચાર મળવાને કારણે ઘરમાં ઉત્સવનું વાતાવરણ રહેશે.

**વૃશ્ચિક** (ન.ય)
જમીન-સંપત્તિ સંબંધિત કોઈ મામલો પેન્ડિંગ હોય તો આ સપ્તાહે તે કામ પૂરા થવાની પૂરેપૂરી સંભાવના છે. ભવિષ્ય સંબંધિત યોજનાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ઉછીના આપેલા અથવા ક્યાંક અટવાયેલા પૈસા પાછા મળી શકે છે. રોકાણ માટે સમય ઘણો અનુકૂળ છે.

**ધન** (ભ.ધ.ફ)
ઉત્તમ ગ્રહોની સ્થિતિ જળવાઈ રહેશે. તમારી પસંદગીના કાર્યોમાં સમય પસાર કરીને તમે આનંદ અનુભવશો. ઉછીના પૈસા મળવાની ઉચિત સંભાવના છે. નજીકના સંબંધી સાથે ચાલી રહેલી કોઈપણ ગેરસમજ દૂર થશે.તમે નકામી પ્રવૃત્તિઓમાં ઘણું બગાડી શકો છો.

**મકર** (ખ.જ)
કોઈ ખાસ અને કીમતી વસ્તુ ખરીદવા માટે આ સમય અનુકૂળ છે. નજીકના સંબંધીઓના આવવાથી ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે. બીજા પર નિર્ભર રહેવાને બદલે તમારા નિર્ણયોને પ્રાધાન્ય આપો. કેટલાક શુભ કાર્ય સાથે જોડાયેલી યોજના પણ બનશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
તમારા કાર્યનું આયોજન અને શિસ્તબદ્ધ રીતે આયોજન કરો. આનાથી વધુ સારા પરિણામો પ્રાપ્ત થશે. પરંતુ ચિંતા કરશો નહીં. નજીકના સંબંધીની સમસ્યાના ઉકેલમાં તમારો સહયોગ યોગ્ય રહેશે. આ અઠવાડિયે કોઈપણ જોખમ ઉઠાવવું નુકસાનકારક સાબિત થઈ શકે છે.

**મીન** (દ.ચ.ઝ)
ગ્રહોની સ્થિતિ સંતોષજનક રહેશે. તમારું વ્યક્તિત્વ પણ સુધરશે. ખાસ કરીને મહિલાઓ તેમની ક્ષમતા અને કાર્ય ક્ષમતા દ્વારા કેટલીક મહત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરી શકે છે. અજાણ્યા લોકોના સંપર્કમાં ન આવવું. કેટલાક લોકો તમને છેતરવાની કોશિશ પણ કરશે, આ સમયે કોઈપણ પ્રકારની યાત્રા નિરર્થક સાબિત થઈ શકે છે. બીજાના મામલાને ઉકેલવાની કોશિશ કરતી વખતે તમારું કામ અધૂરું ન છોડો.

## 11મીથી પરીક્ષાનો પ્રારંભ -10.50 લાખ વિદ્યાર્થી નોંધાયા

# શિક્ષકોના એસેસમેન્ટ ઓર્ડર પણ ઓનલાઈન મૂકાયા

ગુજરાત | વંદન

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 11 માર્ચથી લેવાનારી ધોરણ-10ની પરીક્ષાની હોલ ટિકિટ ગુરુવારના રોજ ઓનલાઈન મૂકી દેવાઈ છે,તેની સાથે ધો-10,ધો-12ની માર્ચ-2024ની પરીક્ષાના પરીક્ષણ કાર્ય માટે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પરના શિક્ષકોના નિમણૂકપત્ર પણ હોલ ટિકિટ સાથે ઓનલાઈન જ મોકલી આપવામાં આવ્યા છે, જે શાળા દ્વારા ઓનલાઈન ડાઉનલોડ કરવાના રહેશે. એમ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું હતું . બોર્ડે વધુમાં સૂચના જાહેર કરી કે શિક્ષકોના એસેસેમેન્ટ ઓર્ડર પર જરૂરી વિગતો ભરી નિમણૂકપત્ર તથા સૂચનાઓ સુપરત કરવાની રહેશે. એસેસમેન્ટ ઓર્ડરની વિતરણ યાદી ડાઉનલોડ કરી તેમાં શિક્ષકોને નિમણૂકપત્ર મળ્યા બદલની સહી મેળવી શાળાના રેકર્ડ પર રાખવાની રહેશે અને નિમણૂકપત્રની નકલ પણ શાળા કક્ષાએ સાચવી રાખવાની રહેશે.

ધોરણ-10ની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં આ વખતે 186 મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો નક્કી કરાયા છે. જેમાં 24 નવા કેન્દ્રોનો સમાવેશ થાય છે. જ્યારે ધોરણ-12 સાયન્સમાં 64 મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો છે, જેમાં 8 નવા કેન્દ્રોનો સમાવેશ થાય છે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 11 માર્ચથી લેવાનારી ધોરણ-10ની પરીક્ષાની હોલ ટિકિટ ગુરુવારના રોજ ઓનલાઈન મૂકી દેવાઈ છે. જેથી હવે સ્કૂલો દ્વારા વેબસાઈટ પરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી તમામ વિદ્યાર્થીઓને સહી-સિક્કા કરીને આપવાની રહેશે.

ધોરણ-10ની સાથે બોર્ડ દ્વારા ધોરણ-12 સાયન્સની પણ હોલ ટિકિટ વેબસાઈટ પર અપલોડ કરી દીધી હોવાનું જાણવા મળે છે. આમ, ધોરણ-10 અને 12 સાયન્સની હોલ ટિકિટની સાથે વિદ્યાર્થીઓને સૂચનાઓ પણ ફરજિયાત પ્રિન્ટ કરીને આપવાની રહેશે. આ વખતે ધોરણ-10ની પરીક્ષામાં સમગ્ર રાજ્યમાંથી 9.17 લાખ અને ધોરણ-12 સાયન્સમાં 1.32 લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર હોવાથી તેમની હોલ ટિકિટ અપલોડ કરાઈ છે.




ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 11 માર્ચથી લેવામાં આવનારી ધોરણ-10 અને ધોરણ-12 સાયન્સની પરીક્ષાની હોલ ટિકિટ વેબસાઈટ પર અપલોડ કરી દેવામાં આવી છે. જેથી શાળાઓએ વેબસાઈટ પરથી શાળાનો ઈન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલો મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી. દ્વારા લોગીન કરી હોલ ટિકિટ ડાઉનલોડ કરવાની રહેશે. હોલ ટિકિટની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના માર્ચ-2024ની પરીક્ષાના આવેદનપત્ર મુજબના વિષયો તથા માધ્યમની ખરાઈ કરીને હોલ ટિકિટમાં પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડી, પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ આચાર્યના સહી-સિક્કા કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. હોલ ટિકિટની સાથે પરીક્ષાર્થીને પરીક્ષા માટેની સૂચના હોલ ટિકિટના પાછળના ભાગે પ્રિન્ટ કરી પરીક્ષાર્થી અને આચાર્યની સહી સાથે ફરજિયાત આપવાની રહેશે.

ધોરણ-10ની પરીક્ષા માટે આ વખતે સમગ્ર રાજ્યમાંથી 9.17 લાખ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેનાર છે. આ તમામ વિદ્યાર્થીઓની હોલ ટિકિટ અપલોડ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. જ્યારે ધોરણ-12 સાયન્સમાં 1.11 લાખ જેટલા રેગ્યુલર અને 20 હજાર કરતા વધુ રિપીટર વિદ્યાર્થીઓ મળી કુલ 1.32 લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહેનાર હોવાથી તેમની પણ હોલ ટિકિટ અપલોડ કરી દેવામાં આવી છે.

## ભવિષ્યમાં મ્યુનિ. તિજોરી માટે ખતરારૂપ સાબિત થઈ શકે

# AMC: વિશ્વ બેંકની વ્યાજ સહિતની લોનની રકમ ડોલરમાં ચુકવવી પડશે

### વિશ્વ બેંકની શરત મુજબ લોનની રકમ ચુકવવાનો સમયગાળો 15 વર્ષનો રહેશે

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરની સુઅરેઝ સીસ્ટમને અપગ્રેડ કરવા માટે વિશ્વ બેંક તરફથી રૂ.૩ હજાર કરોડની લોન આપવા માટે પ્રપોઝલ મુકવામાં આવી હતી જેના માટે તંત્ર છેલ્લા ૩ વર્ષથી કવાયત કરી રહયું હતું. વિશ્વ બેંકની લોન માટે જે શરતો હતી તેને પરિપૂર્ણ કરવા માટે ઘણો સમય લાગ્યો છે જેના કારણે વિશ્વ બેંકની લોન મળવામાં અસહ્ય વિલંબ થયો છે.

હવે વિશ્વ બેંકની શરત મુજબ તેમના દ્વારા મંજુર કરવામાં આવેલ પ્રોજેકટ જાહેર કર્યા બાદ જ લોન આપવામાં આવશે સદર લોનની રકમ વિશ્વ બેંક તરફથી ડોલરમાં આપવામાં આવશે અને મ્યુનિ. કોર્પોરેશને તેની ચુકવણી પણ ડોલરમાં જ કરવાની રહેશે જે બાબત ભવિષ્યમાં મ્યુનિ. તિજોરી માટે ખતરારૂપ સાબિત થઈ શકે છે.




મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વિશ્વ બેંકની લોનના સહારે વાસણામાં ૩૭૫ એમએલડી ક્ષમતાનો નવો ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા માટે નિર્ણય કરવામાં આવ્યો છે જેના માટે અંદાજે રૂ.૭૭૮ કરોડનો ખર્ચ થશે. સદર ટેન્ડર મંજુર થયા બાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા તમામ વિગતો કેન્દ્ર સરકારના એકસટ્રનલ અફેર ડિપાર્ટમેન્ટને મોકલવામાં આવશે

ત્યારબાદ બધુ સમુ સુથરુ પાર ઉતરે તો મ્યુનિ. કમિશ્નર, રાજયના ચીફ સેક્રેટરી એકસટ્રનલ અફેરના ઉચ્ચ અધિકારી તથા વિશ્વ બેંકના ઉચ્ચ અધિકારી દિલ્હીમાં એકત્રિત થઈ સદર રકમના એમઓયુ કરશે ત્યારબાદ જ આ રકમ મ્યુનિ. કોર્પોરેશનને આપવામાં આવશે. વિશ્વ બેંક તરફથી સદર રકમ અંદાજે ૪ ટકાના વ્યાજથી અપાશે તથા તમામ રકમ ડોલરમાં જ આપવામાં આવશે. જે રકમ મ્યુનિ. કોર્પોરેશને રૂપિયામાં કન્વર્ટ કરવાની રહેશે. વિશ્વ બેંકની શરત મુજબ લોનની રકમ ચુકવવાનો સમયગાળો ૧૫ વર્ષનો રહેશે તે પૈકી પ્રથમ પાંચ વર્ષમાં કોઈ જ રકમ ચુકવવાની રહેશે નહીં. પાંચ વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર થયા બાદ છઠ્ઠા વર્ષથી મનપા દ્વારા લોનની ચુકવણી શરૂ કરવામાં આવશે. અહીં ચિંતાજનક બાબત એ છે કે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા લોન પેટે જે રકમ ચુકવવામાં આવશે તે ડોલરમાં હશે તથા તેનુ વ્યાજ પણ ડોલરમાં ચુકવવાનું રહેશે

જેના કારણે તંત્રને આ લોન અત્યંત મોંઘી પડશે તેમ માનવામાં આવી રહયું છે. ઉ.દા. તરીકે હાલ ડોલરનો ભાવ ૮૦ રૂપિયા ચાલી રહયો છે પરંતુ જયારે રિ પેમેન્ટ કરવાનું આવશે તે સમયે ડોલરનો ભાવ ૧૧૦ રૂપિયા હશે તો મનપાએ સદર રકમ ૧૧૦ રૂપિયા લેખે ડોલરમાં કન્વર્ટ કરીને જ વિશ્વ બેંકને ચુકવવાની રહેશે. તેથી વ્યાજની રકમ લગભગ બમણી થઈ શકે છે તેમજ રિ પેમેન્ટમાં પણ મોટાપાયે આર્થિક નુકસાન થવાની શકયતા રહેશે.

# સરકારની વીજ કંપનીઓ દ્વારા નવા ૮૦૫૦ મે.વોના પ્લાન્ટ સ્થપાશે

ગુજરાત | વંદન


ગુજરાતમાં છેલ્લા બે દશકમાં વીજ માગ ત્રણ ગણી વધીને ૨૪૫૪૪ મે.વો. સુધી પહોંચી છે. આ માગને પહોંચી વળવા માટે રાજ્યની સ્થાપિત વીજ ક્ષમતામાં વધારો કરાઈ રહ્યો છે, તેમ કહી



ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈએ ગૃહમાં જાહેરાત કરી હતી કે, આગામી વર્ષોમાં સરકારની વિવિધ વીજ કંપનીઓ દ્વારા નવા ૮૦૫૦ મેગાવોટના પ્લાન્ટ સ્થાપવામાં આવશે. એમાં ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન લોસ ઘટાડવા, ઈંધણનો ટ્રાન્સ્પોર્ટેશન ખર્ચ ઘટે માટે ઓરિસ્સામાં જીએમડીસી દ્વારા બે કોલ બ્લોક વિકસાવાશે અને ત્યાં ૪૪૦૦ મેગાવોટનો પ્લાન્ટ સ્થપાશે. આ જ રીતે કચ્છ, ભાવનગર અને ભરૂચમાં ૧૨૫૦ મેગાવોટના લિગ્નાઈટ આધારિત મથક, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન દ્વારા સુપર ક્રિટિકલ થર્મલ પ્લાન્ટ થકી ૨૪૦૦ મેગાવોટની ક્ષમતા વધારવાનું આયોજન છે. ખેડૂતોને દિવસે વીજળી આપવા 'કિસાન સૂર્યોદય યોજના' અમલમાં મૂકાઈ છે એમાં ૨૦૨૪-૨૫માં રૂ.૧૫૭૦ કરોડની જોગવાઈ બજેટમાં કરાઈ છે. હાલ ૧૨,૦૦૦ ગામોમાં દિવસે વીજળી અપાય છે. પી.એમ. કુસુમ યોજના અંતર્ગત જ્યાં ગ્રીડ સપ્લાય ઉપલબ્ધ નથી તેવા ઓફ ગ્રીડ વિસ્તારમાં પીયત માટે ડીઝલથી ચાલતા પંપસેટને બદલવા માટે ખેડૂતોને સ્ટેન્ડ એલોન સોલાર એગ્રીકલ્ચર પંપ સ્થાપિત કરવા માટે સહાય અપાશે.

## શબ્દોની સંતાકૂકડી 102

ગુજરાત વંદન
gujaratvandan.com




**ઊભી ચાવી**

(1) હવાઈજહાજ [3]
(2) ટપાલી લાવે [3]
(3) પારસીઓ દૂધમાં ..... જેમ ભળી ગયા [3]
(4) એક ઈમારતી લાકડું [3]
(7) લોકોક્તિ [4]
(9) દેવું [2]
(13) સહાય [3]
(14) પ્રેમ, સ્નેહ [2]
(15) નોકર [2]

**આડી ચાવી**

(1) એક ભારતીય ક્રિકેટર [3]
(3) ગરમ વસ્તુ પકડવા વપરાય [3]
(5) એક ભાજી [3]
(6) ..... ને અક્કલ ન હોય [3]
(8) ગણતરીવાળો ચોક્કસ આંક કે સંખ્યા [3]
(10) જવુંનું અંગ્રેજી [1]
(11) સિંહ [3]
(12) માથામાં થતી એક જીવાત [1]
(15) ઈન્સાફ, ન્યાય [2]
(16) એક રમત [1]
(17) સરદાર પટેલ આ ગામના વતની હતા [5]

શબ્દોની સંતાકૂકડી-102નો ઉકેલ



શબ્દોની સંતાકૂકડી-102 નો ઉકેલ બાજુમાં...


## સુડોકુ કોયડો નં. 103

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | | | | 3 | | 7 |
| | | 9 | | 8 | | | 2 | |
| | 5 | | | | 2 | | | 6 |
| 6 | 9 | | 7 | | | | 5 | |
| | | 3 | | | | 7 | | 8 |
| | | | | | 5 | | | |
| | | | | | 6 | | 3 | |
| | | 5 | | 7 | 9 | | | 2 |
| 2 | 4 | | | | | 8 | | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-103નો ઉકેલ



સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ગુજરાતનો દરિયો બન્યો ડ્રગ્સના ધંધાનું હબ ...!!!

ગુજરાત | વંદન

કોઈપણ વેપાર કરવા માટે ગુજરાત એક ઉત્તમ સ્થળ તો છે જ તેથી અંગ્રેજો પણ દરિયાઈ માર્ગે ગુજરાતમાં પ્રવેશ્યા હતા. વેપાર કરવા માટે દરિયાઈ માર્ગ સહેલો પરંતુ સુરક્ષાની દ્રષ્ટિએ જોખમ દાયક, હાલ ગુજરાતનો દરિયાથી અનેક જોખમો દેશમાં આવી રહયા છે. તેથી દરિયો દેશની સુરક્ષા માટે જોખમરૂપ સાબિત થઈ રહ્યો છે. દરરોજ રાજ્યના દરિયા કિનારાના વિવિધ સ્થળેથી ડ્રગ્સ મળવાનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. વારંવાર ડ્રગ્સ મળવાના સમાચાર ગુજરાત માટે નવા નથી. એવામાં ફરી એકવાર ગુજરાતના દરિયા કિનારેથી ડ્રગ્સ મળી આવ્યું છે. 3000 કિલો ડ્રગ્સ મળી આવતા ભારે હડકંપ મચી ગયો છે.

ગુજરાતના દરિયા કિનારેથી ભારતીય નૌકાદળ, NCB અને ગુજરાત ATSએ સંયુક્ત ઓપરેશનના પરિણામે ભારતીય દરિયાઈ સરહદે 3100 કિલો ડ્રગ્સ જપ્ત થયું છે.પ્રાપ્ત માહિતી અનુસાર ભારતીય નૌકાદળના આ સંયુક્ત ઓપરેશનમાં શકમંદો ઈરાનથી જહાજમાં હશીશ અને અન્ય માદક દ્રવ્યો લઈ જઈ રહ્યા હતા.

બે દિવસ દરિયામાં રહ્યા બાદ ભારતીય નૌકાદળે પ્રાદેશિક જળ સીમામાં પ્રવેશેલી શંકાસ્પદ બોટને અટકાવી હતી અને તપાસ કરતાં




બોટમાંથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ મળી આવ્યું હતું.


ડ્રગ્સના જથ્થા સાથે 5 ખલાસીઓને પણ ઝડપી લેવાયા છે. ગુજરાત એટીએસની બાતમીને આધારે સમગ્ર ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. સમુદ્ર માંથી ઈતિહાસનો સૌથી મોટા ડ્રગ્સનો જથ્થો ઝડપી પડ્યો હતો. હજુ સુધી ઝડપાયેલા ડ્રગ્સની કિંમતનો ચોક્કસ આંકડો તો સામે આવ્યો નથી પરંતુ માનવામાં આવે છે કે ઝડપાયેલા ડ્રગ્સની કિંમત 20 હજાર કરોડ રૂપિયાથી પણ વધારે હોઇ શકે છે.

3000 કિલો ડ્રગ્સ સાથે 5ની ધરપકડ કરવામાં આવી છે. 5 શકમંદો પાકિસ્તાની હોવાની આશંકા છે અને ભારતીય સુરક્ષા એજન્સીઓ હવે તેમની પાસેથી ડ્રગ્સ વિશે વધુ માહિતી એકઠી કરી રહી છે.ડ્રગ્સ ક્યાં અને કોને મોકલવાના હતા અને ડ્રગ્સ મેળવનાર કોણ હતું અને આ ડ્રગ્સમાં અન્ય કેટલા લોકો સામેલ છે? તેની તપાસ ચાલી રહી છે. જપ્ત કરાયેલા ડ્રગ્સમાં 2950 કિગ્રા હાશિશ, 160 કિગ્રા મેથેમ્ફેટામાઈન, 25 કિગ્રા મોર્ફિનનો સમાવેશ થાય છે.

દુશ્મન દેશમાંથી ભારતમાં ડ્રગ્સ ઘુસાડવાના આ મોટા ષડયંત્રને નિષ્ફળ બનાવી દેવાયું છે. ચોક્કસ બાતમીના આધારે નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો,ઈન્ડિયન નેવી,કોસ્ટગાર્ડ અને ગુજરાત પોલીસે સમગ્ર ઓપરેશન પાર પાડ્યુ હતું. ડ્રગ્સની સાથે ઝડપાયેલા પાંચેય ખલાસીઓ ઈરાનના હોવાનું અને બોટ પણ ઈરાનની હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ખલાસીઓ પાસેથી સેટેલાઈટ ફોન અને અન્ય સામગ્રી કબજે કરાઇ છે. ખલાસી ક્યાના છે તે તપાસ બાદ જ સામે આવશે. આ સમગ્ર ઓપરેશન સોમવારે મોડી રાત્રે પાર પકડાયુ હતુ..

## ભવનાથ-શિવરાત્રીનો મેળો રિક્ષાભાડામાં તોતિંગ વધારો

### સામાન્ય વ્યક્તિને પરવડે નહીં એવું ભાડું નક્કી કરાયું



ગુજરાત | વંદન

ભવનાથમાં યોજાતા શિવરાત્રીનાં મેળાને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે તંત્ર દ્વારા રીક્ષાનાં ભાવ નકકી કરવામાં આવ્યાં છે. આ ભાડા તોતીંગ વધારો કરવામાં આવ્યો છે. સામાન્ય વ્યક્તિને પરવડે નહીં એવુ ભાડું નક્કી કરાયું છે. જેના લઈને લોકોમાં રોષ ફેલાયો છે.

જૂનાગઢમાં શિવરાત્રીનો મેળો 5 માર્ચથી 8 માર્ચ સુધી જવા જઈ રહ્યો છે ત્યારે આ શિવરાત્રી મેળા દરમિયાન વહીવટી તંત્ર દ્વારા રીક્ષા ચાલકોને ભાડામાં આશીર્વાદ સમાન વધારો આપવામાં આવ્યો છે. ત્યારે રીક્ષા ચાલકો ખુશ ખુશાલ જોવા મળી રહ્યા છે. બીજી તરફ સામાન્ય નાગરિકોમાં રોષ ભોભૂકી ઉઠ્યો છે, જે રીક્ષા ભાડું કાળવા ચોક થી ભવનાથ સુધી 20 થી 30 રૂપિયા ચાલતું હતું, તે રીક્ષા ભાડું અત્યારે હાલમાં 100 રૂપિયા સુધી કરી દેવામાં આવ્યું છે આ બાબતને લઈને હાલમાં સામાન્ય જનતા પાર પડ્યા પર પાટુ જેવો ઘાટ સર્જાયો છે.સામાન્ય દિવસોમાં કાળવા ચોક થી ભવનાથ સુધીનું ભાડું 10 થી 20 રૂપિયા ચાલતું હોય છે, જે શિવરાત્રીના મેળામાં 20 રૂપિયા કરી દેવામાં આવે છે. કાળવા ચોકથી ભવનાથ સુધી જવા માટે 20 રૂપિયા ભાડું એકંદરે નક્કી થતું હોય છે, પરંતુ આ વર્ષે આ ભાડું 100 રૂપિયા કરી દેવામાં આવ્યું છે. જે સામાન્ય નાગરિકોને પોસાય તેવી પરિસ્થિતિ નથી હાલમાં આ પ્રકારના ભાડામાં વધારાથી સામાન્ય નાગરિકો મૂંઝવણમાં મુકાયા છે.

જિલ્લા કલેકટર અનિલ રાણાવસીયાનો સંપર્ક કરવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, ભાડામાં જો કોઈ પ્રશ્ન સર્જાયો હશે, તો આ મામલે જૂનાગઢ જિલ્લા પોલીસ વડા અને આરટીઓ અધિકારી સાથે મળીને ફરીથી એક મિટિંગ કરવામાં આવશે અને નિર્ણયમાં ફેરવિચારણા હાથ ધરવામાં આવશે.

આ મામલે ઈન્ચાર્જ આરટીઓ ઈન્સ્પેક્ટર આશિષ પંચાલે જણાવ્યું હતું કે, અમે ભાડામાં કોઈપણ પ્રકારનો વધારો કર્યો નથી. ગત વર્ષે જે પણ ભાડું હતું તે યથાવત રાખ્યું છે. નક્કી કરેલા ભાડા વધારા મામલે જિલ્લા પોલીસવડાનું મંતવ્ય જાણવા સંપર્ક કરવામાં આવ્યો હતો પરંતુ સંપર્ક થઈ શક્યો નહતો

## જામનગર સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આગાહી મુજબ કમોસમી વરસાદ





ગુજરાત | વંદન

ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવ્યો છે અને હવામાન વિભાગે આપેલી આગાહી મુજબ ઘણા વિસ્તારમાં વરસાદ વરસ્યો છે ત્યારે હવે જામનગર અને રાજકોટ અને દ્વારકા જિલ્લામાં પણ કમોસમી વરસાદ શરુ થયો છે. આ ઉપરાંત કચ્છ, મહેસાણા, બનાસકાંઠામાં પણ કમોસમી વરસાદ વરસ્યો છે. કમોસમી વરસાદને પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

રાજ્યમાં હવામાન વિભાગની આગાહી મુજબ સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ શરૂ થયો છે. આજે વહેલી સવારથી જ સૌરાષ્ટ્રના જામનગર, રાજકોટ, દ્વારકામાં વરસાદ શરુ થયો છે જ્યારે કચ્છના અજારમાં સૌથી વધુ દોઢ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ સિવાય ભૂજ, મુંદ્રા અને ગાંધીધામમાં પણ ઝાપટું પડ્યું છે તો મહેસાણાના મંડાલી સહિતના વિસ્તારોમાં માવઠું થયું છે. દ્વારકા, બનાસકાંઠા સહિતના જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદની થતા ઘઉં, જીરા સહિતના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે અને કમોસમી વરસાદને પગલે ખેડૂતોની ચિંતા વધી છે. હવામાન વિભાગે માર્ચ મહિનાની શરૂઆતના દિવસ એટલે કે 1 માર્ચ અને 2 માર્ચે ગુજરાતના અનેક જિલ્લામાં વરસાદની આગાહી કરી હતી . માછીમારો માટે પણ ચેતવણીની જાહેરાત કરતા કહ્યું હતું કે, આગામી 1 માર્ચ થી 5 માર્ચ માછીમારોએ દરિયો ન ખેડવો, દરિયામાં 45 કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. હવામાન વિભાગ અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પગલે પશ્ચિમ તરફથી પૂર્વ તરફ ભારે પવન સાથે અરબી સમુદ્રમાં ભેજના કારણે લોપ્રેશર સિસ્ટમ સક્રિય થઈ છે, જેની અસર ગુજરાત સહિત ઉત્તર ભારત સહિત, ગુજરાત, મહારાષ્ટ્ર સુધી રહેવાની સંભાવના છે.

અનુસંધાન પેજ 01 પરથી...

### પિતા રાજીવની....

ન્યાય યાત્રા દરમિયાન બોમ્બથી હુમલો કરવામાં આવશે. આ ઈનપુટ મળ્યા બાદ કેન્દ્રિય ગૃહ મંત્રાલયે રાહુલ ગાંધીના નિવાસ્થાનની સુરક્ષા વધારી દીધી છે. આ ઉપરાંત દિલ્હી, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ પોલીસને રાહુલ ગાંધીની સુરક્ષા વધુ કડક કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. આજે રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા ઝેડ પ્લસ સુરક્ષા સાથે મધ્યપ્રદેશમાં પ્રવેશ કરી રહી છે.

આ અંગે દિલ્હી પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ગૃહ મંત્રાલયના આદેશ બાદ 24 અકબર રોડ સ્થિત તેમના નિવાસસ્થાનની સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ સાથે તેમના નિવાસસ્થાન પાસે પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે. તેમના ઘરની નજીક પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સ્પેશિયલ સેલના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર ગૃહ મંત્રાલયે મહારાષ્ટ્ર પોલીસ અને દિલ્હી પોલીસને ઈનપુટ ચેક કરવાનો આદેશ આપ્યો છે. રાહુલ ગાંધી પર હુમલાને લઈને મળેલા ઈનપુટ કેટલા ગંભીર છે તે બંને રાજ્યોની પોલીસ શોધી રહી છે. તપાસ માટે વિશેષ સેલ પણ તૈનાત કરવામાં આવ્યો છે.

### કેન્દ્ર સરકારે...

વિમર્શ કર્યા બાદ શુક્રવારે ચૂંટણી સંચાલન નિયમો (1961)માં સુધારો કર્યો હતો. સરકારે છેલ્લી 11 વિધાનસભા ચૂંટણીમાં વૃદ્ધોની વોટિંગ પેટર્નને ધ્યાનમાં રાખી આ ફેરફાર કર્યો છે. આ ચૂંટણીઓમાં 80 વર્ષથી ઉપરના 97 થી 98% વૃદ્ધોએ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવાને બદલે મતદાન કેન્દ્રો પર જઈને મતદાન કરવાનું પસંદ કર્યું હતું. આ બાબતને ધ્યાનમાં રાખીને સરકારે 2020માં કરવામાં આવેલી આ જોગવાઈમાં સુધારો કર્યો છે.

ચૂંટણી સંચાલન નિયમોના નિયમ 27A પ્રમાણે 80 વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો, વિકલાંગ વ્યક્તિઓ, ચૂંટણી ડ્યૂટી પર તૈનાત કર્મચારીઓ અને સેનાના કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટની સુવિધા આપવામાં આવી છે. 2020ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં કોરોના સંક્રમિત વ્યક્તિઓને પણ મહામારી દરમિયાન આ સુવિધા આપવામાં આવી હતી.

મત ગણતરી દરમિયાન સામાન્ય રીતે સૌથી પહેલા પોસ્ટલ બેલેટની જ ગણતરી કરવામાં આવે છે. ત્યારબાદ ઈવીએમમાં નોંધાયેલા મતોની ગણતરી કરવામાં આવે છે. પોસ્ટલ બેલેટની સંખ્યા ઓછી છે અને તે પેપર વાળા મતપત્ર હોય છે તેથી તેની ગણતરી પણ સરળતાથી થઈ જાય છે.

ચૂંટણી પંચે એ 11 રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી હતી જ્યાં તાજેતરમાં જ વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ હતી. આ બેઠકમાં એવું બહાર આવ્યું કે 80 વર્ષથી વધુ ઉંમરના માત્ર 2-3% મતદારોએ પોસ્ટલ બેલેટ માટે પસંદગી કરી હતી અને બાકીના લોકોએ મતદાન કરવા માટે મતદાન કેન્દ્ર પર જઈને મતદાન કરવાનું પસંદ કર્યું હતું. દેશભરમાં 80 વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોની કુલ સંખ્યા 1.75 કરોડ છે જેમાંથી 80-85 વર્ષની ઉંમરના લોકોની સંખ્યા 98 લાખ છે.

### વિશ્વ વેપાર...

નોંધાવ્યો હતો અને WTOના વડા, કૃષિ સમિતિના વડા કેન્યા અને UAE સમક્ષ પણ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. હવે તેના વિરોધને પગલે થાઈ રાજદૂતની બદલી કરવામાં આવી છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### અમદાવાદમાં 'કસ્ટમાઈઝડ'

છે. અફોર્ડેબલ હાઉસિંગમાં પણ ખિસ્સાને પરવડે તેવું સ્ટાઈલિશ ફર્નિચર લોકો પસંદ કરી રહ્યા છે. આ ટ્રેન્ડને જોતાં પોતાની કંપની બિલ્ડર્સ સાથે સીધું કામ વધારી રહી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ફર્નિશ્ડ ફ્લેટ્સની વધતી જતી ડિમાન્ડને ધ્યાનમાં રાખીને નવું મકાન ખરીદ્યા બાદ તેમાં ફર્નિચરથી લઈને બીજા તમામ કામ કરાવવા કોઈના પણ માટે માથાનો દુ:ખાવો બની જતા હોય છે. જોકે, અમદાવાદમાં હવે ફર્નિશ્ડ ફ્લેટ્સ વેચવાનો એક નવો જ ટ્રેન્ડ છેલ્લા કેટલાક સમયથી શરૂ થયો છે.

શહેરના બિલ્ડરો હવે મકાન ખરીદનારાની પસંદગી અનુસાર ફર્નિચરથી લઈને ઈન્ટિરિયર ડિઝાઈન કરાવી આપે છે, અને આવા ફ્લેટ્સની ડિમાન્ડ વધી રહી છે. એક્સપર્ટ્સનું માનીએ તો બિલ્ડર પાસેથી જ ફુલ્લી ફર્નિશ્ડ મકાન લેવું પ્રમાણમાં સસ્તું પડે છે અને સાથે જ પોતાની પસંદગીનું ફર્નિચર તૈયાર કરાવવામાં મકાન ખરીદનારાને બીજી કોઈ માથાકૂટ પણ નથી કરવાની રહેતી.

ક્રેડાઈ ગુજરાતના પૂર્વ પ્રમુખ અજય પટેલના જણાવ્યા અનુસાર, હવે વીસ ટકા જેટલા યંગ હોમબાયર્સ ફર્નિશ્ડ મકાન ખરીદવાનું પસંદ કરે છે. નવું મકાન ખરીદનારા દરેક વ્યક્તિની ઈચ્છા પોતાની પસંદગી અનુસાર મકાનને ફર્નિશ્ડ કરાવવાની સાથે ડેકોર કરવાનું હોય છે. જોકે, તેના માટે સમયની સાથે ભાગદોડ પણ ઘણી કરવી પડે છે.

આ સ્થિતિમાં હવે બિલ્ડરો જ ઈન્ટિરિયર ડિઝાઈનર અને ફર્નિચર કંપની સાથે કોલાબ્રેશન કરીને નવા ઘરને ફર્નિશ્ડ કરાવી દે છે. હવે કસ્ટમર્સ પણ ફર્નિશ્ડ હોમનો વિકલ્પ પસંદ કરી શકે છે અને તેના માટે તેમને હોમ લોન ઉપર બીજી લોન પણ મળી રહે છે.

બિલ્ડર પાસેથી જ ફર્નિશ્ડ મકાન ખરીદવાનો ટ્રેન્ડ અફોર્ડેબલ હાઉસિંગ સેગ્મેંટ અને તેમાંય 2BHK અને 3BHK ફ્લેટ ખરીદનારા લોકોમાં ખાસ્સો વધી રહ્યો છે, અને ફર્નિશ્ડ ફ્લેટ ખરીદનારા મોટાભાગના લોકો નાની ઉંમરના છે, જેમની પાસે ઘર અને કામ સાચવવાની સાથે ફ્લેટનું ફર્નિચર કરાવવાનો તેમજ તેને ડેકોર કરવાનો સમય નથી.

ગુજરાતમાં વધી રહેલી આ પ્રકારના ફ્લેટ્સની ડિમાન્ડને જોતાં હવે ઘણા ફર્નિચર મેન્યુફેક્ચરર્સ પણ માર્કેટમાં આવી રહ્યા છે.

ગોદરેજ ઈન્ટિરિયોના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ દેવ સરકારના જણાવ્યા અનુસાર પર્સનલ ચોઈસ અનુસારના મોડ્યુલર અને કસ્ટમાઈઝ ફર્નિચરની ડિમાન્ડ વધી રહી છે. અફોર્ડેબલ હાઉસિંગમાં પણ ખિસ્સાને પરવડે તેવું સ્ટાઈલિશ ફર્નિચર લોકો પસંદ કરી રહ્યા છે. આ ટ્રેન્ડને જોતાં પોતાની કંપની બિલ્ડર્સ સાથે સીધું કામ વધારી રહી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ફર્નિશ્ડ ફ્લેટ્સની વધતી જતી ડિમાન્ડને ધ્યાનમાં રાખીને અમદાવાદની એક કન્સ્ટ્રક્શન કંપનીએ તાજેતરમાં જ સાણંદ GIDCમાં એક ફર્નિચર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ શરૂ કર્યો છે.

### ગુજરાતમાં રાહુલની એન્ટ્રી

જીતની હેટ્રિક ફટકારવામાં આવે. ભાજપે 2024ની રાજકીય લડાઈ રામ મંદિરના મુદ્દે જ લડવાની યોજના બનાવી છે. ભાજપે દેશની કરોડો પ્રજાને બતાવવામાં વ્યસ્ત છે કે તેણે રામ મંદિરનું સપનું સાકાર કરવામાં કોઈ કસર છોડી નથી. રામ મંદિરના મુદ્દાનો વિરોધ કરવાની કોઈ વિપક્ષી પાર્ટીમાં હિંમત નથી. આવી સ્થિતિમાં રાહુલ ગાંધી ન્યાય યાત્રા કરીને મોટો રાજકીય તફાવત ઊભો કરવા માંગે છે.

### રિવરફ્રન્ટ ખાતે

નાગરિકોએ રૂ. ૧૫૦૦થી ૩૦૦૦ ખર્ચવા પડશે, જ્યાં ફોર અને ફાઈવ સ્ટાર હોટલોની વિખ્યાત વાનગીઓ પિરસવામાં આવશે. આ સિવાય અનોખો કોફી પેવેલિયન પણ રાખવામાં આવશે, જ્યાં કોફીનાં છોડ, લીલી કોફી બિન્સ, તેને શેકવાની પ્રક્રિયા તથા તેમાંથી કોફી બનાવીને કોફી રસિયાઓને આપવામાં આવશે.

મ્યુનિ.હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, અમદાવાદીઓને ગુજરાત અને પરપ્રાંતનાં રાજવી પરિવારોનાં રસોડામાં બનતી રસોઈ આરોગવા મળશે. જેના માટે બાલાસિનોર, ગોંડલ, લીંબડી, ગ્વાલિયર, ઢેંકનાલ તથા વડોદરા વગેરેનાં રાજવી પરિવારો સંમત થયા છે. જ્યારે વેલનેસ પેવેલિયનમાં આયુર્વેદ નિષ્ણાત નાગરિકોની તપાસ કરી આપશે અને તેમનાં શરીરનાં કફ, પિત્ત અને વાયુ દોષને ધ્યાનમાં રાખી તે પ્રમાણેનાં આયુર્વેદિક રસોઇ પિરસવામાં આવશે. તેમજ આધ્યાત્મિક મંડપમાં પુરીનું જગન્નાથ મંદિર અને વૃંદાવનનાં રાધારમણ મંદિર જેવા મોટા મંદિરોમાં ભગવાનને ધરાવાતા રાજભોગનો પ્રસાદ પણ પિરસવામાં આવશે.

### 12 માર્ચ દાંડી યાત્રા

વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થઈ શકે છે.મહત્વનું છે કે થોડા દિવસ પહેલા જ 22,24, 25 ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે આવીને ગયા છે. આ દરમિયાન 44 હજાર કરોડ રુપિયાથી વધુના વિકાસકાર્યોની ભેટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજકોટમાં એઈમ્સ હોસ્પિટલના ઉદ્દઘાટન બાદ જંગી જનસભાને સંબોધિત કરી. જેમા તેમણે 22 વર્ષ પહેલાના તેમના સંસ્મરણોને યાદ કર્યા હતા.

### પાલડી જલારામ મંદિર

લોકાર્પણ આગામી સપ્તાહમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવશે તેજ દિવસે મુખ્યમંત્રી અંદાજે રૂ.૫૦૦ કરોડના કામોનું ખાતમુહુર્ત/ લોકાર્પણ કરશે જેમાં બોનસાઈ પાર્ક તેમજ ઘાટલોડિયા વિધાનસભામાં તૈયાર કરવામાં આવેલ આધુનિક આંગણવાડીઓનો પણ સમાવેશ થાય છે.

મ્યુનિ. સ્ટેન્ડીગ કમિટિ ચેરમેન દેવાંગ દાણીના જણાવ્યા મુજબ રાજય સરકારની ખાનગી સોસાયટીઓ માટે અમલી જનભાગીદારી યોજના અંતર્ગત સ્ટ્રીટલાઈટ, આરસીસી રોડ, સહિતના કામો હવે કોટ વિસ્તારમાં પણ કરવામાં આવશે જેના માટે ધારાસભ્ય અને કોર્પોરેટરના બજેટ માન્ય ગણાશે. સાબરમતી નદીમાં છોડવામાં આવતા અશુધ્ધ પાણીના કારણે નદી પ્રદુષિત બની છે

તેથી હવે ટેકનોલોજીથી નવા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત વાસણાનો ૧૨૬ એમએલડી પ્લાન્ટ તોડી તેના સ્થાને ૩૦૦ એમએલડી ક્ષમતાનો નવો પ્લાન્ટ નવી ટેકનોલોજીથી તૈયાર થશે જેનું તમામ પાણી નદીમાં છોડવામાં આવશે નહી પરંતુ પ્લાન્ટની બાજુમાં આવેલ કેનાલમાં પણ ટ્રીટેડ વોટર છોડવામાં આવશે. વાસણાનો પ્લાન્ટ ૨૦૦૫ની સાલના નોમ્સ મુજબ તૈયાર કરવામાં આવ્યો છે તેથી તેના નવા નિયમ મુજબના પેરામીટર્સ મળતા નથી. નવો પ્લાન્ટ તૈયાર કરતા પહેલા ૧૨૬ એમએલડીનો જુનો પ્લાન્ટ તોડી તેના સ્થાને તેટલી જ ક્ષમતાનો એક નવો પ્લાન્ટ બનાવવામાં આવશે. આ પ્લાન્ટ બનાવવા વિશ્વ બેંક તરફથી પણ લોન આપવામાં આવશે.

### ગુજકોસ્ટ સંસ્થા દ્વારા

કામ કરે છે, જે વૈજ્ઞાનિક ઘટનાઓ, મહત્વપૂર્ણ તારીખો અને વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ સીમાચિહ્નો પ્રદાન કરે છે.વૈજ્ઞાનિક સાક્ષરતા અને પ્રશંસાને પ્રોત્સાહિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને ગુજકોસ્ટ દ્વારા ખૂબ જ કાળજીપૂર્વક આ કેલેન્ડર તૈયાર કરવામાં આવ્યું છે. કેલેન્ડરનું ઔપચારિક વિમોચન રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસે ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારની હાજરીમાં થયું હતું.

### બુલેટ ટ્રેન માટે

મહારાષ્ટ્રમાં જે જમીન સંપાદન કાર્ય બાકી હતું, તે સંપૂર્ણ થઈ ગયું છે. એટલે ગુજરાત અને મહારાષ્ટ્ર માટે તમામ સિવિલ કોન્ટ્રાક્ટ પણ આપી દેવાયા છે.

અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનના વિવિધ તબક્કાની કામગીરીઓ ખૂબ ઝડપથી આગળ વધી રહી છે. વલસાડ પાસે ઝરોલી ગામ નજીક પહાડીની નીચે 350 મીટર લંબાઈ અને 12.6 મીટર વ્યાસની પ્રથમ પર્વતીય ટનલનું કામ પૂર્ણ કરીને એક ખૂબ જ મહત્વપૂર્ણ સફળતા અંકે કરાઈ છે. આ પ્રોજેક્ટમાં આ ટનલ ઉપરાંત બીજી ટનલ મહારાષ્ટ્રમાં સફાલે પાસે વૈતરણી નદીની નીચેથી બનાવાશે, તેનું કામ પણ શરૂ કરી દેવાયુ હોવાનું બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ સાથે સંકળાયેલા ઉચ્ચ અધિકારીઓનું કહેવું છે.

### પરીક્ષા સમયે પેપર લીકની

કરનારી એજન્સીઓની મદદથી પરિસ્થિતિ પર દેખરેખ રાખે છે.

બોર્ડ દ્વારા વાલીઓને વિનંતી કરવામાં આવી છે કે, પરીક્ષા માટે આવી અફવાઓ પર વિશ્વાસ ન કરે અને આવા નકલી સમાચારો ફેલાવવામાં સામેલ થાય નહીં તેમજ બોર્ડની જાહેર પરીક્ષા દરમ્યાન બોર્ડે નિયત કરેલ પરીક્ષા સંબંધી નિયમોનું પાલન કરે અને કોઈપણ જાતની ગેરરીતિથી અને ખોટી અફવાઓથી ગેરમાર્ગે દોરાય નહિ. બોર્ડની જાહેર પરીક્ષાઓ દરમ્યાન આવા અનઅધિકૃત સમાચારો અને અફવાઓથી જાહેર જનતા સજાગ રહે અને પરીક્ષાની પવિત્રતા જળવાય તે માટે કોઈપણ પ્રકારના સંદેશા વ્યવહાર દ્વારા આવી માહિતી ન ફેલાવવા તાકીદ કરવામાં આવે છે. બોર્ડની જાહેર પરીક્ષાઓ સંબંધિત કોઈપણ પ્રકારના વાંધાજનક સમાચારો સોશિયલ મીડિયા કે અન્ય કોઈપણ માધ્યમથી મળે તો બોર્ડના ઈ-મેઈલ આઈડી અથવા તો કેન્ટ્રોલ રૂમમાં જાણ કરવા અથવા તો જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના કન્ટ્રોલરૂમમાં જાણ કરવા તાકીદ કરાઈ છે.

અનુસંધાન પેજ 04 પરથી...

### રશિયા-યુક્રેન યુદ્ધ....

પક્ષોના લગભગ પાંચ લાખ લડવૈયાઓ કાં તો ઘાયલ થયા છે અથવા માર્યા ગયા છે. આ દરમિયાન અમેરિકન અધિકારીઓએ ન્યૂયોર્ક ટાઈમ્સને જણાવ્યું કે આ યુદ્ધમાં 70 હજાર યુક્રેનિયન લડવૈયા માર્યા ગયા છે અને 1 લાખ 20 હજારથી વધુ ઘાયલ થયા છે. આ હિસાબે અત્યારે આ સંખ્યા ઘણી વધારે હોવી જોઈએ.

આ વર્ષના જાન્યુઆરીના અંતમાં બ્રિટનના સંરક્ષણ પ્રધાન જેમ્સ હેપ્પે કહ્યું હતું કે રશિયાએ યુક્રેનના લગભગ 3.5 લાખ લોકોની હત્યા કરી છે. તેણે દાવો કર્યો હતો કે પુતિનની ખાનગી સેના વેગનર ગ્રુપના હજારો લોકો પણ માર્યા ગયા અને ઘાયલ થયા છે. નોંધનીય છે કે પુતિનના ઈશારે ખાનગી લશ્કરની રચના કરનારે તાજેતરમાં પુતિનની સામે અવાજ ઉઠાવી તો એક વિમાની અકસ્માતમાં તેનુ મોત થથાં પુતિનની સામે આંગળી ચિંધવામાં આવી હતી. તે જ સમયે, આવા આંકડા ક્યારેક રશિયા દ્વારા આપવામાં આવે છે. તેથી સાચો આંકડો કાઢવો મુશ્કેલ છે. ઉદાહરણ તરીકે, ઓગસ્ટ 2023ની શરૂઆતમાં, રશિયાના સત્તાવાર મીડિયાએ રશિયન સંરક્ષણ મંત્રાલયને ટાંકીને કહ્યું હતું કે યુક્રેન 2023ના ઉનાળાના ત્રણ મહિનામાં તેના 43 હજાર સૈનિકોને ગુમાવ્યું છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પણ જૂન 2023ના મધ્યમાં દાવો કર્યો હતો કે રશિયાનું નુકસાન યુક્રેન કરતા 10 ગણું ઓછું છે. આ પછી, વર્ષના અંતમાં, રશિયન રાજ્ય મીડિયાએ રશિયન સંરક્ષણ પ્રધાનને ટાંકીને દાવો કર્યો હતો કે ફેબ્રુઆરી 2022 સુધીમાં યુક્રેનમાં 3,83,000 લોકોના મોત થયા હતા. જો કે આ દાવા પર વિશ્વાસ કરી શકાય તેમ નથી કારણ કે આ આંકડો ઘણો વધારે છે. મૃત્યુઆંક ગમે તે હોય, બંને દેશો વચ્ચેના આ યુદ્ધમાં માનવતાને ભારે નુકસાન થઈ રહ્યું છે.

### ગરીબોનો ઈશ્વર...

લેનના બગીચામાં સિગારેટના કશ લેતાં અલકમલકની વાતો કરતાં બેઠા હોઈએ ત્યારે તેમને શયદાબાનુનો ભેટો અચૂક થઈ જતો.

શયદાનું નેહ નીતરતું રૂપ ભલભલાને પાગલ કરી દેતું. જેવી તે બગીચામાં પ્રવેશતી ત્યારે પવન વસંતની મહેક થઈને તેની આસપાસ ઘુમરાતો. તેના આગમનની ખબર બાગમાં ચારે બાજુ કરી દેતો. કાજળ ભરેલ તેની ચકોર આંખો, લાંબા ઘટાદાર કાળા વાળ, ગળામાં લટકતું માદળિયું અને હાથમાં લહેરાતી ખમ્મીશ કુરતાની ઓઢણી અને તેનાં ઝાંઝરની તો વાત જ શી કરવી! બગીચામાં ડાળે ડાળેને પાંદડે પાંદડે પોઢેલ ફૂલ પતંગિયાંને સ્વપ્નમાંથી જગાડતાં જોઈને સંકેત વિનોદભાઈને કહેતો કે આ છોકરીને જ્યારે પણ જોઉં છું ત્યારે મને જીસ દેશ મે બહીતી ગંગાની પદ્મિનીની યાદ અપાવે છે. વિનોદભાઈ સંકેતને હસતાં હસતાં કહેતા, ભલા ઘેલા, તું એમ કહે કે પદ્મિની આ ભોળીભટાક છોકરી સમી લાગતી હતી ..

શયદાનું રૂપ જેટલું માદક હતું એવું જ તેનું મન રૂપલે મઢેલ આભના નિખરતા તારલા સમું ભોળું હતું. આ ભોળીભટાક શયદા જ્યારે વીફરતી ત્યારે રણચંડી બની જતી.

એક રાતે બગીચામાં શયદાને એકલી ફરતી જોઈને પાસેની દરગાહના યુવાનિયાનું એક ટોળું દૂરથી ચેનચાળા કરતું તેને પજવતું બગીચામાં પ્રવેશ્યું. ત્યારે આ જોગમાયા મોઢેથી આગ વરસતી વીજળીના ગોળા જેવી બબ્બે કટકા ગાળો કાઢતી હાથમાં ખુલ્લી તલવાર સમી લાંબી લોઢાની સાંકળ ઝુલાવતી, વાઘણ સમી છોકરાની પાછળ છલાંગ મારતી દોડી.

છોકરાઓ જીવ બચાવવા, પડતા આખડતા, બગીચાની વાડ કૂદતા ભાગ્યા. છોકરાઓની યુવાની પર થૂકતી, આખો બગીચો સાંભળે તેમ તે બરાડી ઊઠી, 'બદમાશો, કયારેક મારા હાથમાં તમે એકલા આવી ગયા ને તો દીકરાવ, તમને જો તમારી નાની યાદ ન કરાવું તો મારું નામ શયદાબાનું નહીં.'

'શયદા, હું તને હવે બરોબર ઓળખી ગયો. મને સ્વપ્ને પણ ખ્યાલ નહીં કે તું આટલી મોટી થઈ જઈશ.' સંકેતથી તેને પૂછાઈ ગયું: 'અરે! અમારા શંકરદાદા આજકાલ શું કરે છે?' સંકેતના સવાલ પર તેની આંખોમાંથી ટપ ટપ આંસુ ટપકવાં માંડ્યાં.થોડીવાર ખામોશ રહ્યા બાદ તે રૂંધાતે સ્વરે બોલી: 'દાદા, તો છ-સાત વર્ષ પહેલાં આ જગતમાંથી ચાલ્યા ગયા. આ દુનિયામાં મારે દાદા સિવાય કોણ હતું?

'શયદા, તું દિલ નાનું ન કર. જેનું કોઈ નથી હોતું તેનો અલ્લાહ હોય છે.' તેમની વાતચીત ચાલતી હતી એટલામાં તેનો નાનો દીકરો ઋષિ કયાંકથી દોડતો આવી તેમની વચ્ચે ટપકી પડ્યો. 'અમ્મી, અમ્મી, મારા અબ્બુ તમારી કયારના ઘરે રાહ જુએ છે. તેમને બહાર જવાનું મોડું થાય છે.' બાંકડેથી ઊભા થતાં સંકેતે શયદાને કહ્યું: 'ઘણાં વરસો બાદ જાણે હું કોઈ મારા સ્વજનને મળ્યો હોઉં એટલો આનંદ તને મળીને થયો. અલ્લાહની ઈચ્છા હશે તો ફરી ક્યારેક પાછાં મળીશું.''અરે! ભાઈ સાહેબ, તમે પણ કમાલના માણસ છો! કેટલાં વરસો બાદ આપણે મળ્યાં. શું હું તમને મારા ઘરનો દરવાજો બતાવ્યા વિના એમ જ પાછા ઘરે જવા દઈશ? તમારે બે-પાંચ મિનિટ માટે પણ મારે ઘેર આવવું જ પડશે!' આ પ્રમાણે સંકેતને કહી તેણે તેના દીકરા ઋષિને હુકમ કર્યો, 'તું મામાનો હાથ પકડી આપણે ઘરે લઈ આવ.'

અનુસંધાન પેજ 10 પરથી...

### મિસ વર્લ્ડ...

તે વર્ષનો તાજ બેલિન્ડા ગ્રીનના માથા પર મૂકવામાં આવ્યો હતો, ત્યારબાદ 1972માં સાતમી વખત તાજ બદલવામાં આવ્યો હતો. આ વર્ષનો તાજ વર્તમાન તાજ સાથે સીધો સંબંધ ધરાવે છે. નવા તાજનો ઉપયોગ વર્ષ 1973, 1974 અને 1975માં પણ કરવામાં આવ્યો હતો. 1973 માં, અમેરિકન ફર્સ્ટ લેડી માર્જોરી વોલેસના માથા પર આ તાજ મૂકાયો હતો. પરંતુ પછીથી વિવાદને કારણે, તાજ પાછો લેવામાં આવ્યો. વર્ષ 1976માં, તાજ 10મી વખત બદલાયો હતો અને તે જમૈકાની સિન્ડી બ્રેકસ્પિયરના માથા પર હતો. તેનો ઉપયોગ 1977 અને 1978 ની સ્પર્ધાઓમાં પણ થયો હતો.

એ પણ જાણવુ જરૂરી છે કે ભારતની રીટા ફારિયા મિસ વર્લ્ડનો તાજ જીતનાર પ્રથમ એશિયન મહિલા હતી. તો ભારતની માનુષી છિલ્લરે 2017માં મિસ વર્લ્ડનો તાજ જીત્યો હતો. આ વખતે કોના માથે તાજ મૂકાશે તે માર્ચના પ્રથમ સપ્તાહમાં જાહેર થશે. વર્ષ 1978માં, મિસ વર્લ્ડ સ્પર્ધાનો તાજ ફરીથી બદલવામાં આવ્યો હતો પરંતુ સ્પર્ધાના આયોજકોએ તેની ડિઝાઈન 1972 ના તાજની ડિઝાઈન જેવી જ રાખી હતી. ત્યારથી, સમાન ડિઝાઇનના તાજનો ઉપયોગ કરવામાં આવે છે, જેની અંદાજિત કિંમત $750,000 હોવાનું કહેવાય છે. જીના સ્વાન્સનના માથા પર આ પહેલો તાજ હતો.હાલમાં ઉપયોગમાં લેવાતી મિસ વર્લ્ડ તાજની પ્રતિકૃતિમાં કારીગરી અને સુંદરતાનું અનોખું ઉદાહરણ જોઈ શકાય છે. આ 4.3 ઈંચ ઊંચા તાજમાં એડજસ્ટેબલ બેન્ડ છે. આ એડજસ્ટેબલ મુગટ તાજમાં નીલમ વાદળી અને પીરોજ જેવા પથ્થરો પણ છે, જે તેની સુંદરતામાં વધારો કરે છે. એક રિપોર્ટ અનુસાર આ તાજની કિંમત 6 કરોડ 21 લાખ રૂપિયા છે. આ વર્ષે 120 સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે.

અનુસંધાન પેજ 02 પરથી...

### ગાંધીનગર સિવિલ

બીજી તરફ સેકટર - 7 પીઆઈ ચૌહાણે વિગતવાર યુવતીનું નિવેદન નોંધતા યુવતી તેના બોયફ્રેન્ડ સાથે ગઈ હોવાનું બહાર આવ્યું હતું. ઉપરાંત યુવતી પિરિયડમાં પણ હોવાની હકીકત પ્રકાશમાં આવી હતી. યુવતીએ શરૂઆતનાં નિવેદનમાં કહ્યું હતું કે, બોયફ્રેન્ડ સાથે રિક્ષામાં બેઠા પછી દસ રૂપિયાની પાણીની બોટલ લઈને પીધી હતી. જે પછી તેને કશું ખબર નથી. આ અંગે પીઆઈ ચૌહાણે કહ્યું કે, યુવતી પિરિયડમાં હોવાના કારણે તેના કપડા લોહીથી ખરડાયેલ હતા. પ્રાથમિક પૂછતાંછમાં યુવતી કશું બન્યું નહીં હોવાનું કહ્યું હતું. જો કે મામલાની ગંભીરતા જાણીને તેનું મેડિકલ તપાસ કરાવવાનું નક્કી કર્યું છે. હાલમાં તેની મેડિકલ તપાસ ચાલી રહી છે. જેમાં અઘટિત ઘટના ઘટી હોવાનું સામે આવશે તો કસૂરવારો સામે ગુનો નોંધવામાં આવશે.

# ભારતીય અર્થતંત્ર: યુપીએ વિ. એનડીએ એક સરખામણી - આંકડાબોલે છે!

■ આજે 2024માં દેશમાં રોજ 28 કિલોમીટરના હાઈવે બની રહ્યા છે, જે 2014માં માત્ર 12 કિલોમીટર બનતા હતા

ગુજરાત | વંદન



મોદી સરકારના બીજા કાર્યકાળનું છેલ્લું સંસદ સત્ર પસાર થઈ ગયું છે. હવે સામાન્ય ચૂંટણી થશે અને 18મી સંસદની રચના થશે. છેલ્લા બજેટ સત્રમાં એક રસપ્રદ ઘટના બની જેણે સૌનું ધ્યાન ખેંચ્યું. મોદી સરકારે 2004થી 2014 વચ્ચેની આર્થિક સ્થિતિ પર શ્વેતપત્ર રજૂ કર્યું હતું. સમજવું કે યુપીએ સરકારને દસ વર્ષ વીતી ગયા છે. તેથી, સવાલ એ થાય છે કે શું સરકાર લોકસભાની ચૂંટણી પહેલા શ્વેતપત્ર દ્વારા લોકોની યાદમાં યુપીએના ખરાબ આર્થિક સમયગાળાને પુનર્જીવિત કરવા માંગે છે?

તે જ સમયે, સરકાર અને પીએમ મોદીનું કહેવું છે કે જો અમે રાજકીય લાભ માટે આ કામ પહેલા કર્યું હોત તો તેની નકારાત્મક અસર દેશની અર્થવ્યવસ્થા પર દેખાઈ હોત. તેનાથી રોકાણકારોનો વિશ્વાસ તૂટી જશે અને લોકોનો વિશ્વાસ ઉઠી જશે. તેથી પહેલા અમારી સરકારે યુપીએના 10 વર્ષનો ખાડો પૂર્યો અને પછી દેશ સમક્ષ આ શ્વેતપત્ર રજૂ કર્યું હતું.

કોંગ્રેસે પણ જવાબમાં બ્લેક પેપર બહાર પાડ્યું અને ચર્ચા મોદી સરકારના 10 વર્ષ વિરુદ્ધ મનમોહન સરકારના 10 વર્ષમાં ફેરવાઈ ગઈ. આથી ચૂંટણી પહેલા આંકડાઓ દ્વારા બંને પક્ષોના તમામ પાસાઓ પર ધ્યાન આપવું જરૂરી છે. આંકડામાં કયો પક્ષ આર્થિક અને રાજકીય પ્રભાવ ધરાવે છે તે જોવું રહ્યું.

મોંઘવારીના આંકડા મોદી સરકાર માટે એક એવું હથિયાર છે જેના માટે વિપક્ષ પાસે જવાબ નથી. તેનું કારણ એ છે કે યુપીએ દરમિયાન 2004 થી 2014 ની વચ્ચે સરેરાશ ફુગાવો 8.2% હતો, જ્યારે NDA સરકારના છેલ્લા 10 વર્ષમાં તે 5% હતો. યુપીએ માટે સૌથી ખરાબ આંકડા 2009 થી 2014 સુધીના છે. નાણાકીય વર્ષ 2009માં ફુગાવાનો દર 9.1% હતો. 2014 સુધી તે અનુક્રમે 12.3%, 10.5%, 9.5%, 10% અને 9.4% છે. મોંઘવારી દર આજે પણ ડબલ ડિજિટમાં છે તે યુપીએની વિશ્વસનીયતા પર મોટો ડાઘ લાગે છે.

મોદી સરકારના પ્રથમ કાર્યકાળમાં મોટી ટીકા બેંકોની એનપીએ માટે થઈ હતી. બેંકોની NPA 10 લાખ કરોડ રૂપિયાના ખતરનાક સ્તરે પહોંચી ગઈ હતી. આનું એક સંભવિત પરિણામ એ આવ્યું કે ઘણી સરકારી બેંકો એકબીજા સાથે મર્જ થઈ ગઈ. આજે જ્યારે આપણે આંકડાઓ પર નજર કરીએ છીએ, ત્યારે આપણને જણાય છે કે ગ્રોસ એનપીએ 2023માં ઘટીને 3.2% થઈ ગઈ છે જે 2013માં 12.3% હતી.

'નાદારી અને નાદારી કોડ'એ આમાં ભૂમિકા ભજવી છે, જેને મોદી સરકારે 2016માં સંસદ દ્વારા કાયદો બનાવ્યો હતો. અહીં વિચારવા જેવી બીજી હકીકત એ છે કે માર્ચ 2004માં સરકારી બેંકોએ રૂ. 6.6 લાખ કરોડની લોન આપી હતી, જે માર્ચ 2012માં 490% વધીને રૂ. 39 લાખ કરોડ થઈ હતી. 2018 માં, આરબીઆઈ ગવર્નરે બેડ લોનના પ્રશ્ન પર સંસદીય સમિતિને જાણ કરી હતી કે 2006-08 દરમિયાન સૌથી વધુ બેડ લોન આપવામાં આવી હતી.

મોદી સરકાર પર એવો આરોપ લાગ્યો છે કે તેના કાર્યકાળમાં દેશનું દેવું ઝડપથી વધ્યું છે. ભારતનું દેવું જે 2014માં 55 લાખ કરોડ રૂપિયા હતું તે 2023માં 155 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી જશે. પરંતુ જો આપણે બાહ્ય ઋણના ડેટા પર નજર કરીએ, તો આપણને જણાય છે કે 2004-2014 વચ્ચે, બાહ્ય દેવું 21.1%ના દરે વધ્યું હતું, જે 2014-2023ની વચ્ચે 4.5%ના દરે વધશે.

બીજી મહત્વની બાબત એ છે કે દેવું કુલ જીડીપીના પ્રમાણમાં જોવામાં આવે છે. 2013-14 થી 2022-23 ની વચ્ચે, ભારતનો જીડીપી 139 ટકા વધીને રૂ. 13.45 લાખ કરોડથી રૂ. 272 લાખ કરોડ થયો છે. આજે ભારતીય અર્થવ્યવસ્થા વિશ્વની 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગઈ છે, જે 2014માં 10મું અને 2004માં 12મું હતું.

હાઈવે નિર્માણ નું બાંધકામ મૂડી ખર્ચનો એક ભાગ છે. મૂડી ખર્ચ અર્થતંત્ર માટે ટોનિક છે. દેશની ગતિ અને સંપત્તિના નિર્માણ માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ છે. જો આ સ્કેલ પર જોવામાં આવે તો મોદી સરકાર હાઈવે નિર્માણમાં ઘણી આગળ હોવાનું જણાય છે. આજે 2024માં દેશમાં દરરોજ 28 કિલોમીટરના હાઈવે બની રહ્યા છે, જે 2014માં માત્ર 12 કિલોમીટર પ્રતિ દિવસ હતા.

2015માં દેશમાં કુલ 97,830 કિલોમીટરના હાઈવે હતા, જે આજે વધીને 1,45,240 કિલોમીટર થઈ ગયા છે. એરપોર્ટ બાંધકામ બાબતે પણ આ જ પ્રકારનું વિસ્તરણ થયું છે. આજે દેશમાં કુલ એરપોર્ટની સંખ્યા 149 પર પહોંચી ગઈ છે જે 2015માં 74 હતી. આનું કારણ વધેલો મૂડી ખર્ચ છે જેમાં મોદી સરકારે તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર વધારો કર્યો છે. જો આપણે મૂડી ખર્ચ પર નજર કરીએ તો 2013-14માં તે 16% હતો, જે હવે કુલ બજેટના 28% થઈ ગયો છે.



# RBIની કડક કાર્યવાહી!

■ SBI સહિત ત્રણ બેંકોને ફટકાર્યો દંડ

ગુજરાત | વંદન

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ફરી એકવાર કડકતા દાખવીને ભારતની ત્રણ બેંકોને ભારે દંડ ફટકાર્યો છે. નિયમોનું પાલન ન કરવા બદલ દેશની સૌથી મોટી સરકારી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, કેનેરા બેંક અને સિટી યુનિયન બેંકને કરોડો રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આરબીઆઈ (Reserve Bank of India)એ ત્રણેય બેંકોને લગભગ 3 કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ભારતીય રિઝર્વ બેંકે """Depositor Education Awareness Fund Scheme 2014" સંબંધિત નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ત્રણેય બેંકોને દંડ ફટકાર્યો છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના જણાવ્યા અનુસાર, ડિપોઝિટર એજ્યુકેશન અવેરનેસ ફંડ સ્કીમ 2014ના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ SBI, સિટી યુનિયન બેંક લિમિટેડ અને કેનેરા બેંકને દંડ ફટકારવામાં આવ્યો છે. પરંતુ દંડની રકમ અલગ-અલગ છે

RBIએ SBIને 2 કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જ્યારે પ્રોપર્ટી ક્લાસિફિકેશ, ઈનકમ સર્ટિફિકેટ અને લોન, NPA સાથે સંબંધિત જોગવાઈઓનું પાલન ન કરવા બદલ અને કેવાયસી સાથે સંબંધિત નિયમોનું પાલન ન કરવા બદલ સિટી યુનિયન બેંક લિમિટેડને રૂ.66 લાખનો દંડ ફટકાર્યો છે. આ સિવાય આરબીઆઈના કેટલાક નિયમો છે જેનું પાલન ન કરવા બદલ કેનેરા બેંકને પણ 32.30 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

RBIના આ એક્શનથી ગ્રાહકોને બેંક સાથે લેવડ-દેવડ કરવામાં સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે? તો અમે તમને જણાવી દઈએ કે આવું કંઈ થવાનું નથી. નિયમોનું પાલન ન કરવા બદલ બેંકો પર લાદવામાં આવેલા દંડની ગ્રાહકો પર કોઈ અસર નહીં થાય. સમય સમય પર આરબીઆઈ બેંકિંગ નિયમોનું પાલન ન કરવા બદલ બેંકો અને એનબીએફસી પર દંડ લાદે છે.

# નાગાલેન્ડના નાગરિકોને જીવન વીમા કવચ હેઠળ આવરી લેવાયા

■ યોજના દ્વારા રાજ્યના લોકોને ખાતરીપૂર્વકની આર્થિક સુરક્ષા મળશે




ગુજરાત | વંદન

પૂર્વોત્તર રાજ્ય નાગાલેન્ડની સરકારે નાગરિકો માટે મોટી જાહેરાત કરી છે. સરકારે યુનિવર્સલ લાઈફ ઈન્સ્યોરન્સ સ્કીમ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. બજેટની રજૂઆત દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી. આ સંપૂર્ણપણે સરકારી ભંડોળથી ચાલતી યોજના છે.બીજા રાજ્યો પણ તેનું અનુકરણ કરે તેમ મનાય છે.

મંગળવારે બજેટ રજૂ કરતી વખતે નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફિયુ રિયોએ યુનિવર્સલ લાઈફ ઈન્સ્યોરન્સ સ્કીમ લોન્ચ કરી હતી. મુખ્યમંત્રી પાસે રાજ્યના નાણામંત્રીનો વધારાનો હવાલો પણ છે. આ સર્વગ્રાહી યોજનાની જાહેરાત કરતાં તેમણે કહ્યું કે તે સરકાર દ્વારા સંપૂર્ણ ભંડોળવાળી યોજના છે. જે અંતર્ગત જો પરિવારમાં કમાનાર વ્યક્તિનું કોઈ કારણસર અકાળે અવસાન થાય તો પરિવારને આર્થિક સંકટની પરિસ્થિતિમાંથી બચાવી શકાય છે. સરકાર દ્વારા સંપૂર્ણપણે ભંડોળ પૂરું પાડવામાં આવે છે તેનો અર્થ એ છે કે રાજ્યની વ્યક્તિઓ માટે જીવન વીમો સરકાર દ્વારા જ આપવામાં આવશે. આમાં નાગાલેન્ડ સરકાર રાજ્યના રહેવાસીઓ માટે પ્રીમિયમ પણ ચૂકવશે.

આ યોજનાનો લાભ રાજ્યના તમામ પરિવારોને આપવામાં આવશે. જેમાં પરિવારના વડાનો જીવન વીમો આપવામાં આવશે. અન્ય ત્રણ લોકોને અકસ્માત વીમો આપવામાં આવશે. રાજ્ય સરકારનું માનવું છે કે આ યોજના દ્વારા રાજ્યના લોકોને ખાતરીપૂર્વકની આર્થિક સુરક્ષા મળશે.

જ્યારે પરિવારના વડા અથવા કમાઉ વ્યક્તિનું અચાનક મૃત્યુ થાય છે, ત્યારે પરિવારને આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેના કારણે ઘણા લોકો ખાવા પીવાની પણ ચિંતા કરે છે.

# ઈતિહાસનું પુનરાવર્તન નહીં થાય, આકાશ મારા માટે 'રામ' સમાન : અનંત અંબાણી

## પિતા મુકેશ અને કાકા અનિલની જેમ અમને ભાગલાનો ડર નથી....

ગુજરાત | વંદન



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને નીતા અંબાણીના નાના પુત્ર અનંત અંબાણીના આગામી સમયમાં રાધિકા મર્ચન્ટ સાથે લગ્ન થવાના છે. તેમના લગ્ન પહેલા પ્રી-વેડિંગ ફંક્શન થોડા દિવસોમાં શરૂ થવા જઈ રહ્યા છે. આ પહેલા અનંત અંબાણીએ એક મોટું નિવેદન આપ્યું છે. અનંતે આકાશ અંબાણીને 'રામ' જેવો ભાઈ ગણાવ્યો છે.

એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં અનંત અંબાણીએ કહ્યું કે તેમના પિતા અને કાકા અનિલ અંબાણી વચ્ચે સંપત્તિના ભાગલાને લઈને થયેલા વિવાદથી તેમને કોઈ ડર નથી. તેમનો મોટો ભાઈ આકાશ બિલકુલ રામ જેવો છે.


ઉલ્લેખનીય છે કે, ભાગલાને લઈને રિલાયન્સ પરિવારની પાછલી પેઢીમાં મોટો વિવાદ થયો હતો. મુકેશ અંબાણી અને અનિલ અંબાણી વચ્ચેની લડાઈમાં માતા કોકિલાબેનને હસ્તક્ષેપ કરવો પડ્યો હતો. આ પછી રિલાયન્સનો બિઝનેસ વહેંચાઈ ગયો. મુકેશ અંબાણીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની કમાન મળી હતી, જ્યારે અનિલ અંબાણીને રિલાયન્સ ટેલિકોમ્યુનિકેશન્સ અને રિલાયન્સ કેપિટલ જેવા બિઝનેસ મળ્યા હતા.

અનંત અંબાણી લગ્ન સિવાય હાલમાં જ તેમના ડ્રીમ પ્રોજેક્ટ 'વનતારા'ને લઈને પણ ચર્ચામાં છે. 'વનતારા' એ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના જામનગર રિફાઈનરી કોમ્પ્લેક્સમાં બનેલું વિશ્વ કક્ષાનું પ્રાણી આશ્રય છે. તેને 3000 એકરમાં ફેલાયેલા ગ્રીન બેલ્ટમાં વિકસાવવામાં આવ્યું છે. આ વિશ્વના સૌથી મોટા પ્રાણી બચાવ અને પુનર્વસન કેન્દ્રોમાંનું એક છે. વિશ્વભરમાંથી ઘાયલ પ્રાણીઓને અહીં લાવવામાં આવે છે. અહીં તેમની સંભાળ લેવામાં આવે છે, તેમની સારવાર કરવામાં આવે છે અને તેમને મૃત્યુના ચુંગાલમાંથી બચાવવાની સાથે તેમના પુનર્વસનની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. અહીં પ્રાણીઓને જંગલ જેવું વાતાવરણ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. લીલીછમ જમીનની સાથે કુદરતી જળાશયોની પણ સંપૂર્ણ કાળજી લેવામાં આવી છે. લગભગ 2,000 બચાવેલા પ્રાણીઓ છે.

# 19 વર્ષની ઉંમરમાં પ્રથમ પ્રયાસે મહેંકની મહેનત મહેંકી ઉઠી.....

■ પાસ કરી CSની અઘરી પરીક્ષા, સર્જ્યો રેકોર્ડ

ગુજરાત | વંદન



મહેંકે તેની સફળતા અંગે વાત કરતા કહ્યુ હતું કે તેને તેના પરિવારજનો તરફથી ખુબ સપોર્ટ મળ્યો હતો.. પોતાની સફળતા અંગે વાત કરતા તેણે કહ્યું કે સખત મહેનત અને સતત મહેનત બન્ને જરૂરી છે.. સવારથી સાંજ સુધી ક્લાસમાં અભ્યાસ બાદ ઘરે આવીને થોડો આરામ કરીને રાત-રાતભર તે અભ્યાસ કરતી .. તેણે કહ્યું કે કોઈ ફેમિલિ ફંકસન પણ તેણે અટેન્ડ કર્યા નથી.. આ જ કારણથી તેના પરિવારજનો ઘણીવાર તેની ચિંતા કરતા. મહેંકના પરિવારમાં બધા કાયદાની ડિગ્રીઓ ધરાવે છે.. જેથી તેઓની ઈચ્છા હતી કે મહેક પણ લો નો અભ્યાસ કરે અને એલએલબી કે પછી એલએલએમ કરે પરંતુ મહેંક CS કરવા મક્કમ હતી. અને તેણે તે કરી બતાવ્યું.. મહેંકે આજે તેની સફળતાથી ગુજરાતનું નામ રોશન કર્યુ છે.

# અદાણી ગ્રૂપે ઈલેક્ટ્રિક માસ મોબિલિટી સેગમેન્ટમાં પ્રવેશ કર્યો

■ અદાણી ગ્રૂપ અને ઉબેરનું જોડાણ દેશમાં EV ક્ષેત્રે રોજગારી સર્જશે

ગુજરાત | વંદન

અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણી અને કેબ બુકિંગ એપ કંપની ઉબેરના સીઈઓ દારા ખોસરોશાહી વચ્ચેની બેઠક બાદ માર્કેટમાં ચર્ચાઓનું બજાર ગરમ છે. તાજેતરમાં થયેલી આ ખાસ મુલાકાત બાદ બંને કંપનીઓએ સાથે મળીને કામ કરવાના સંકેત આપ્યા છે.



બંને ઉદ્યોગ નેતાઓએ ભારતના વિકાસ અને વિઝન પર ચર્ચાઓ કરી દેશમાં EV ટ્રાન્ઝિશનને વેગ આપવા મોબિલિટી સર્વિસ પ્રોવાઈડર બનવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

અદાણી ગ્રૂપે ઈ-બસના કાફલાઓમાં બીડ કરીને ઈલેક્ટ્રિક માસ મોબિલિટી સેગમેન્ટમાં પ્રવેશ કર્યો છે. ઉબેર સાથેનું જોડાણ અદાણી ગ્રૂપના રિન્યુએબલ એનર્જી પુશ સાથે સારી રીતે બંધબેસે છે. તે સમગ્ર ભારતમાં ચાર્જિંગ સ્ટેશનનું નેટવર્ક ઊભું કરી EV ફ્લીટને ગ્રીન એનર્જી સાથે પાવરિંગ લૂપને પૂર્ણ કરે છે. આ ભાગીદારીથી ભારતમાં ઈલેક્ટ્રિક ફોર-વ્હીલરને અપનાવવાની ક્ષમતા વધી જશે, કારણ કે ઉત્પાદકો આર્થિક રીતે સધ્ધર બનવા મોટા પાયે વ્યાપારી એપ્લિકેશનો શોધી રહ્યા છે. ઉબેર માટે તે વિશ્વની સૌથી મોટી EV ફ્લીટ ભાગીદારીમાંની એક બની શકે છે.

અદાણી જૂથ આગામી 10 વર્ષમાં ભારતના ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશનમાં $100 બિલિયનનું રોકાણ કરવા પ્રતિબદ્ધ છે અને 2027 સુધીમાં 10 ગીગાવોટ સુધીની સૌર ઉત્પાદન ક્ષમતા વધારવાની યોજના ધરાવે છે. તો ઉબેર 2040 પહેલા શૂન્ય-ઉત્સર્જન ગતિશીલતા પ્લેટફોર્મ બનવાની તેની પ્રતિબદ્ધતાને અનુસરતા ભારત સહિત વિશ્વભરમાં EV વાહનોના કાફલા સાથે ઉતરવાનું વિચારી રહ્યું છે. ઉબેરની ઈકો-ફ્રેન્ડલી EV સેવા દિલ્હીમાં પહેલેથી જ ઉપલબ્ધ છે.

ઉબર સાથે ભાગીદારીનું પગલું અદાણી ગ્રુપને આગામી દસ વર્ષમાં એનર્જી ટ્રાન્ઝિશન સહિતના ઉદ્યોગોમાં $100 અબજનું રોકાણ કરવાની યોજનામાં મદદરૂપ સાબિત થશે. બસ, કોચ અને ટ્રક જેવા ઈલેક્ટ્રિક કોમર્શિયલ વાહનોમાં ધરાવતું અદાણી જૂથ આગામી સમયમાં ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોમાં પ્રવેશ કરવાની યોજના ધરાવે છે..

# એમોનિયમ નાઈટ્રેટ પ્લાન્ટ સ્થાપવા બે સરકારી કંપનીઓએ કરાર કર્યા

ગુજરાત | વંદન




જાહેર ક્ષેત્રની મહારત્ન કંપનીઓ કોલ ઈન્ડિયા લિમિટેડ અને ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડએ જોઈન્ટ વેન્ચર કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. સંયુક્ત સાહસ દ્વારા કંપની કોલ ગેસિફિકેશન ટેકનોલોજી માર્ગ દ્વારા એમોનિયમ નાઈટ્રેટ પ્લાન્ટ સ્થાપવાની યોજના ધરાવે છે.

મહાનદી કોલફિલ્ડ્સ લિમિટેડ દ્વારા ઓડિશાના લખનપુર વિસ્તારમાં સ્થાપવામાં આવનાર પ્લાન્ટ શરૂઆતમાં દરરોજ 2,000 ટન એમોનિયમ નાઈટ્રેટનું ઉત્પાદન કરશે. વાર્ષિક ઉત્પાદન 6.60 લાખ ટન થવાનો અંદાજ છે જેના માટે 1.3 મિલિયન ટન કોલસાની જરૂર પડશે. કોલ ઈન્ડિયા લિમિટેડ એટલેકે CIL કોલસો સપ્લાય કરશે.

કોલસા મંત્રાલયે જણાવ્યું હતું કે, "બે કોર્પોરેટ દિગ્ગજોની તાલમેલ અને ભાગીદારીએ નેશનલ કોલ ગેસિફિકેશન મિશન તરફ એક મોટું પગલું છે જે કોલસાના રાસાયણિક ગુણધર્મોના ઉપયોગની સુવિધા આપે છે. એમોનિયમ નાઈટ્રેટ એ જથ્થાબંધ વિસ્ફોટકોના ઉત્પાદનમાં મુખ્ય ઘટક છે જેનો CIL તેના OC માઈનિંગ કામગીરીમાં મોટા પ્રમાણમાં ઉપયોગ કરે છે અને કંપની માટે કોલસાના ઉત્પાદનનો મુખ્ય સ્ત્રોત છે. આગામી પ્લાન્ટ કાચા માલને સુરક્ષિત કરવામાં એમોનિયમ નાઈટ્રેટની આયાત પર નિર્ભરતા ઘટાડવા અને આત્મનિર્ભર ભારત અભિયાનને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે.ભેલની વાત કરીએ તો આ મહારત્ન કંપનીએ એક વર્ષમાં 200 ટકાથી વધુ રિટર્ન આપ્યું છે. તે જ સમયે કોલ ઈન્ડિયાએ પણ છેલ્લા એક વર્ષમાં 98 ટકાથી વધુ વળતર આપ્યું છે.

# દેશની પહેલી કોમર્શીયલ ચીપ ટાટા-તાઈવાનની બનશે

ગુજરાત | વંદન



પીએમ મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક મળી હતી જેમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેને લઈને માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુર અને રેલવે મિનિસ્ટર અશ્વિણી વૈષ્ણવે કેબિનેટ બ્રીફિંગ મીટીંગમાં આ અંગેની માહિતી પુરી પાડી હતી.

પીએમ સૂર્યઘર મફત વિજળી યોજનાને આજે મંજૂરી આપવામાં આવી છે. 1 કરોડ ઘરોને 300 યુનિટ મફતમાં વિજળી મળશે. ન્યૂ એન્ડ રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રમાં ભારત મોટી છલાંગ લગાવી રહ્યો છે. જેમાં 45 ગીગા વોટ રિન્યૂએબલ એનર્જીનું ઉત્પાદન થશે. આ સાથે સોલર યોજનાને લઈને પણ પીએમ મોદીએ જાહેરાત કરી હતી તેને પણ આજની બેઠકમાં મંજૂરી આપી દેવામાં આવી છે. આ સાથે રેલવે મિનીસ્ટર અશ્વિણી વૈષ્ણવે પણ સેમી કન્ડક્ટર ફેબને અપ્રુવલની જાણકારી આપી છે. તેમણે કહ્યું હતુ કે આજની યોજાયેલી બેઠકમાં સેમી કન્ડક્ટર ફેબને અપ્રુવલ મળી ગયુ છે. ત્યારે આ નિર્ણય આત્મનિર્ભર ભારતના સંકલ્પની સૌથી મોટી સિદ્ધી છે. આ સાથે દેશની પહેલી કોમર્શીયલ ચીપ ટાટા અને તાઈવાનની બનશે જેના કોલોબ્રેશનથી ધોલેરામાં સૌથી પહેલી સેમી કન્ડક્ટર ફેબ બનાવવામાં આવશે.

# દેશના 9 કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં જમા થઇ 21,000 કરોડથી વધુની રકમ

■ કિસાન સન્માન નિધિ હેઠળ 16મો હપ્તો અપાયો.....



ગુજરાત | વંદન

PM કિસાન સન્માન નિધિની સત્તાવાર વેબસાઈટ અનુસાર, PM કિસાન સન્માન નિધિ યોજનામાં નોંધાયેલા ખેડૂતો માટે ઈ-કેવાયસીકરાવવું ફરજિયાત છે, ઓટીપી આધારિતઈ-કેવાયસી કિસાન પોર્ટલ પર ઉપલબ્ધ છે.

28 ફેબ્રુઆરી, 2024 ના રોજ મહારાષ્ટ્રના યવતમાલની તેમની મુલાકાત દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોના ખાતામાં PM કિસાન સન્માન નિધિનો 16મો હપ્તો રજૂ કર્યો હતો. દેશના 9 કરોડથી વધુ ખેડૂતોને કુલ 21,000 કરોડ રૂપિયાથી વધુની રકમ મોકલવામાં આવી છે. દર વખતે આ રકમ લાભાર્થીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

PM કિસાન સન્માન નિધિની સત્તાવાર વેબસાઈટ અનુસાર, PM કિસાન સન્માન નિધિ યોજનામાં નોંધાયેલા ખેડૂતો માટે ઈ-કેવાયસી કરાવવું ફરજિયાત છે,ઓટીપી આધારિત ઈ-કેવાયસી PM કિસાન પોર્ટલ પર ઉપલબ્ધ છે. આ સિવાય ખેડૂતો બાયોમેટ્રિક આધારિત ઈ-કેવાયસી માટે નજીકના CSC કેન્દ્રોની મુલાકાત લઈ શકે છે. ઈકેવાયસી વિના, ખેડૂતોને યોજનાનો લાભ મળશે નહીં અને તેમના ખાતામાં 2000-2000 રૂપિયાની રકમ મોકલવામાં આવશે નહીં.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાની ગણતરી વિશ્વની સૌથી મોટી સીધી લાભ ટ્રાન્સફર યોજનાઓમાં થાય છે. દર વર્ષે, આ યોજના હેઠળ નોંધણી કરાવનારા પાત્ર ખેડૂત પરિવારોને કેન્દ્ર સરકાર દ્વારા 6,000 રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે. જે ડીબીટી દ્વારા ચૂકવવામાં આવે છે. આ 6000 રૂપિયા દર ચાર મહિનાના અંતરાલમાં ત્રણ સમાન હપ્તામાં ખેડૂતોના બેંક ખાતામાં મોકલવામાં આવે છે.

## પતંજલિની ભ્રામક જાહેરાતો સામે સુપ્રીમ કોર્ટે દંડો પછાડ્યો

# તમારી સામે અવમાનનાની કાર્યવાહી કેમ ન કરવી જોઈએ?

■ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા રામદેવની કંપની સામે રિટ અરજી

ગુજરાત | વંદન




જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ એ અમાનુલ્લાહની ખંડપીઠે પતંજલિ આયુર્વેદ તેમજ તેના મેનેજિંગ ડિરેક્ટર્સને ઔષધીય અસરકારકતાનો દાવો કરતી જાહેરાતો અને તેમની સત્યતા અંગે સખત ઠપકો આપ્યો હતો અને તેમની સામે નોટિસ જારી કરી હતી. નોટિસમાં સવાલ કરવામાં આવ્યો છે કે શા માટે તેમની સામે અવમાનનાનીકાર્યવાહી ન કરવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે મંગળવારે યોગ ગુરુ બાબા રામદેવના પતંજલિ આયુર્વેદના ઉત્પાદનોને લઈને કડકતા દર્શાવી હતી. જે બાદ પતંજલિ ફૂડ્સ લિમિટેડના શેર તૂટ્યા હતા. સર્વોચ્ચ અદાલતે પતંજલિના ઉત્પાદનોના વેચાણ માટે ભ્રામક જાહેરાતો સામે પહેલેથી જ કાર્યવાહી કરી હતી. પતંજલિ આયુર્વેદે કોર્ટમાં આપેલા વચનો અને ઔષધીય અસરકારકતાનો દાવો કરતા નિવેદનો કરવા સામેના પ્રતિબંધનું ઉલ્લંઘન કર્યું છે.જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ એ અમાનુલ્લાહની ખંડપીઠે પતંજલિ આયુર્વેદ તેમજ તેમના મેનેજિંગ ડિરેક્ટરોને ઔષધીય અસરકારકતાનો દાવો કરતી જાહેરાતો અને તેમની સત્યતા અંગે સખત ઠપકો આપ્યો હતો અને તેમની સામે નોટિસ જારી કરી હતી. નોટિસમાં સવાલ કરવામાં આવ્યો છે કે શા માટે તેમની સામે અવમાનનાની કાર્યવાહી ન કરવી જોઈએ.

સુપ્રીમ કોર્ટના આ પગલાની અસર પતંજલિ ફૂડ લિમિટેડના શેર પર સ્પષ્ટ દેખાઈ રહી છે. બુધવારે આ શેરે 1563.65 રૂપિયા પર લાલ નિશાન સાથે ટ્રેડિંગ શરૂ કર્યું હતું. મંગળવારે તે રૂ.1622 પર બંધ રહ્યો હતો. ઈન્ડિયન મેડિકલ એસોસિએશને રામદેવ દ્વારા ચલાવવામાં આવતી રસીકરણ અને આધુનિક દવાઓ વિરુદ્ધ પ્રચાર અભિયાન વિરુદ્ધ અરજી દાખલ કરી હતી. જે બાદ સુપ્રીમ કોર્ટે રામદેવ દ્વારા સહ-સ્થાપિત અને હર્બલ પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરતી પતંજલિ આયુર્વેદ કંપનીના ઉત્પાદનોના વેચાણ માટે ભ્રામક અને ખોટી જાહેરાતો પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો.

કોઈપણ ઉત્પાદનની જાહેરાત, બ્રાન્ડિંગ અને ઔષધીય અસરકારકતા અંગે કોઈ નિવેદન જારી કરવામાં આવશે નહીં. આ સાથે તેમણે એ પણ ખાતરી આપી હતી કે તેઓ તથ્યો વિના કોઈપણ સારવાર પદ્ધતિ વિરુદ્ધ કોઈ નિવેદન નહીં આપે. સુપ્રીમ કોર્ટે તેમને ખોટી અને ભ્રામક જાહેરાતો સામે ચેતવણી આપી હતી.

# હોળી રમવાથી ત્વચા-વાળને નુકસાન થવાનો ડર રહે છે...



રંગબેરંગી રંગો સાથે ધૂળેટી રમવાની ખૂબ મજા આવે છે. પરંતુ આ રંગોમાં ઘણા રસાયણો હોય છે. જે તમારી ત્વચા અને વાળને ઘણું નુકસાન પહોંચાડે છે. આ રંગોની ત્વચા પર ઘણી આડઅસરો હોય છે જેમ કે ત્વચાની લાલાશ, ફોલ્લીઓ અને બળતરા થવા જેવી સમસ્યા ઉદભવે છે. તમારે હોળી પહેલા તમારી ત્વચાની સંભાળ લેવી જોઈએ.જો તમે હર્બલ રંગોથી હોળી રમતા હોવ તો પણ તમને ખબર નથી હોતી કે સામેની વ્યક્તિ કયા રંગોનો ઉપયોગ કરી રહી છે.

તેથી, રંગોની આડઅસરથી બચવા માટે તમારી ત્વચા અને વાળની કાળજી લેવી ખૂબ જ જરૂરી છે. હોળી રમતા પહેલા, તમારી ત્વચાને અનુરૂપ એસપીએફનું સનસ્ક્રીન લગાવવાનું ભૂલશો નહીં. તે ત્વચા પર એક સ્તર બનાવે છે. આ તમારી ત્વચાને રંગોના ખરાબ પ્રભાવથી બચાવશે. હોળી પહેલા અને 3 થી 4 દિવસ પછી ત્વચા પર ફેશિયલ, વેક્સ, બ્લીચ જેવી કોઈપણ પ્રકારની ટ્રીટમેન્ટ ન કરવી જોઈએ.

હોળી રમતા પહેલા શરીર પર સારી રીતે તેલ લગાવો. આના કારણે રંગ તમારા શરીર પર સીધો ચોંટશે નહીં. જો તમે તેલ ન લગાવવા માંગતા હોવ તો તેના બદલે તમે મોઈશ્ચરાઈઝર પણ લગાવી શકો છો.તમારી આંખોમાં રંગ આવવાથી તમારી આંખોને નુકસાન થઈ શકે છે, જો તમારી આંખોમાં ભૂલથી રંગ આવી જાય તો તેને રગડો નહીં પરંતુ તમારી આંખોને ઠંડા પાણીથી ધોઈ લો અને જો સમસ્યા વધી રહી હોય તો ડૉક્ટરની સલાહ અવશ્ય લો.રંગોમાં મિશ્રિત રસાયણો પણ વાળને નુકસાન પહોંચાડે છે,

તેથી રાત્રે તમારા વાળને તેલથી સારી રીતે માલિશ કરો. ધૂળેટી રમ્યા પછી, તમે તમારી ત્વચાને રંગોથી થતા નુકસાનથી બચાવવા માટે તમારા ચહેરા પર ગુલાબજળ લગાવી શકો છો. તે બળતરા ઘટાડી શકે છે અને ત્વચા પરના રંગોને કારણે થતા નુકસાનથી તમારું રક્ષણ કરી શકે છે.ધૂળેટી રમતી વખતે ઘણા લોકો પોતાના હોઠનું ધ્યાન રાખવાનું ભૂલી જાય છે અને હોઠ પર કંઈ પણ લગાવતા નથી. પરંતુ હોઠને પણ આ રંગોથી બચાવવા જોઈએ.

**ટિપ્સ : ત્વચાને અનુરૂપ એસપીએફનું સનસ્ક્રીન લગાવવાનું ભૂલશો નહીં**

આ માટે હોળી રમતા પહેલા હોઠ પર પેટ્રોલિયમ જેલી લગાવીને હળવા હાથે માલિશ કરવી જોઈએ. તે પછી, જો તમે ઈચ્છો તો, તમે ટોચ પર લિપસ્ટિકનો કોટ પણ લગાવી શકો છો.તમારા શરીરના અંગોને રંગોથી બચાવવા માટે હોળી રમતા પહેલા હંમેશા ફુલ સ્લીવના કપડાં પહેરો. સુતરાઉ કપડાં પહેરવાની પણ સલાહ આપવામાં આવે છે. કારણ કે તે હળવા હોય છે અને તેના પર પાણી અને રંગ ચઢ્યા પછી પણ શરીરને અસ્વસ્થતા અનુભવાતી નથી. ધૂળેટી રમ્યા બાદ સામાન્ય પાણીથી જ સ્નાન કરો.

કારણ કે કહેવાય છે કે ગરમ પાણીથી નહાવાથી ત્વચાનો રંગ તો નથી જતો પણ રંગ ત્યાં જ રહે છે. હોળી રમતી વખતે તમારા વાળ ખુલ્લા ન રાખો. જો શક્ય હોય તો, પોનીટેલ અથવા બન બનાવો. કારણ કે આનાથી આખા વાળમાં કલર નહીં લાગે અને વાળને રંગોની ખરાબ અસરથી બચાવી શકાય છે.નખને હોળીના રંગોથી બચાવવા માટે, તમે નખ પર ઘાટા રંગનો નેઈલ પેઈન્ટ લગાવી શકો છો. ધૂળેટી રમતા પહેલા તમારા ચહેરા પર મોઈશ્ચરાઈઝર અને સનસ્ક્રીન લગાવો અને આ સિવાય નારિયેળ તેલ અથવા એવું કોઈ પણ તેલ લગાવો. જેનાથી ત્વચાની એલર્જી થતી નથી.

તમારા કપડાંને હોળીના રંગોથી બચાવવા માટે, ખાતરી કરો કે તમે ઘાટા રંગના કપડાં પહેરો. સાથે જ એવા કપડા પસંદ કરો જેના કારણે તમને ડાઘા પડવાથી કોઈ સમસ્યા ન થાય. હોળીના અવસર પર સિલ્ક અને શિફોન જેવા કપડાં પહેરવાનું ટાળો. હોળી રમતી વખતે જો તમારા કપડા પર ડાઘ પડી જાય તો તેને જલ્દીથી ધોઈ નાખવાનો પ્રયાસ કરો. ડાઘવાળા વિસ્તારને ઠંડા પાણીથી ધોઈ લો અને રંગ સેટ થાય તે પહેલાં તેને દૂર કરવા માટે હળવા ડિટર્જન્ટથી હળવા હાથે ઘસો.

# મન હરી લેશે મનોહારી મિરિક હિલ સ્ટેશન; ચાના બગીચા અને પ્રાકૃતિક સૌંદર્યનો અનેરો સંગમ

રૂમઝુમ કરતી વસંત આવી પહોંચી છે. સર્વત્ર વાતાવરણ ખુશનુમા બની ગયું છે. આવી સ્થિતિમાં મન કહે છે કે ચાલો કંયાક ફરવા જઈએ.. અત્યાર સુધી ક્યારેક ગરમીને કારણે તો ક્યારેક કડકડતી ઠંડીને કારણે આપણું મન ઘરોમાં કેદ થઈ જાય છે અને તમામ ઝંઝટ અને ઘોંઘાટથી દૂર કોઈ સુંદર જગ્યાએ ફરવા જવાના મૂડમાં આવવા લાગે છે. જ્યાં શાંતિની થોડી ક્ષણો વિતાવી શકાય છે. આપણા દેશમાં કુલ્લુ-મનાલી અને શિમલા સહિત ઘણા સુંદર અને રમણીય સ્થળો છે. પરંતુ પશ્ચિમ બંગાળ કંઈક અલગ છે. પશ્ચિમ બંગાળ તેના પ્રાકૃતિક સૌંદર્યને કારણે પ્રવાસન ક્ષેત્રે પોતાનું આગવું સ્થાન ધરાવે છે. બંગાળમાં ફરવા માટેના ઘણા સ્થળો છે. આ કારણે દેશ-વિદેશના લોકો અહીં ફરવા આવે છે. વિદેશી પ્રવાસીઓ પણ અહીં આવતા રહે છે.

કુદરતી રીતે સમૃદ્ધ બંગાળમાં ઘણા પ્રખ્યાત નાના-મોટા પ્રવાસન સ્થળો છે. તેમાંથી એક મિરિક છે. જે દાર્જિલિંગ પાસેનું એક શાંતિપૂર્ણ અને રમણીય ગામ છે. દરિયા કિનારેથી 5000 ફૂટની ઉંચાઈ પર આવેલું મિરિક ગામ તેના નારંગીના ઝાડ, ટેકરીઓ અને હરિયાળી માટે પ્રખ્યાત છે. તેનો ઉચ્ચાર 'મીર યોક' તરીકે પણ થાય છે. જેનો અર્થ લેપચા શબ્દોમાં 'આગથી બળેલી જગ્યા' થાય છે. તે દાર્જિલિંગથી 49 કિલોમીટરના અંતરે આવેલું છે. અહીં પહોંચવા માટે 2 કલાક અને 30 મિનિટની મુસાફરી દરમિયાન જોવા મળેલા સુંદર નજારા આંખોને ઠંડક આપે છે.



## મિરિકમાં રહેવાના સ્થળો..

એક લોકપ્રિય પર્યટન સ્થળ હોવાને કારણે, જ્યારે રહેવાની વાત આવે ત્યારે પ્રવાસીઓને નિરાશ થવાની જરૂર હોતી નથી. મિરિકમાં રહેવા માટે પુષ્કળ હોટલો અને હોમસ્ટે ઉપલબ્ધ છે. શહેરની મોટાભાગની હોટેલો સુમેન્દુ તળાવના દક્ષિણ ભાગમાં આવેલી છે. આ હોટલ અને હોમ સ્ટેમાં રહેવાનો ફાયદો એ છે કે તમે હોટેલની બારી કે બાલ્કનીમાંથી અહીંના શાંતિપૂર્ણ તળાવનો સુંદર નજારો જોઈ શકો છો. તમામ નવીનતમ સુવિધાઓથી સજ્જ, આ હોમ સ્ટેમાં રોકાણ મહેમાનોને મિરિકમાં રજાઓનો અદ્ભુત અનુભવ આપે છે.

અહીંનું હવામાન મોટે ભાગે આહલાદક હોય છે. શિયાળાની ઋતુમાં પણ તાપમાનમાં ઝડપથી ઘટાડો થતો નથી. આકાશ પણ સ્વચ્છ રહે છે અને કંચનજંગાનો સુંદર નજારો સરળતાથી જોઈ શકાય છે. ફેબ્રુઆરીથી મે અને ત્યારપછી સપ્ટેમ્બરથી ડિસેમ્બર સુધીના મહિનાઓ મિરિકમાં પર્યટન માટે પીક સીઝન હોય છે જ્યારે હજારો પ્રવાસીઓ અહીં આવે છે.

**મનને મોહિત કરે મિરિક..** | મિરિક લીલાછમ ચાના બગીચાઓ, નારંગીના ઝાડ, એલચીના બગીચા અને ઊંચા અને ક્યારેક ઊંડા જાપાની દેવદારના જંગલોથી ઘેરાયેલું છે. જે કોઈપણ પ્રકૃતિ પ્રેમી માટે આકર્ષક સ્થળ બની શકે છે. મિરિકની તાજગી અને કુદરતી વાતાવરણ અદ્ભુત શાંતિ પ્રદાન કરે છે.

**કઇ રીતે પહોંચશો મિરિક....** | મિરિક સુધી પહોંચવાનો સૌથી અનુકૂળ રસ્તો સડક માર્ગ છે. નજીકના તમામ મોટા શહેરોમાંથી ઘણી બસો અને ટેક્સીઓ નિયમિતપણે દોડે છે. નોર્થ બંગાળ ટૂરિઝમ તરફથી દાર્જિલિંગ મિરિક ટૂર પૅકેજ સાથે ફોન કૉલ દ્વારા કાર ભાડે સરળતાથી કરી શકાય છે. તેમ છતાં, તમે ઉપલબ્ધ પરિવહન વિકલ્પો પર એક નજર કરી શકો છો:-

**રસ્તા દ્વારા.....** | સિલિગુડી, દાર્જિલિંગ અને કુર્સિયોંગ મિરિક નજીકના મુખ્ય શહેરો છે. આ તમામ શહેરો ભારતના અન્ય સ્થળો સાથે સારી રીતે જોડાયેલા છે. તેથી, તમે મિરિક પહોંચવા માટે દાર્જિલિંગ, સિલિગુડી, કુર્સિઓંગ અથવા બાગડોગરાથી બસ અથવા ટેક્સી ભાડે લઈ શકો છો. દાર્જિલિંગથી મિરિકનું અંતર 61 કિમી છે જ્યારે સિલિગુડીથી મિરિકનું અંતર 46 કિમી છે.

**રેલમાર્ગ......** | NJP મિરિક નજીકનું મુખ્ય રેલ્વે સ્ટેશન છે. NJP પહોંચ્યા પછી, તમે તમારા ઈચ્છિત ગંતવ્ય પર જવા માટે ટેક્સી ભાડે લઈ શકો છો. NJP થી મિરિક વચ્ચેનું અંતર 54 કિમી છે.

**હવાઈમુસાફરી.....** | મિરિકથી સૌથી નજીકનું એરપોર્ટ બાગડોગરા 45 કિમીના અંતરે છે. બાગડોગરામાં, દિલ્હી, મુંબઈ, કોલકાતા અને ચેન્નાઈ જેવા મોટા શહેરોથી નિયમિત ફ્લાઈટ્સ ઉપલબ્ધ છે.

# સૌંદર્ય ટિપ્સ: કોરિયન કે-બ્યુટી બાદ હવે જાપાનીઝ પ્રેમ સાથે જે-બ્યુટીનો ભારતમાં પ્રવેશ

જો તમે સ્કિનકેર જાણો છો, તો તમે સૌંદર્ય ઉદ્યોગ પર કોરિયન ઉત્પાદનોની અસરથી વાકેફ હશો. K-Beauty ધમાકેદાર રીતે આવી અને તેના હાઈ-ટેક ટૂલ્સ અને વ્યાપક સ્કિનકેર દિનચર્યાઓ વડે કાચની ત્વચા વિશે અમારા બધાના સપના જોવા મળ્યા.




હવે, કે-બ્યુટી પરથી જે-બ્યુટી, જેને જાપાનીઝ બ્યુટી તરીકે પણ ઓળખવામાં આવે છે, તેના પર આગળ વધવાનો સમય આવી ગયો છે, તે સોશિયલ મીડિયા પર આગળની મોટી વસ્તુ બની રહી છે. જે-બ્યુટી હંમેશા માટે છે; સૌંદર્યના ઉત્સાહીઓ હવે આકર્ષિત થઈ રહ્યા છે

J-Beauty સરળતા અને અસરકારકતા પર આધારિત છે, જે ન્યૂનતમ દિનચર્યાઓ અને ઉચ્ચ-ગુણવત્તાવાળા ઉત્પાદનો દ્વારા સ્વસ્થ, તેજસ્વી ત્વચા પ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

તેની ફિલસૂફી સુધારણાને બદલે નિવારણ, ત્વચાનું સંતુલન જાળવવા, હાઈડ્રેશન અને પર્યાવરણીય તાણ સામે રક્ષણ પર ભાર મૂકે છે. દરમિયાન, મુખ્ય ઘટકોમાં લીલી ચા, ચોખાની બ્રાન અને સીવીડ જેવા હળવા છતાં બળવાન ઘટકોનો ઉપયોગ અને ત્વચા સંભાળની ઝીણવટભરી વિધિઓનું પાલન કરવાનો સમાવેશ થાય છે.

જે-બ્યુટી એ વિવિધ પ્રકારની વાનગીઓ (કે-બ્યુટી)થી ભરેલા ટેબલ પર સાદી દાળ ચાવલ પસંદ કરવા જેવું છે. જાપાનીઝ સુંદરતા વાબી સાબી ફિલસૂફીથી પ્રભાવિત છે, જેનો અર્થ છે અપૂર્ણતા અથવા સરળતામાં સુંદરતા શોધવી.

જે-બ્યુટી મૂળભૂત રીતે બે બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે: ત્વચાની વર્તમાન સમસ્યાઓ માટે કાળજી અને ઉકેલ અને ભવિષ્યની ત્વચાની સમસ્યાઓનું નિવારણ સુનિશ્ચિત કરવું."

જે-બ્યુટીનો ઉદ્દેશ્ય તમારા ચહેરા પરથી વર્ષો દૂર કરીને તમને જુવાન અને પોષિત દેખાવાનો છે. તે લીલી ચા, જોજોબા તેલ, કુંવાર, કેમેલિયા તેલ, ચોખાના બ્રાન અને આથો ઉત્પાદનો જેવા કે સેક, લિકરિસ અર્ક, હાયલ્યુરોનિક એસિડ, ગોટુ કોલા અને વધુ જેવા વધુ કુદરતી ઉત્પાદનોનો ઉપયોગ કરે છે.

# દરરોજ સવારે એલચીનું પાણી પીવાથી થાય છે અગણિત ફાયદા



ભારતીય રસોડું એ સ્વાદ અને ઔષધીય ગુણનો ખજાનો છે અને આજે અમે અહીં તમારા માટે એક આવા જ મેજિક ડ્રિંકની વાત લઈને આવ્યા છે. રોજ સવારે આ મેજિકલ ડ્રિંક પીવાથી અગણિત હેલ્થ બેનેફિટ્સ મળે છે. આવો જોઈએ શું છે આ મેજિક ડ્રિંક અને કઈ રીતે તેને ઘરે બનાવી શકાય એમ છે.

નાનકડી એલચીના દાણા સુગંધ અને સ્વાદ વધારવામાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને રોજ સવારે એલચીનું પાણી પીવાથી અગણિત ફાયદાઓ થાય છે. એલચીમાં મેગ્નેશિયમ, પોટેશિયમ, કેલ્શિયમ સહિતના અનેક મહત્ત્વના પોષક તત્વો હોય છે. આ સિવાય એલચીમાં મોટા પ્રમાણમાં એન્ટિઓક્સિડન્ટ્સ હોય છે જે આરોગ્ય માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે અને રોજ એના પાણીનું સેવન કરવામાં આવે તો ફાયદાકારક સાબિત થાય છે. આ પાણીના સેવનથી વજન તો ઓછું થાય જ છે પણ એની સાથે સાથે તમારી ક્રેવિંગ ઘટાડવાનું કામ પણ કરે છે. આવો જોઈએ આ એલચીનું પાણી પીવાથી બીજા કયા ફાયદાઓ થાય છે-

રોજ સવારે ખાલી પેટે એલચીના પાણીનું સેવન કરવામાં આવે તો તેને કારણે પાચનતંત્ર સુધરે છે. પાચન ક્રિયા ઝડપી બને છે. કબજિયાત, સોજા, અપચો જેવી અન્ય સમસ્યાઓમાંથી પણ રાહત મળે છે. ઉપરાંત એલચીનું પાણી પીવાથી બોડી ડિટોક્સિફાય થવામાં સૌથી મોટી મદદ મળે છે. એલચીના મૂત્રવર્ધક ગુણ શરીરમાંથી ટોક્સિનને બહાર કાઢવામાં મદદરૂપ સાબિત થાય છે. જો તમે તમારું મેટા બોલિઝમ સુધારવા માટે કોઈ ઘરગુથ્થુ ઉપાય શોધી રહ્યા છો તો એલચીના પાણીથી બેસ્ટ બીજો કોઈ ઉપાય હોઈ જ ના શકે. મેટાબોલિઝમને મજબૂત બનાવીને બોડીને વધારાના કેલરી બાળવામાં મદદ કરે છે. એટલે ટૂંકમાં કહીએ તો વજન ઘટાડવામાં પણ આ મેજિકલ ડ્રિંક ખૂબ જ મદદરૂપ સાબિત થાય છે.

આજકાલ હાઈ બ્લડપ્રેશર ખૂબ જ કોમન સમસ્યા થઈ ગઈ છે. જો તમે હાઈ બ્લડપ્રેશરની સમસ્યાથી પીડાઈ રહ્યા છો તો તમારે તમારા ડાયેટમાં રોજ સવારે આ પાણીનો સમાવેશ કરવો જોઈએ. રિપોર્ટ્સની વાત પર વિશ્વાસ કરીએ તો બીપીને કન્ટ્રોલમાં રાખવા માટે એલચીનું પાણી એક બેસ્ટ ઓપ્શન સાબિત થાય છે.

# ખરાબ જીવનશૈલી -ખાનપાનની અસર ચહેરાને અકાળે વૃદ્ધ બનાવે

સારી ખાવાની આદતો અને તંદુરસ્ત સ્વાસ્થ્યની આદતો વ્યક્તિને લાંબા સમય સુધી યુવાન અને સુંદર રાખવામાં મદદ કરે છે. પોતાની ફિટનેસ અને સુંદરતા જાળવવા માટે લોકો ક્યારેક જિમનો સહારો લે છે તો ક્યારેક સારા ડાયટનો. આમ છતાં, ઘણી વખત સવારના નાસ્તા સાથે જોડાયેલી 3 ભૂલો તમારી મહેનત અને સ્વાસ્થ્ય બંનેને બગાડે છે. હા, ઘણી વખત લોકો પોતાની જીવનશૈલી સાથે જોડાયેલી કેટલીક ભૂલો કરે છે, જેના કારણે તેમના ચહેરા પર ખૂબ જ ઝડપથી વૃદ્ધત્વ દેખાવા લાગે છે. ખરાબ જીવનશૈલી અને ખરાબ ખાનપાનની ખરાબ અસર ત્વચા પર ખૂબ જ ઝડપથી દેખાવા લાગે છે. જેના કારણે લોકોના ચહેરા પર ઝડપથી વૃદ્ધત્વ દેખાવા લાગે છે અને તેઓ સમય પહેલા જ વૃદ્ધ દેખાવા લાગે છે. યોગ્ય આહાર અને આરોગ્યપ્રદ આદતો વૃદ્ધત્વને રોકવામાં મદદ કરી શકે છે. તે જ સમયે, ખોટી ખાનપાન અને અનિયમિત જીવનશૈલી




તમને અકાળે વૃદ્ધ બનાવી શકે છે.

ઘણા લોકોને સવારે ખાલી પેટ ચા કે કોફી પીવાની આદત હોય છે. આવા લોકોને ચા કે કોફી પીધા વગર ઊંઘ નથી આવતી. જો તમને પણ ખાલી પેટ ચા કે કોફી પીવાની આદત હોય તો આ બેડ-ટી કલ્ચર તમારા સ્વાસ્થ્ય માટે સમસ્યા બની શકે છે. વાસ્તવમાં, ચા અથવા કોફી પ્રકૃતિમાં એસિડિક હોય છે. ખાલી પેટે તેનું સેવન કરવાથી એસિડિક-બેઝ બેલેન્સ બગડી શકે છે, જે ઘણીવાર એસિડિટી તરફ દોરી જાય છે. આ સિવાય ચામાં થિયોફિલિન નામનું કમ્પાઉન્ડ હોય છે, જે ડિહાઈડ્રેશનનું કારણ બને છે. સવારે ચા કે કોફી પીધા પછી સૌથી પહેલા મોંમાં રહેલા બેક્ટેરિયા સુગરને તોડી નાખે છે, જેનાથી મોંમાં એસિડનું પ્રમાણ વધી જાય છે. સવારે ખાલી પેટે ચા પીવાની આદત પેટમાં વધારાનું એસિડ જ નહીં પરંતુ આંતરડાના સ્વાસ્થ્ય અને પોષક તત્ત્વોના શોષણને અસર કરીને ઝડપથી વૃદ્ધત્વનું કારણ બની શકે છે.

સવારના ધસારાને કારણે અને સમયના અભાવે, ઘણી વખત લોકો નાસ્તા માટે ઝડપી વિકલ્પો શોધે છે.

**સ્કીન ટિપ્સ**

આવા આહારમાં પ્રોટીન અને ફાઈબરની પૂરતી માત્રાના અભાવને કારણે, વ્યક્તિ વાળ ખરવા, થાક, ડાયાબિટીસ, શુષ્ક ત્વચા, અપચો અને કબજિયાત જેવી સમસ્યાઓનો સામનો કરવા લાગે છે, જે વૃદ્ધત્વ પ્રક્રિયાને ઝડપી બનાવે છે.જો તમે ડાયાબિટીસના દર્દી છો તો ખાલી પેટે જ્યુસનું સેવન ન કરો. ખાલી પેટે જ્યુસ પીવાથી બ્લડ શુગર લેવલ વધવાનો ખતરો રહે છે. જે સોજો અને અકાળે વૃદ્ધત્વ તરફ દોરી શકે છે.



# ડાયાબિટીસના દર્દીઓ માટે જવના ઘાસનું સેવન સુપરફૂડ

ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. ડાયાબિટીસ એક અસાધ્ય રોગ છે, જે જીવનભર આપણી સાથે રહે છે. જ્યારે આ રોગથી પીડાય છે, ત્યારે દર્દીઓએ તેમના આહાર પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. બેદરકારીને કારણે બીજી અનેક બીમારીઓ દસ્તક દે છે. આ માટે ડાયાબિટીસના દર્દીઓએ યોગ્ય દિનચર્યા, યોગ્ય ખાનપાન અને દૈનિક વર્કઆઉટનું પાલન કરવું જોઈએ. તેમજ ખાંડથી બચવું જોઈએ. જો તમે પણ ડાયાબિટીસના દર્દી છો અને શુગરને કંટ્રોલ કરવા માંગો છો તો તમે જવના ઘાસનો ઉપયોગ કરી શકો છો. તેના સેવનથી બ્લડ શુગરને નિયંત્રિત કરવામાં મદદ મળે છે.

**હેલ્થ ટિપ્સ**

જવનું ઘાસ માત્ર ઘાસ નથી. તે એક સુપરફૂડ છે. જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવા, વજન ઘટાડવા અને બ્લડ સુગરને નિયંત્રિત કરવાની શક્તિ ધરાવે છે. તેનો ઉપયોગ રસ અને પાવડરના રૂપમાં થાય છે.જવનું ઘાસ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તે લીવરની ગંદકીને સાફ કરવામાં પણ મદદ કરે છે. જવનું ઘાસ કે પાઉડર બંને રીતે સેવન કરી શકાય છે. આ ઘાસમાં કુદરતી હરિતદ્રવ્ય હોય છે. જે શરીરમાંથી ગંદકી દૂર કરવામાં મદદ કરે છે.

**જવનું ઘાસ પોષક તત્વોનો ભંડાર છે-** જવ એક પ્રકારનું અનાજ છે. જે વિશ્વભરમાં ચોથા સૌથી મહત્વપૂર્ણ અનાજ પાક તરીકે ગણવામાં આવે છે. તેના ઘાસનો ઉપયોગ જ્યુસ અને પાવડરના રૂપમાં થાય છે. આ લીલા પાંદડા પોષક તત્વોથી ભરપૂર હોય છે. તે ફાઈબર, વિટામિન A, વિટામિન K, પોલિફેનોલ્સ, ફ્લેવોનોઈડ્સ અને એન્ટીઑકિસડન્ટોનો સારો સ્ત્રોત છે. આ બધા સ્વાસ્થ્યને ઘણી રીતે ફાયદો કરે છે. જો તમે અનિદ્રાની સમસ્યાથી પરેશાન છો તો તમારે જવના પાવડરનો ઉપયોગ કરવો જોઈએ. તેનાથી સારી ઊંઘ આવે છે.

**જવ બ્લડ શુગરને કંટ્રોલમાં રાખે છે-** જવનો ગ્લાયકેમિક ઈન્ડેક્સ ઘણો ઓછો છે. જેના કારણે બ્લડ શુગર લેવલ પણ કંટ્રોલમાં રહે છે. જવના ઘાસના રસમાં ડાયેટરી ફાઈબર હોય છે. આ લોહીના પ્રવાહમાં બ્લડ શુગરને શોષવાની પ્રક્રિયાને ધીમી કરે છે. આ રીતે ડાયાબિટીસને કંટ્રોલમાં રાખવું સરળ બની શકે છે. આરોગ્ય નિષ્ણાતો માને છે કે ડાયાબિટીસના દર્દીઓ તેનું સેવન કરી શકે છે.

**લીવરની ગંદકી તરત જ સાફ થઇ જશે-** ક્લોરોફિલ કુદરતી રીતે જવના ઘાસમાં જોવા મળે છે. તે શરીરમાં રહેલા ઝેરી તત્વોને દૂર કરે છે. આ સાથે તે લીવરને સાફ કરવાનું પણ કામ કરે છે. આ સિવાય તેમાં એન્ઝાઈમ હોય છે. જેના કારણે પાચન શક્તિ વધે છે. આ ઉપરાંત, જવના ઘાસમાં બળતરા વિરોધી ગુણો છે, જે આંતરડાના અસ્તરને સાજા કરીને પેટ અને આંતરડાના રોગોને ઠીક કરે છે. તેના આલ્કલાઈન ગુણો pH લેવલ અને એસિડ લેવલને નિયંત્રણમાં રાખે છે.નોંધ :સ્વાસ્થ્ય સંબંધીત કંઇ પણ અનુસરતા પહેલા આપ આપના તબીબ અથવા તજજ્ઞોની સલાહ ખાસ લેવી.

# રોજ પિસ્તા ખાવા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે

પિસ્તાનો સ્વાદ સારો હોય છે, તે ખારું ડ્રાયફ્રુટ છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. તો જાણીએ તેના ફાયદા અને દિવસમાં કેટલું ખાવું.પિસ્તામાં ભરપૂર માત્રામાં ફાઈબર અને વિટામિન હોય છે. તે વિટામિન સી, પ્રોટીન, આયર્ન, પોટેશિયમ, કેલ્શિયમ, વિટામિન બી-6 અને ઝિંક, કોપર જેવા ખનિજોનો સારો સ્ત્રોત છે. પોષકતત્વોથી ભરપૂર પિસ્તાને રોજિંદા આહારમાં સામેલ કરવા જોઈએ. તો જાણીએ પિસ્તાના ફાયદા અને દિવસમાં કેટલું ખાવું

પિસ્તા ખાવાના ફાયદા, સારી ગુણવત્તાનું પ્રોટીન , પિસ્તામાં આવશ્યક એમિનો એસિડ અને બ્રાન્ચ્ડ ચેઈન એમિનો એસિડ ભરપૂર માત્રામાં હોય છે. તે સ્નાયુઓને સુધારવામાં મદદ કરે છે. રોજ પિસ્તા ખાવાથી થશે આટલા ફાયદા, જાણો કઈ રીતે ખાવા

પિસ્તાનો સ્વાદ સારો હોય છે, તે ખારું ડ્રાયફ્રુટ છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. પિસ્તામાં હાજર ટોકોફેરોલ રોગપ્રતિકારક શક્તિને સુધારે છે. મજબૂત રોગપ્રતિકારક શક્તિ શરીરને ઘણા




ચેપથી બચાવવામાં મદદ કરી શકે છે.ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રોટીન ઉપરાંત પિસ્તામાં પણ ભરપૂર પ્રમાણમાં ફાઈબર હોય છે. આ તૃપ્તિને પ્રોત્સાહન આપે છે, જે વજનને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે.

પિસ્તામાં વિટામિન E હોય છે. આવી સ્થિતિમાં, તે ત્વચા અને વાળની શુષ્કતાને ઘટાડી શકે છે. રોજ પિસ્તા ખાવાથી વાળ અને ત્વચાને ફાયદો થાય છે.મીઠું ચડાવેલું શેકેલા પિસ્તા એકદમ સ્વાદિષ્ટ લાગે છે. પરંતુ વધુ પડતું ખાવાથી ફાયદાને બદલે નુકસાન થઈ શકે છે. તેથી, એક દિવસમાં 15-20 ગ્રામ પિસ્તા ખાવા જોઈએ. કેટલાક લોકો શેકેલા પિસ્તા ખાય છે, જો કે કેટલાક લોકો તેને પલાળીને પણ ખાય છે.

નોંધ: આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરની સંપર્ક કરો.

# BCCI ભારતીય ટીમના ખેલાડીઓને કરશે માલામાલ!

■ ક્રિકેટરોને હાલમાં એક મેચ માટે 15 લાખ મળે છે; બોનસ પણ મળશે...

ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ તેના ટેસ્ટ રમતા ખેલાડીઓની ફી વધારવાનો નિર્ણય લીધો છે. હાલમાં ખેલાડીઓને ટેસ્ટ રમવા માટે 15 લાખ રૂપિયા મળે છે.

આઈપીએલ બાદ ખેલાડીઓની ટેસ્ટ મેચ ફીમાં વધારો કરવામાં આવશે. એક ટેસ્ટ મેચ માટે ખેલાડીઓને એક ODI માટે 6 લાખ રૂપિયા અને T-20 મેચ માટે 3 લાખ રૂપિયા મળે છે. BCCIએ ખેલાડીઓની ફી વધારવા માટે ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. જો આગામી બેઠકમાં આ યોજનાને મંજૂરી મળી જશે તો બીસીસીઆઈના કરારબદ્ધ ખેલાડીઓને નવા માળખા પ્રમાણે પગાર મળશે. અહેવાલો અનુસાર, બીસીસીઆઈએ રેડ બોલ ક્રિકેટને પ્રોત્સાહન આપવા માટે ફી વધારવાની યોજના તૈયાર કરી છે.

હાલમાં જ બીસીસીઆઈએ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં સામેલ ખેલાડીઓને લઈને ચેતવણી આપી હતી. બોર્ડે કહ્યું હતું કે જે ખેલાડીઓ ફિટ છે અને રાષ્ટ્રીય ટીમનો ભાગ નથી તેમણે ઘરેલુ ક્રિકેટ રમવું પડશે. આ હોવા છતાં, ઈશાન કિશન, કૃણાલ પંડ્યા અને દીપક ચહર જેવા ખેલાડીઓએ તેમના રાજ્ય માટે રણજી ટ્રોફી મેચ રમી ન હતી. ઈશાન, કૃણાલ અને ચહરે ફેબ્રુઆરીમાં જ આઈપીએલની તૈયારી શરૂ કરી દીધી હતી. ઈશાન મુંબઈ ઈન્ડિયન્સ માટે રમે છે, પંડ્યા લખનૌ સુપરજાયન્ટ્સ માટે રમે છે અને ચહર ચેન્નાઈ સુપરકિંગ્સ માટે રમે છે.




BCCIના અધિકારીએ જણાવ્યું કે, 'નવું પગાર માળખું IPL પછી લાગુ થઈ શકે છે. આમાં જો ખેલાડી એક વર્ષમાં ટીમ સાથે તમામ ટેસ્ટ સિરીઝ રમે છે તો તેને બોનસ પણ મળશે. વાર્ષિક પગાર અને મેચ ફી ઉપરાંત તેને પૈસા પણ આપવામાં આવશે.

આ એટલા માટે કરવામાં આવી રહ્યું છે જેથી ખેલાડીઓ રેડ-બોલ ક્રિકેટ રમવામાં વધુ રસ દાખવે. આ સાથે ખેલાડીઓને ટેસ્ટ રમવામાં વધુ ફાયદો થશે.

# 20 વર્ષીય સ્વિમર આર્યન નહેરાએ જીત્યા એક ગોલ્ડ-ત્રણ સિલ્વર મેડલ

■ રાષ્ટ્રીય ચેમ્પિયન, 400m, 800m-1,500m ફ્રીસ્ટાઈલ ઈવેન્ટ્સમાં રેકોર્ડ ધરાવે છે

ગુજરાત | વંદન



ગુજરાતના સ્વિમર આર્યન નહેરા એશિયન ઈવેન્ટમાં એક ગોલ્ડ, ત્રણ સિલ્વર મેડલ જીત્યા, આર્યન આઈએએસ ઓફિસર વિજય નહેરાનો પુત્ર છે, તે રાષ્ટ્રીય ચેમ્પિયન, 400m, 800m અને 1,500m ફ્રીસ્ટાઈલ ઈવેન્ટ્સમાં રાષ્ટ્રીય રેકોર્ડ ધરાવે છે

ગુજરાતના આર્યન નેહરાએ શુક્રવારે ફિલિપાઈન્સના ન્યુ ક્લાર્ક સિટીમાં પૂર્ણ થયેલી 11મી એશિયન એજ ગ્રુપ એક્વેટિક ચેમ્પિયનશિપમાં એક ગોલ્ડ મેડલ અને ત્રણ સિલ્વર મેડલ જીત્યા હતા. 20 વર્ષીય સ્વિમર માટે આ પહેલો આંતરરાષ્ટ્રીય મેડલ છે.

આર્યન એ ચોકડીનો ભાગ હતો, જેણે 18 અને તેથી વધુ વય જૂથમાં 4×200 ફ્રી સ્ટાઈલ રિલેમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આર્યન ઉપરાંત ભારતીય રિલે ટીમમાં શ્રીહરિ નટરાજ, સાજન પ્રકાશ અને અનીસ ગૌડા પણ સામેલ હતા. તેણે 7:26:64 મિનિટનો સમય કાઢીને ભારત માટે નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો અને પોડિયમની ટોચ પર રહ્યો.

આર્યન નહેરા 400 મીટર (મીટર), 800 મીટર અને 1500 મીટર ફ્રીસ્ટાઈલ રેસ - ત્રણ વ્યક્તિગત ઈવેન્ટ્સમાં તે બીજા સ્થાને રહ્યો અને સિલ્વર મેડલ જીત્યો.આર્યન નહેરાના પિતા વિજય નેહરા, જે ગુજરાત કેડરના IAS અધિકારી છે, "આર્યન નહેરા દ્વારા ત્રણ સિલ્વર જીત્યા પછી, મેં તેને કહ્યું કે તે સારી રીતે સ્વિમિંગ કરી રહ્યો છે અને મેડલ પણ જીતી રહ્યો છે અને તેણે હવે માત્ર મેડલનો રંગ બદલવાની જરૂર છે. તે અને તેના સાથી ખેલાડીઓ 4×200 ફ્રીસ્ટાઈલ રિલે જીતીને આમ કરવામાં સફળ થયા."

પિતા વિજય નહેરાએ વધુમાં કહ્યું કે, "આ પ્રદર્શન આર્યન માટે એક મોટી સિદ્ધિ છે. સફળતાના રૂપમાં આવી છે." આ પહેલા, તેણે બે વખત વર્લ્ડ ચેમ્પિયનશિપમાં અને ગયા વર્ષે એશિયન ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું પરંતુ તે કોઈ મેડલ જીતવામાં સફળ રહ્યો ન હતો.

# 7 માર્ચથી ધર્મશાલામાં પાંચમી ટેસ્ટ રમાશે



■ પાંચમી ટેસ્ટ માટે ભારતીય ટીમમાં ફેરફાર

ગુજરાત | વંદન

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 મેચની ટેસ્ટ સીરિઝની છેલ્લી મેચ 7 માર્ચથી ધર્મશાલામાં રમાશે. પાંચમી ટેસ્ટ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. ધર્મશાલામાં રમાનાર પાંચમી ટેસ્ટ માટે ભારતીય ટીમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઈજાના કારણે પ્રથમ ટેસ્ટ બાદ ન રમનાર કે.એલ રાહુલ છેલ્લી ટેસ્ટમાં પણ રમી શકશે નહીં. વર્કલોડ મેનેજમેન્ટના કારણે રાંચી ટેસ્ટમાં ન રમનાર જસપ્રીત બુમરાહની ટીમમાં વાપસી થઈ છે. વોશિંગ્ટન સુંદરને તમિલનાડુ માટે રણજી ટ્રોફીની સેમિફાઈનલ રમવા માટે રિલીઝ કરવામાં આવ્યો છે, જ્યારે દેવદત્ત પડિક્કાલની ટીમમાં એન્ટ્રી થઈ છે.

વોશિંગ્ટન સુંદરને ટીમમાંથી રિલીઝ કરવામાં આવ્યો છે. તે તેની રણજી ટ્રોફી ટીમ તમિલનાડુનો ભાગ હશે જે 2 માર્ચથી શરૂ થનારી મુંબઈ સામેની રણજી ટ્રોફી સેમિફાઈનલ રમશે. જો જરૂર પડશે તો તે ડોમેસ્ટિક મેચો પૂર્ણ થયા બાદ પાંચમી ટેસ્ટ માટે ભારતીય ટીમ સાથે જોડાશે. BCCIએ કહ્યું છે કે, "મોહમ્મદ શમીની જમણી એડીની સર્જરી 26 ફેબ્રુઆરી, 2024ના રોજ સફળતાપૂર્વક કરવામાં આવી હતી. તે સ્વસ્થ થઈ રહ્યો છે અને ટૂંક સમયમાં રિહેબ માટે બેંગલુરુમાં નેશનલ ક્રિકેટ એકેડમી જશે.

પાંચમી ટેસ્ટ મેચ માટે ભારતીય ટીમ- રોહિત શર્મા (C), જસપ્રીત બુમરાહ (VC), યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, રજત પાટીદાર, સરફરાઝ ખાન, ધ્રુવ જુરેલ (wkt), કે.એસ ભરત (wkt), દેવદત્ત પડિક્કલ, રવિચંદ્રન અશ્વિન, અક્ષર પટેલ, રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ, મુકેશ કુમાર, આકાશદીપ

# WPL 2024: યુપી વોરિયર્સ ટીમે મુંબઈને 7 વિકેટે હરાવી, પ્રથમ વિજય




■ મુંબઈ ઈન્ડિયન્સ ટીમમાં નિયમિત કેપ્ટન હરમનપ્રીત અને શબનિમની ગેરહાજરી

ગુજરાત | વંદન

વુમન્સ પ્રીમિયર લીગ 2024 સીઝનની છઠ્ઠી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ અને યુપી વોરિયર્સની ટીમો આમને-સામને હતી. આ મેચમાં યુપી વોરિયર્સે ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સને આસાનીથી હરાવ્યું હતું.

મુંબઈ ઈન્ડિયન્સને સિઝનની પહેલી હાર મળી છે. યુપી વોરિયર્સને જીતવા માટે 162 રનનો ટાર્ગેટ હતો. એલિસા હીલીની આગેવાની હેઠળની ટીમે 16.3 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. એલિસા હીલીની આગેવાની હેઠળની ટીમે 18 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. આ રીતે યુપી વોરિયર્સને સિઝનની પ્રથમ જીત મળી છે.આ પહેલા યુપી વોરિયર્સની કેપ્ટન એલિસા હીલીએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. મુંબઈ ઈન્ડિયન્સ તેમની નિયમિત કેપ્ટન હરમનપ્રીત કૌર અને શબનિમ ઈસ્માઈલ વિના હતી

નેટ સીવર બ્રન્ટે હરમનપ્રીત કૌરની ગેરહાજરીમાં મુંબઈ ઈન્ડિયન્સનું નેતૃત્વ કર્યું હતું.મુંબઈ ઈન્ડિયન્સના 161 રનના જવાબમાં બેટિંગ કરવા આવેલા યુપી વોરિયર્સની શરૂઆત શાનદાર રહી હતી. યુપી વોરિયર્સની ઓપનર એલિસા હીલી અને કિરણ નવગીરે પ્રથમ વિકેટ માટે 9 ઓવરમાં 94 રન જોડ્યા હતા. કિરણ નવગીરે 31 બોલમાં 57 રન બનાવ્યા હતા. તેણે પોતાની ઈનિંગમાં 6 ફોર અને 4 સિક્સર ફટકારી હતી. જ્યારે એલિસા હીલીએ 29 બોલમાં 5 ચોગ્ગાની મદદથી 33 રનની ઈનિંગ રમી હતી. હેરી ગ્રેસે 17 બોલમાં 38 રન ફટકારીને શાનદાર ફિનિશિંગ કર્યું હતું.

# રાજ્યકક્ષાની બેડમિન્ટન સ્પર્ધામાં ગાંધીધામના ખેલાડીનો ઉત્કૃષ્ટ દેખાવ

■ રવીન્દ્ર આર. ચૌહાણે કચ્છ તરફથી ભાગ લીધો....

ગુજરાત | વંદન




સુરત ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાની બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગાંધીધામના ખેલાડીએ ઉત્કૃષ્ટ દેખાવ કરી રાષ્ટ્રીય કક્ષાએ જવા પસંદગી પામ્યા હતા. સુરતના ધ ઈરા નેક્સ્ટ સ્પોર્ટ્સ ખાતે યોમેક્ષ સનરાઈઝ ગુજરાત સ્ટેટ વેટરન્સ બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2024નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગાંધીધામ કે.ડી.બી.એ.ના રવીન્દ્ર આર. ચૌહાન (નિવૃત્ત. ડી.પી.એ. ટ્રાફિક ઈન્સ્પેક્ટર)એ કચ્છ તરફથી ભાગ લીધો હતો જેમાં તેમણે ઉત્કૃષ્ટ દેખાવ કરી સિંગલ્સમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું તેમજ ડબલ્સમાં ત્રીજાં સ્થાને રહી રાષ્ટ્રીય કક્ષાએ રમવા માટે પસંદગી પામ્યા હતા. કચ્છ ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભમાં પ્રથમ સ્થાને આવી રાજ્ય કક્ષાની બેડમિન્ટન માટે પસંદગી પામ્યા હતા. સંસ્થાના પ્રમુખ. ડો. હેમાંગ પટેલ, મંત્રી ડેનુ કપાનિયા, સભ્ય કમલેશ જૈન વગેરેએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# ભારતીય મૂળના આઠ વર્ષના બાળકે ચેસ ટૂર્નામેન્ટમાં પોલેન્ડના ગ્રાન્ડમાસ્ટરને હરાવ્યો

■ પાંચ ગણી વધુ ઉંમરના ગ્રાન્ડ માસ્ટરને હરાવીને યુવા પ્લેયરનો રેકોર્ડ સ્થાપ્યો

ગુજરાત | વંદન



સ્વિત્ઝરલેન્ડમાં રમાયેલી ચેસ ટૂર્નામેન્ટમાં તેનાથી આશરે પાંચ ગણી વધુ ઉંમરના ગ્રાન્ડ માસ્ટરને હરાવીને ચેસમાં રેકોર્ડ સ્થાપ્યો છે. સિંગાપોરમાં રહેતા અશ્વથ કૌશિકે સ્વિત્ઝરલેન્ડમાં યોજાયેલી બર્ગડોર્ફર સ્ટેડથોસ ઓપનમાં પોલેન્ડના 37 વર્ષના ગ્રાન્ડમાસ્ટર જાસેક સ્ટોપાને હરાવીને સૌથી યુવા ચેસ પ્લેયર તરીકે રેકોર્ડ સર્જ્યો હતો.

અગાઉ થોડા સપ્તાહ પૂર્વે જ સર્બિયાના લીઓનિડ ઈવાનોવિકે 60 વર્ષના બુલ્ગેરિયાના ગ્રાન્ડ માસ્ટર મિલ્કો પોપચેવને બેલગ્રેડ ઓપનમાં હરાવીને રેકોર્ડ નોંધાવ્યો હતો. લીઓનિડ અશ્વથની તુલનાએ થોડા મહિના જ મોટો છે. હવે ભારતીય મૂળના અશ્વથ ગ્રાન્ડમાસ્ટરને હરાવનાર સૌથી યુવા ચેસ ખેલાડી બન્યો છે.

આંતરરાષ્ટ્રીય ચેસ મહાસંઘમાં વિશ્વમાં 37,338મો ક્રમ ધરાવતા ભારતીય મૂળનો અશ્વથ 2017માં સિંગાપોરમાં સ્થાયી થયો હતો. તેણે પોલીશ ગ્રાન્ડ માસ્ટરને હરાવ્યા બાદ જણાવ્યું કે, હું જે રીતે રમ્યો તેના આધારે મને મારી રમત પર ગર્વ છે. એક તબક્કે હું ખરાબ સ્થિતિમાં હતો પરંતુ ત્યારબાદ હું મેચમાં શાનદાર દેખાવ કરવામાં સફળ રહ્યો હતો. સિંગાપોર ચેસ મહાસંઘના સીઈઓ અને સિંગાપોરના ગ્રાન્ડમાસ્ટર કેવિન ગોહે જણાવ્યું કે, અશ્વથના પિતાએ ઘણું સમર્થન આપ્યું, અશ્વથ પણ રમત પ્રત્યે સમર્પિત છે, શાળા દ્વારા પણ ફ્લેક્સિબિલિટી અપાઈ અને બાળકમાં નૈસર્ગિક પ્રતિભા રહેલી છે.

આગળ તે રમતમાં ક્યાં સુધી પહોંચી શકે છે તો જોવું રહેશે. બાળક મોટો થાય છે તેમ રૂચીમાં પણ બદલાવ જોવા મળે છે. ગોહે હળવા અંદાજમાં જણાવ્યું કે, અશ્વથ રમી રહ્યો હતો ત્યારે તેને ચેસ બોર્ડની સામેની બાજુ પર ચાલ માટે વધારાના તકિયાની જરૂર પડી હતી. અમે તેના પ્રત્યે આશાવાદી છીએ. તેની આ સિદ્ધી તેના કોચ અને સમર્થકોને આભારી છે.અશ્વથની આ ઉપલબ્ધિને જોતા અન્ય બાળકો પણ આ રમત પ્રત્યે આકર્ષાશે તેવી આશા છે તેમ ગોહે વધુમાં જણાવ્યું હતું. અગાઉ અશ્વથે 2022માં ઈસ્ટર્ન એશિયા યુથ ચેમ્પિયનશિપમાં અંડર-8માં ક્લાસિક, રેપિડ અને બ્લિટ્ઝ એમ ત્રિપલ ચેમ્પિયનનો ખિતાબ જીતીને લોકોનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું હતું.

# રશિયામાં 7 માર્ચ સુધી ચાલનારા વર્લ્ડ યુથ ફેસ્ટિવલનું આયોજન

■ ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે ભારતમાંથી 340થી વધુનું પ્રતિનિધિમંડળ પહોંચ્યું

ગુજરાત | વંદન

રશિયાના મહાકુંભમાં ભાગ લેવા માટે 180 દેશોમાંથી હજારો લોકો જોડાઈ રહ્યા છે. રશિયા અને નાટો વચ્ચે સીધા સંઘર્ષની આશંકા વચ્ચે રશિયામાં 1 માર્ચથી વર્લ્ડ યુથ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રશિયાના સોચી શહેરમાં 7 માર્ચ સુધી ચાલનારા આ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં વિશ્વભરમાંથી લગભગ 20 હજાર યુવાનો ભાગ લે તેવી અપેક્ષા છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ભારતમાંથી 340 થી વધુ લોકોનું મોટું પ્રતિનિધિમંડળ પણ પહોંચ્યું છે. રશિયા માને છે કે આ એક વૈશ્વિક પ્લેટફોર્મ છે જ્યાં વિવિધ દેશોના લોકોની વિવિધતાઓ વચ્ચે સુમેળ અને ઉકેલ શોધવાના પ્રયાસો કરવામાં આવશે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના આદેશ પર આયોજિત આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનો હેતુ રશિયા અને બાકીના વિશ્વની નવી પેઢીને જોડવાનો છે. આ મહાકુંભમાં ભાગ લેવા માટે વેપાર, મીડિયા, શિક્ષણ, સંસ્કૃતિ, વિજ્ઞાન, રમતગમત અને આંતરરાષ્ટ્રીય શાંતિના ક્ષેત્રો સાથે સંકળાયેલા 180 દેશોના લોકો માટે આ વૈશ્વિક પ્લેટફોર્મ છે. આ પ્લેટફોર્મ દરેકને તેમના મંતવ્યો રજૂ કરવાની અને અન્યના મંતવ્યો



સાંભળવા અને સમજવાની તક પૂરી પાડે છે. આ કાર્યક્રમ દ્વારા રશિયાએ પશ્ચિમી દેશોને સંદેશ આપ્યો છે કે અમેરિકા અને પશ્ચિમી દેશોના રશિયાને અલગ કરવાના પ્રયાસો ક્યારેય સફળ નહીં થાય. પશ્ચિમી દેશોના મીડિયામાં રશિયા વિરુદ્ધ જે ઈમેજ રજૂ કરવામાં આવે છે તેનાથી વિપરિત વર્લ્ડ યુથ ફેસ્ટિવલ વિશ્વભરના હજારો યુવાનોને રશિયા વિશેની વાસ્તવિકતા જાણવા અને સમજવાની તક આપશે.

રશિયામાં યુવા મહોત્સવમાં ભાગ લેવા માટે ભારતીય પ્રતિનિધિમંડળ 29 ફેબ્રુઆરીએ દિલ્હીથી મોસ્કો જવા રવાના થયું છે. ભારતીય પ્રતિનિધિમંડળના સભ્યોને વિશેષ ચાર્ટર પ્લેન દ્વારા મોકલવામાં આવ્યા હતા. આ અવસરે ભારતમાં રશિયન દૂતાવાસના અધિકારીઓ પણ દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હાજર રહ્યા હતા. દેશના વિવિધ ખૂણેથી આ વિશાળ કાર્યક્રમમાં ભાગ લેવા આવનાર યુવાનોનો ઉત્સાહ જોવાલાયક હતો. તેમણે કહ્યું કે આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભારતીય સાંસ્કૃતિક વિવિધતાને વિશ્વભરના લોકો સમક્ષ રજૂ કરવાની તક મળશે.

# મોહમ્મદ શમીનું એડીનું ઓપરેશન સફળ થયું

■ બોલિંગ કરતી વખતે તેને લેન્ડિંગમાં સમસ્યા થઈ રહી હતી

ગુજરાત | વંદન

ટીમ ઈન્ડિયાના સ્ટાર બોલર મોહમ્મદ શમીની એડીનું ઓપરેશન સફળ રહ્યું છે, શમીએ સોશિયલ મીડિયા



પોસ્ટ દ્વારા કહ્યું કે તેને સાજા થવામાં સમય લાગશે. પોતાની ઈજા અંગે અપડેટ આપતા શમીએ કહ્યું કે એડીનું ઓપરેશન સફળ રહ્યું છે.સ્ટાર બોલરે સોશિયલ મીડિયા પોસ્ટ પર લખ્યું છે કે હું મારા પગ પર પાછો ઉભો થવા માટે ઉત્સુક છું. શમીએ કુલ ચાર ફોટા શેર કર્યા છે, જેમાં તે હોસ્પિટલમાં દાખલ જોવા મળે છે.સર્જરીને કારણે શમી ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણીમાં પણ રમી શક્યો ન હતો, તે ભારત માટે છેલ્લે નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયા સામે ODI વર્લ્ડ કપની ફાઈનલમાં રમ્યો હતો.

શમીએ વર્લ્ડ કપની 7 મેચમાં 24 વિકેટ લઈને ભારત માટે શાનદાર પ્રદર્શન કર્યું, તે આ ટૂર્નામેન્ટમાં દર્દ હોવા છતાં રમ્યો. બોલિંગ કરતી વખતે તેને લેન્ડિંગમાં સમસ્યા થઈ રહી હતી. પરંતુ તેમણે તેમના પરફોર્મન્સ પર તેની અસર થવા ન દીધી. હાલમાં જ શમીને અર્જુન એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યો હતો. શમીએ એક દાયકાથી વધુની કારકિર્દીમાં 229 ટેસ્ટ, 195 વનડે અને 24 ટી-20 વિકેટ લીધી છે. શમીએ IPL 2023માં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. શમીએ 17 મેચમાં 18.64ની એવરેજથી સૌથી વધુ 28 વિકેટ લીધી હતી.

# ઈંગ્લેન્ડ સામેની પાંચમી ટેસ્ટ મેચમાં 112 વર્ષ જૂનો રેકોર્ડ તૂટશે ?

■ આ પહેલા ઈંગ્લેન્ડે વર્ષ 1912માં આ રેકોર્ડ બનાવ્યો હતો

ગુજરાત | વંદન

ભારતે અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી 5 મેચની ટેસ્ટ સીરિઝમાં અત્યાર સુધી ચાર મેચ રમાઈ ચૂકી છે, જેમાંથી ભારતે ત્રણ મેચ જીતી છે અને સીરિઝમાં 3-1થી આગળ છે. હવે છેલ્લી મેચ ધર્મશાલામાં રમાશે. કેપ્ટન રોહિત શર્માના નેતૃત્વમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કર્યું, ખાસ કરીને યુવા ખેલાડીઓએ સારું પ્રદર્શન કર્યું છે. ટીમના યુવા ઓપનર યશસ્વી જયસ્વાલે બે બેવડી સદી ફટકારી હતી, જ્યારે શુભમન ગિલે



શાનદાર બેટિંગ કરી હતી અને ધ્રુવ જુરેલ સાથે મળીને ભારતીય ટીમને ચોથી ટેસ્ટ મેચમાં જીત અપાવી હતી. ટેસ્ટ સીરિઝ કબજે કર્યા બાદ હવે ભારતીય ટીમની નજર ઈંગ્લેન્ડ સામેની છેલ્લી ટેસ્ટ મેચ જીતવા પર છે. આ સાથે ભારતીય ટીમ પાસે 112 વર્ષ જૂનો રેકોર્ડ તોડવાની તક છે. જો ભારતીય ક્રિકેટ ટીમ ઈંગ્લેન્ડ વિરુદ્ધ ધરમશાલામાં રમાનાર છેલ્લી ટેસ્ટ જીતે છે તો તે 112 વર્ષ બાદ પાંચ મેચની ટેસ્ટ સીરિઝમાં પ્રથમ મેચ હાર્યા બાદ બાકીની ચાર મેચ જીતનારી બીજી ટીમ બની જશે.

# રેસલિંગ ફેડરેશન દ્વારા 10 -11 માર્ચે ટીમની પસંદગી કરાશે

■ રમત મંત્રાલય WFIનું સસ્પેન્સન બરકરાર, 1 જુલાઈ સુધી ફરીથી ચુંટણી યોજવી પડશે

ગુજરાત | વંદન

રેસલિંગ ફેડરેશન છેલ્લા એક વર્ષથી વિવાદોમાં છે. વિવાદો મુખ્યત્વે બ્રિજભૂષણ શરણ પ્રમુખ અને મહિલા કુસ્તીબાજો વચ્ચે ચાલતો હતો. એવામાં તેમણે ભારતીય ટીમની પસંદગી કરવા માટે રાષ્ટ્રીય ટ્રાયલ બોલાવી છે. 10 અને 11 માર્ચે યોજાનારી ટ્રાયલ્સમાં એશિયન ચેમ્પિયનશિપ અને ઓલિમ્પિક ક્વોલિફાયર માટે ભારતીય ટીમની પસંદગી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જોકે વિવાદ બાદ ફેડરેશને તેના લેટર હેડમાંથી 'સ્પોર્ટ્સ મિનિસ્ટ્રી દ્વારા માન્ય' લાઈનને હટાવી દીધી છે. બીજી તરફ ભારતીય ઓલિમ્પિક




એસોસિયેશન દ્વારા ગઠિત એડહોક કમિટીએ પટિયાલામાં યોજાનારી અંડર-23 નેશનલ ચેમ્પિયનશિપને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.

ચૂંટણી બાદ રમત મંત્રાલયે WFIને સસ્પેન્ડ કરી દીધું છે અને મંત્રાલયના નિર્દેશ પર ભારતીય ઓલિમ્પિક એસોસિયેશને એડહોક કમિટીની રચના કરી છે. હવે બંને સમાંતર કામ કરી રહ્યા છે.11 દિવસ પહેલા, યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગએ ભારતીય રેસલિંગ ફેડરેશનને શરતી રીતે પુનઃસ્થાપિત કર્યું હતું. વિશ્વ સંસ્થાએ કહ્યું હતું કે WFIએ 1 જુલાઈ, 2024 સુધીમાં ફેડરેશન માટે ફરીથી ચૂંટણી યોજવી પડશે. એટલું જ નહીં, ખેલાડીઓની ભાગીદારીમાં ભેદભાવ નહીં કરવાની લેખિત બાંયધરી પણ આપવી પડશે.

યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા પાસેથી સસ્પેન્શન હટાવી લીધું હોવા છતાં, ભારતીય રમત મંત્રાલય WFIને સસ્પેન્ડ કરવાનું ચાલુ રાખે છે અને ભારતીય ઓલિમ્પિક સમિતિની એડ-હોક સંસ્થાની સમાંતર કામ કરી રહી છે. કેન્દ્રીય રમત મંત્રાલયે ચૂંટણી બાદ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાની નવી સંસ્થાને સસ્પેન્ડ કરી દીધી છે. 24 ડિસેમ્બરે મંત્રાલયે ભારતીય ઓલિમ્પિક એસોસિયેશનને રેસલિંગ ફેડરેશનની બાબતોનું સંચાલન કરવા માટે એડ-હોક કમિટી બનાવવા માટે પણ કહ્યું હતું અને IOA એ એડ-હોક કમિટી પણ બનાવી છે.

### પ્રમુખ પદ માટે સંજય સિંહે અનિતાને હરાવ્યા હતા


21 ડિસેમ્બરના રોજ, ભારતીય કુસ્તી સંઘની ચૂંટણીમાં, સંજય સિંહે પ્રમુખ પદ માટે કોમનવેલ્થ ચેમ્પિયન કુસ્તીબાજ અનિતા શિયોરાનને 33 મતોથી હરાવ્યા હતા. સંજયને 40 વોટ મળ્યા, જ્યારે અનિતાને માત્ર 7 વોટ મળ્યા.સંજય સિંહના પ્રમુખ બનવાના વિરોધમાં દિગ્ગજ કુસ્તીબાજ મેદાનમાં ઉતર્યા હતા. ઓલિમ્પિક મેડલ વિજેતા સાક્ષી મલિકે નિવૃત્તિની જાહેરાત કરી હતી, જ્યારે બજરંગ અને વિનેશે તેમના પુરસ્કારો પરત કર્યા હતા.રેસલિંગ ફેડરેશન છેલ્લા એક વર્ષથી વિવાદોમાં છે. આ વિવાદો ગયા વર્ષે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં મહિલા કુસ્તીબાજોના ભૂતપૂર્વ પ્રમુખ બ્રિજભૂષણ શરણ સામે જાતીય સતામણીના આરોપોથી શરૂ થયા હતા.

# 60મા જન્મદિને આઈસીસી અમ્પાયર મારિયાસ ઈરાસ્મસે નિવૃત્તિની કરી જાહેરાત

■ ન્યુઝીલેન્ડ -ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણીમાં છેલ્લી અમ્પાયરિંગ

ગુજરાત | વંદન

27 ફેબ્રુઆરીએ પોતાનો 60મો જન્મદિવસ ઉજવનાર મારિયાસ ઈરાસ્મસે અમ્પાયરિંગમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. તે ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણીમાં છેલ્લી વખત અમ્પાયરિંગ કરી રહ્યો છે. આ સિરીઝની બંને મેચો બાદ ઈરાસ્મસ ફરી ક્યારેય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેદાન પર જોવા મળશે નહીં. આ શ્રેણી સાથે અનુભવી દક્ષિણ આફ્રિકાના અમ્પાયર તેની 18 વર્ષની લાંબી



અમ્પાયરિંગ કારકિર્દીને હંમેશા માટે અલવિદા કહી દેશે.

દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ અમ્પાયરે પોતાના પરિવારની ખાતર આ નિર્ણય લીધો છે. વાસ્તવમાં, તેઓ હવે તેમના પરિવાર સાથે જીવનની વધુને વધુ ક્ષણો પસાર કરવા માંગે છે. અને આ જ કારણ છે કે તેમણે નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો. નિવૃત્તિના નિર્ણયની ઘોષણા કરતા ઈરાસ્મસે 28 ફેબ્રુઆરીએ ક્રિકબઝને કહ્યું કે નિવૃત્તિ પછી તેઓ ટ્રાવેલ અને મેચો દરમિયાન જે સન્માન મળે છે તેને મિસ કરશે.

દક્ષિણ આફ્રિકાની બોલેન્ડ ક્રિકેટ ટીમ માટે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ રમવાથી લઈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અનુભવી અમ્પાયર બનવા સુધીની સફર ઈરાસ્મસ માટે સિદ્ધિઓથી ભરેલી રહી છે. અમ્પાયર તરીકેની તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દી 2006માં ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે વાન્ડરર્સ ખાતે રમાયેલી મેચથી શરૂ થઈ હતી. ત્યારથી લઈને 2024 સુધી એટલે કે 18 વર્ષમાં તેણે 80 ટેસ્ટ, 124 ODI અને 43 પુરુષોની T20I ઉપરાંત 18 મહિલા T20I માં અમ્પાયરિંગ કર્યું છે.

ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# દેશના ટોચના 10 શક્તિશાળી લોકોમાં રાજકારણીઓનું પ્રભુત્વ

ગુજરાત | વંદન | દેશમાં લોકસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. ભાજપથી લઈને કોંગ્રેસ સુધી દરેક પોતાની રણનીતિ બનાવવામાં વ્યસ્ત છે. રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપે જે રીતે વિપક્ષને ચોંકાવી દીધા છે, તેનાથી વિપક્ષી જૂથ વિચારવા મજબૂર થઈ ગયું છે. લોકસભા ચૂંટણીમાં પીએમ મોદીએ પક્ષના કાર્યકરોને પોતાના માટે 370થી વધુ અને એનડીએ માટે 400થી વધુ બેઠકોનો ટાર્ગેટ આપ્યો છે. આવા સમયે ઈન્ડિયન એક્સપ્રેસે દેશના ટોચના-100 શક્તિશાળી લોકોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં રાજનીતિ, બિઝનેસ અને ફિલ્મ જગતના લોકોના નામ સામેલ છે.જાણો ટોચના 10 લોકોની યાદીમાં કોણ છે...


## ત્રીજી વખત લોકસભા ચૂંટણીમાં ભાજપનું નેતૃત્વ કરી રહેલા પીએમ મોદીનું કદ સમયની સાથે વધુ મજબૂત બન્યા

### 1 નરેન્દ્ર મોદી



ત્રીજી વખત લોકસભા ચૂંટણીમાં ભાજપનું નેતૃત્વ કરી રહેલા પીએમ મોદીનું કદ સમયની સાથે વધુ મજબૂત બન્યું છે. સરકારે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370 નાબૂદ કરી છે. કલ્યાણકારી યોજનાઓ સાથે અર્થતંત્રની મજબૂત સ્થિતિ બાદ અયોધ્યામાં રામ મંદિરના ઉદ્ઘાટન બાદ બ્રાન્ડ મોદી વધુ મજબૂત બની છે. ભલે પીએમ મોદી પર સત્તાના કેન્દ્રીકરણનો આરોપ હોય, પરંતુ જી-20 કોન્ફરન્સનું દિલ્હીમાં આયોજન કરવામાં આવ્યું હતું અને સંયુક્ત નિવેદન પર સહમતિ બની હતી તે હકીકત પ્રશંસનીય છે. PMના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર 9 કરોડથી વધુ ફોલોઅર્સ છે.

### 2 અમિત શાહ



ભાજપની સફળતામાં શાહનો મહત્વનો ફાળો છે. શાહને પાર્ટીના મુખ્ય રણનીતિકાર માનવામાં આવે છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ જેવા તાજેતરના હિન્દી બેલ્ટ રાજ્યોમાં ભાજપે જે રીતે જીત મેળવી છે તે પછી શાહનું કદ વધુ મજબૂત બન્યું છે. હવે ભાજપનું ધ્યાન દક્ષિણના રાજ્યોની સાથે પશ્ચિમ બંગાળ પર છે. શાહે જે રીતે ત્રણ બ્રિટિશ કાયદાઓને નાબૂદ કરીને ભારતીય ન્યાયિક સંહિતાના અમલ માટેનો માર્ગ મોકળો કર્યો છે, તેનાથી સંદેશ સ્પષ્ટ થયો છે. શાહે હવે આગામી લોકસભા ચૂંટણીમાં 370થી વધુ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. હવે અમિત શાહનું આગળનું પગલું નાગરિકતા સંશોધન કાયદાને લાગુ કરવાનું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શાહના 3.5 કરોડથી વધુ ફોલોઅર્સ છે.

### 3 મોહન ભાગવત




મોહન ભાગવત આરએસએસના સરસંઘચાલક છે. રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં પીએમ મોદી સાથે ભાગવતની હાજરીએ તેમની તાકાત દર્શાવી હતી. સંઘ હવે ભાજપની ત્રીજી ટર્મ તરફ નજર કરી રહ્યું છે. મોહન ભાગવત સોશિયલ મીડિયા પર એક્ટિવ નથી.

### 4 CJI ધનંજય યશવંત ચંદ્રચુડ



CJIએ પોતાની આગવી રીતે સુપ્રીમ કોર્ટનું નેતૃત્વ કર્યું છે. ચૂંટણીના વર્ષમાં આખો દેશ તેમના દરેક નિર્ણય અને દરેક પગલા પર નજર રાખે છે. તેમનો કાર્યકાળ આ વર્ષે નવેમ્બરમાં પૂરો થઈ રહ્યો છે. ચંદ્રચુડ સોશિયલ મીડિયા પર એક્ટિવ નથી.

### 5 સુબ્રમણ્યમ જયશંકર




સુબ્રમણ્યમ જયશંકરે વિદેશ મંત્રી તરીકે પોતાની અલગ ઓળખ બનાવી છે. વિદેશ મંત્રી મોદીના ચાણક્ય તરીકે ઓળખાય છે. તેમના પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન યુરોપિયન દેશોથી લઈને રશિયા સુધી તેમણે ભારતનો પક્ષ ઉત્તમ રીતે રજૂ કર્યો છે.

### 6 યોગી આદિત્યનાથ



દેશમાં સૌથી વધુ લોકસભા બેઠકો સાથે રાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે. 2024માં આ રાજ્યમાં ભાજપ કેવું પ્રદર્શન કરશે તેના પર સૌની નજર રહેશે. ગોરખનાથ મઠના મહંતે પોતાની આધ્યાત્મિક સત્તાની સાથે સત્તામાં રહેલા લોકોને કડક શાસનનો સંદેશ આપ્યો છે, તેની ખૂબ ચર્ચા થઈ રહી છે. લોકસભા ચૂંટણી બાદ હવે 2027ની વિધાનસભા ચૂંટણી પર નજર છે.

### 7 રાજનાથ સિંહ



રાજનાથ સિંહ પીએમ મોદીની કેબિનેટના સૌથી વરિષ્ઠ સહયોગીઓમાંના એક છે. રાજકીય અનુભવની સાથે તેમણે સંરક્ષણ મંત્રાલયની જવાબદારી પણ ઉત્તમ રીતે નિભાવી છે. પડદા પાછળની તેમની ભૂમિકા રાજસ્થાનમાં ખૂબ જ સક્રિય હતી. રાજનાથને ટ્રબલ શૂટર તરીકે પણ ઓળખવામાં આવે છે.

### 8 નિર્મલા સીતારમણ




નાણામંત્રી નિર્મલા સીતારમણ એવા મંત્રીઓમાં સામેલ છે જેના પર પીએમ મોદી સૌથી વધુ વિશ્વાસ કરે છે. તેઓ દેશનાં પ્રથમ પૂર્ણકાલીન અને સૌથી લાંબી સેવા આપનાર મહિલા નાણામંત્રી છે. મોંઘવારી અને વિકાસ સાથે બહેતર સંતુલન જાળવવું તેમની પ્રાથમિકતા રહેશે.

### 9 જેપી નડ્ડા



જેપી નડ્ડા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ છે. લોકસભા ચૂંટણીમાં સંગઠનના નેતા તરીકે નડ્ડાની ભૂમિકા ઘણી મહત્વની છે. નડ્ડાના નેતૃત્વમાં ભાજપે પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં સારી સફળતા મેળવી છે. પાર્ટીએ તેમને ફરીથી રાજ્યસભા માટે ચૂંટ્યા છે. નડ્ડાના સોશિયલ મીડિયા પર 36 લાખ ફોલોઅર્સ છે.

### 10 ગૌતમ અદાણી



ટોપ-10ની યાદીમાં સ્થાન મેળવનાર ગૌતમ અદાણી એકમાત્ર બિઝનેસમેન છે. અદાણી દેશના બીજા સૌથી અમીર ભારતીય છે. ગયા વર્ષે હિન્ડનબર્ગના અહેવાલ બાદ અદાણીએ જોરદાર પુનરાગમન કર્યું છે. અદાણી ગ્રુપ પોર્ટ, પાવર, ગ્રીન એનર્જી અને એરપોર્ટમાં રૂ. 7 લાખ કરોડનું રોકાણ કરવાની યોજના બનાવી રહ્યું છે. અદાણીના સોશિયલ મીડિયા પર 10 લાખ ફોલોઅર્સ છે.



# રાજ્યસભાના સાંસદોને ભથ્થાં સહિત પગાર પેટે દર મહિને મળે છે રૂપિયા 2.10 લાખ...

■ સરકારી વાહનો, સરકારી આવાસ, મફત પાણી, મફત વીજળી, ફર્નિચર, પડદા અને તબીબી સંબંધિત સુવિધાઓ પણ ઉપલબ્ધ

ગુજરાત | વંદન

સંસદના ઉપલા ગૃહ તરીકે ઓળખાતા રાજ્યસભાના સભ્યોનો કાર્યકાળ 6 વર્ષનો હોય છે અને તેઓ દર બે વર્ષે ચૂંટાય છે. કાયમી ગૃહ હોવાથી રાજ્યસભા ક્યારેય ભંગ કરી શકાતી નથી. ધારાસભ્યોના મતથી ચૂંટાયેલા રાજ્યસભાના સાંસદોને અનેક પ્રકારની સરકારી સુવિધાઓ, પગાર, મકાન અને કાર આપવામાં આવે છે. વિગતવાર સમજીએ કે રાજ્યસભાના સાંસદો કઈ કઈ સુવિધાઓ મળે છે.

લોકસભાના સાંસદોનો કાર્યકાળ 5 વર્ષનો હોય છે જ્યારે રાજ્યસભાના સાંસદોનો કાર્યકાળ 6 વર્ષનો હોય છે. લોકસભાના સાંસદો જનતા દ્વારા ચૂંટાય છે, જ્યારે ધારાસભ્યો રાજ્યસભા માટે મતદાન કરે છે. લોકસભા અને રાજ્યસભાના સાંસદોને રાજધાની દિલ્હીમાં સરકારી આવાસની સુવિધા આપવામાં આવે છે. આ માટે સરકાર સંપૂર્ણ વ્યવસ્થા કરે છે અને જીત બાદ તેમને ઘર ફાળવવામાં આવે છે.

રાજ્યસભાના સાંસદોને ભથ્થા સહિત પગાર કુલ 2.10 લાખ રૂપિયા પ્રતિ માસ મળે છે. આમાં ઘણા પ્રકારના ભથ્થાઓ ઉપરાંત 20 હજાર રૂપિયાનો ઓફિસ ખર્ચ પણ તેમાં સામેલ છે. મૂળ પગાર તરીકે માત્ર 16 હજાર રૂપિયા આપવામાં આવે છે. આ ઉપરાંત ગૃહની કાર્યવાહી કેટલા દિવસ ચાલે છે તેના આધારે દરરોજ 1000 રૂપિયાનું વધારાનું ભથ્થું આપવામાં આવે છે.

રાજ્યસભાના સાંસદોને પ્રતિ કિલોમીટર 34 રૂપિયાનું મુસાફરી ભથ્થું પણ મળે છે. આ સિવાય રાજ્યસભાના સાંસદોને ટેલિફોન ખર્ચ, રેલવે ટિકિટ અને હવાઈ મુસાફરીમાં પણ છૂટ મળે છે. રાજ્યસભાના સાંસદોને દર મહિને ફર્સ્ટ એસી અને સેકન્ડ એસીનો એક-એક પાસ મળે છે. તેમને ફ્લાઈટ ટિકિટ માટે માત્ર 25 ટકા પૈસા જ ચૂકવવાના હોય છે.

રાજ્યસભાના સાંસદો બે ટેલિફોન રાખી શકે છે. આમાંથી એક ઘરમાં અને એક ઓફિસમાં રાખી શકે છે. જેમાંથી દર વર્ષે 50,000 લોકલ કોલ કરી શકાય છે. આ સાથે જ તમામ સાંસદોને ઈન્ટરનેટની સુવિધા પણ આપવામાં આવે છે. તેનો સંપૂર્ણ ખર્ચ સરકાર ઉઠાવે છે. રાજ્યસભાના સાંસદોને રહેવા માટે સરકારી આવાસ પણ મળે છે. તેનું ભાડું પણ સરકાર તરફથી મળતા ભથ્થામાં સામેલ છે. આ સુવિધાઓની સાથે સરકારી વાહનો, સરકારી આવાસ, મફત પાણી, મફત વીજળી, ફર્નિચર, પડદા અને તબીબી સંબંધિત સુવિધાઓ પણ આપવામાં આવે છે.

# શ્રેષ્ઠ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ સાથેની ટનલનું 9મીએ લોકાર્પણ

■ મુખ્ય ટનલ અને એસ્કેપ ટ્યુબ બંનેમાં 250 મીટરના અંતરે પાંચ ક્રોસ પેસેજની સુવિધા

ગુજરાત | વંદન




9 માર્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અરુણાચલ પ્રદેશમાં સેલા ટનલનું ઉદ્ઘાટન કરશે. તે 13,700 ફૂટની ઉંચાઈ પર સ્થિત વિશ્વની સૌથી લાંબી ટુ-લેન ટનલ છે. આ ટનલ તવાંગ સેક્ટરને સ્પર્શે છે જે ભારત માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે. BRO એટલે કે બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનના ચીફ એન્જિનિયર બ્રિગેડિયર રમણ કુમાર કહે છે- સેલા ટનલ કોમ્પ્લેક્સમાં બે ટનલ છે, તેની કુલ લંબાઈ લગભગ 12 કિલોમીટર છે. આ સાથે, તવાંગનું અંતર લગભગ આઠ કિલોમીટર ઓછું થશે અને મુસાફરીનો સમય લગભગ એક કલાક ઓછો થશે.

સેલા ટનલ પ્રોજેક્ટ ઉત્તરાખંડની 4.5 કિમી લાંબી સિલ્ક્યારા-બરકોટ ટનલ જેવો એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે, જ્યાં 41 મજૂરોના જીવ જોખમમાં મુકાયા હતા. ટનલનો એક ભાગ ડૂબી જવાને કારણે ત્યાં ફસાયેલા મજૂરોને બહાર નીકળવાનો રસ્તો મળ્યો નહોતો. અને લગભગ 17 દિવસ સુધી તેમનું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

બિઆરઓ ના આ અત્યાધુનિક સેલા પ્રોજેક્ટની સૌથી ખાસ વાત એ છે કે અહીં એક એસ્કેપ ટનલ છે, જેનો અર્થ છે કે આપત્તિની સ્થિતિમાં અહીં ફસાયેલા લોકો બચી શકે છે. આ 1,595 મીટર ટનલની સમાંતર એક એસ્કેપ ટ્યુબ પણ બનાવવામાં આવી છે, તે લગભગ 1,573 મીટર સુધી વિસ્તરે છે. મુખ્ય ટનલ અને એસ્કેપ ટ્યુબ બંનેમાં 250 મીટરના અંતરે પાંચ ક્રોસ પેસેજ છે.

બિઆરઓ ના આસિસ્ટન્ટ એક્ઝિક્યુટિવ એન્જિનિયર નિકિતા ચૌધરી કહે છે, “SP-91 નામની જોગવાઈ છે, જે કહે છે કે કોઈપણ કટોકટીમાં, મુખ્ય ટનલ જ્યાં ક્રોસ રૂટ હોય તેની સાથે જોડાયેલ દર 200 થી 300 મીટરના અંતરે એસ્કેપ ટ્યુબની જરૂર પડે છે. આ મુજબ અમે અહીં 250 મીટરના અંતરે ક્રોસ રૂટ આપ્યો છે.

બિઆરઓ ની સેલા ટનલના પ્રોજેક્ટ ડાયરેક્ટર કર્નલ રવિકાંત તિવારી કહે છે, “અમે આ ટનલમાં ઉચ્ચતમ સ્તરના સલામતી ધોરણો અપનાવ્યા છે. આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ, જ્યારે પણ કોઈ ટનલ 1,500 મીટરથી વધુ લાંબી હોય છે, ત્યારે આપણે કોઈપણ કટોકટી માટે સમાંતર એસ્કેપ ટનલ પણ બનાવવી પડે છે.

# પહેલી માર્ચથી બદલાયેલા નિયમોના પગલે લોકોના ખિસ્સા પર પડશે બોજ

■ LPGની કિમતમાં વધારો, GSTમાં પણ ફેરફાર-ફાસ્ટેગની સમય મર્યાદા લંબાવી

ગુજરાત | વંદન




માર્ચ મહિનાની શરૂઆતમાં જ ઘણા મોટા ફેરફારો થયા છે જેની સીધી અસર સામાન્ય લોકોના ખિસ્સા પર પડશે. આ ફેરફારોમાં મુખ્યત્વે એલપીજીની કિંમત અને એટીએફના દરમાં ફેરફારનો સમાવેશ થાય છે. મહિનાની શરૂઆત સાથે આવા ઘણા મોટા ફેરફારો થાય છે જેની સીધી અસર સામાન્ય લોકોના ખિસ્સા પર થાય છે. અમે તમને એવા ફેરફારો વિશે જણાવી રહ્યા છીએ જે 1 માર્ચથી અમલમાં આવ્યા છે.

હોળીના તહેવાર પહેલા તેલ કંપનીઓએ મોટો ઝટકો આપ્યો છે અને 19 કિલોના કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. દેશના વિવિધ શહેરોમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત 25.50 રૂપિયા સુધી મોંઘી થઈ ગઈ છે.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ શુક્રવારથી ઉડ્ડયન ઈંધણની કિંમતમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. ATFના ભાવમાં પ્રતિ કિલો લીટર 624.37 રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં સસ્તી હવાઈ મુસાફરીની આશાને મોટો ફટકો પડ્યો છે.આજે 1 માર્ચથી GSTના નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. હવે 5 કરોડથી વધુનું ટર્નઓવર ધરાવતા બિઝનેસ ઈ-ઈનવોઈસ વગર ઈ-વે બિલ જનરેટ કરી શકશે નહીં.

# યુધ્ધવિરામ માટે ઇઝરાયેલની શરતઃ પહેલા અમારા બંધકોને મુક્ત કરો

■ તો રમઝાનમાં યુધ્ધવિરામ માટે ઈઝરાયેલની તૈયારી :બાઈડનનો દાવો

ગુજરાત | વંદન



ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લાં છ મહિનાથી ચાલી રહેલા જંગમાં આગામી સપ્તાહે યુદ્ધવિરામ થવાની શક્યતા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને આ અંગે દાવો કરતાં જણાવ્યું છે કે, જો પેલેસ્ટેનિયન આતંકી જૂથ ઈઝરાયેલી બંધકોને છોડી મુકવાની તૈયારી દાખવે તો ઈઝરાયેલ મુસ્લિમોના પવિત્ર માસ રમઝાન દરમિયાન યુદ્ધ વિરામ કરવા તૈયાર છે. અમેરિકા, ઈજિપ્ત તથા કતારના નેતાઓ યુદ્ધરત બંને દેશો વચ્ચે સમાધાનની ફોર્મ્યુલા તૈયાર કરી રહ્યાં છે. આ ફોર્મ્યુલા અંતર્ગત હમાસ તેણે બંધક બનાવેલા ઈઝરાયેલના નાગરિકોને છોડશે, જેના બદલામાં ઈઝરાયેલ પેલેસ્ટેનિયન કેદીઓને મુક્ત કરવા ઉપરાંત છ સપ્તાહ સુધી યુદ્ધવિરામ રાખશે. આ કામચલાઉ યુદ્ધવિરામ દરમિયાન બાકીના બંધકોને મુક્ત કરાવવા અંગે વાટાઘાટો ચાલુ રખાશે.

બાઈડને ન્યૂયોર્કમાં એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે, અમારા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે માહિતી આપી છે કે આપણે સીઝફાયરની નજીક છીએ.

# ભારતીય મહિલા અબજોપતિઓની યાદીમાં સાવિત્રી જિંદાલનું નામ મોખરે

ગુજરાત | વંદન



દુનિયાના સૌથી અમીરોની વાત કરવામાં આવે તો અમેરિકા આ મામલામાં ટોપ પર છે, પરંતુ સૌથી અમીરોની યાદીમાં ભારતીય અબજોપતિઓનો દબદબો પણ સતત વધી રહ્યો છે. માત્ર પુરૂષ અબજોપતિઓ જ નહીં પરંતુ મહિલા અબજોપતિઓ પણ ભારતને વિશ્વભરમાં પ્રખ્યાત કરી રહ્યા છે. એક રિસર્ચ રિપોર્ટમાં સામે આવ્યું છે કે આ મામલે ભારત વિશ્વના ટોપ-5 દેશોમાં સામેલ છે. ભારતીય મહિલા અબજોપતિઓની યાદીમાં સાવિત્રી જિદાલનું નામ નંબર વન છેનોંધનીય છે કે તેઓ અબજોપતિ હોવા છત્તા સાદાઈથી રહે છે.

સિટી ઈન્ડેક્સના નવા ઈન્ટરનેશનલ વુમન્સ5 અભ્યાસ મુજબ, મહિલા અબજોપતિઓનીસંખ્યાના સંદર્ભમાં અમેરિકા ગ્લોબલ લેવલેપ્રથમ ક્રમે છે. અમેરિકામાં મહિલાઅબજોપતિઓની સંખ્યા 97 છે, જે ચીનકરતા બમણી છે. નોંધનીય છે કે આ યાદીમાંચીન 42 મહિલા અબજોપતિ સાથે બીજાસ્થાને છે. આ યાદીમાં જર્મનીનું નામ ત્રીજાસ્થાને આવે છે, જે જાપાનને પાછળ છોડીનેતાજેતરમાં વિશ્વની ત્રીજી સૌથી મોટીઅર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યું છે.

વિશ્વની સૌથી અમીર મહિલાની વાત કરીએ તો તે છે ફ્રાન્કોઈસ બેટનકોર્ટ મેયર્સ. ફોર્બ્સના બિલિયોનેર્સ ઈન્ડેક્સના આંકડા જોઈએ તો આ લોકો વિશ્વના ટોપના અબજોપતિઓની યાદીમાં સામેલ છે.

## હસીનો કા મેલા રે મેલા.... ભારતના આંગણે 71મી મિસ વર્લ્ડ સ્પર્ધાનું ખેલા રે ખેલા...

# મિસ વર્લ્ડ 2024: કોના માથે મૂકાશે તાજ..?! કેટલો બદલાયો મિસ વર્લ્ડનો તાજ?

ગુજરાત | વંદન

2023ના વર્ષમાં જી-20 દરમ્યાન દુનિયાભરના મહાનુભાવો ભારતના આંગણે આવ્યાં અને વિશ્વભરમાં ભારતની શાખમાં વધારો થયો તેમ હવે ફરી આવો જ એક કાર્યક્રમ 2024માં ભારતના આંગણે થવા જઇ રહ્યો છે. જેમાં વિશ્વભરમાંથી સૌંદર્યના દિવાનાઓનો ઝમેલો ભારતમાં જોવા મળશે. આ ઈવેન્ટમાં ભારતની ધરતી પર મિસ વર્લ્ડ2024ની પસંદગી થવાની છે.

ભારતમાં 71મી મિસ વર્લ્ડ સ્પર્ધા યોજાઈ રહી છે. આ સ્પર્ધામાં વિશ્વભરમાંથી 120 સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે. જેમાં 2022 ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ સિની શેટ્ટીનો સમાવેશ થાય છે. 18 ફેબ્રુઆરીથી શરૂ થયેલી આ શોધ 9 માર્ચે મુંબઈમાં પૂરી થશે, ત્યારે જ ખબર પડશે કે આ સુંદર તાજ કોના માથા પર શોભશે. ભારતમાં આ સ્પર્ધા 28 વર્ષ બાદ યોજાઈ રહી છે.

વિજેતા વિશ્વસુંદરીને તાજ પહેરાવવાની પરંપરા રહેલી છે. પરંતુ જાણીને નવાઈ લાગે કે સૌંદર્ય અને પ્રતિભાની શોધ કરતી મિસ વર્લ્ડ સ્પર્ધાના વિજેતાને શરૂઆતમાં તાજ પહેરાવવામાં આવ્યો ન હતો. ત્યારે બ્રિટિશ ફેસ્ટિવલ અંતર્ગત શરૂ થયેલી બિકીની કોન્ટેસ્ટમાં વિજેતાને સૌથી ઊંચા પોડિયમ પર ઉભા કરી પુષ્પગુચ્છ આપવામાં આવ્યું હતું....! તેની પ્રથમ વિજેતા કિકી હોકાન્સન હતી, જેને તાજ પહેરાવવામાં આવ્યો ન હતો. આ પરંપરા 1955 માં શરૂ થઈ હતી, જો કે તે સમયાંતરે બદલાતી રહે છે.



ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી છે 2022 ફેમિના મિસ ઈન્ડિયા સોહામણી સિની શેટ્ટી!





મિસ વર્લ્ડ સ્પર્ધા એ વિશ્વની સૌથી જૂની આંતરરાષ્ટ્રીય સૌંદર્ય સ્પર્ધા છે, જે આ વખતે ભારતમાં આયોજિત કરવામાં આવી રહી છે. તેની શરૂઆત દિલ્હીથી થઈ છે અને ફાઈનલ રાઉન્ડ 9 માર્ચે મુંબઈમાં યોજાશે. બ્રિટિશ ટેલિવિઝન હોસ્ટ એરિક મોર્લીએ તેની શરૂઆત 1951માં કરી હતી. તાજ પહેરવાની પરંપરા ક્યારે શરૂ થઈ અને અત્યાર સુધી તેની ડિઝાઈન કેટલી વખત બદલાઈ તે અંગે જોઈએ તો, શરૂઆતમાં, સૌંદર્ય અને પ્રતિભા શોધવા માટેની આ સ્પર્ધાના વિજેતાને તાજ પહેરાવવામાં આવ્યો ન હતો. ત્યારે બ્રિટિશ ફેસ્ટિવલ અંતર્ગત શરૂ થયેલી બિકીની કોન્ટેસ્ટમાં વિજેતાને સૌથી ઊંચા પોડિયમ પર ઉભા કરી પુષ્પગુચ્છ આપવામાં આવ્યું હતું. તેનો પ્રથમ વિજેતા કિકી હોકાન્સન હતો, જેને તાજ પહેરાવવામાં આવ્યો ન હતો.

તાજપોશી સમારોહની શરૂઆત વર્ષ 1955માં થઈ હતી. ત્યારપછી આ તાજમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે. ગત વર્ષની મિસ વર્લ્ડ નવા વિજેતાને આ તાજ આપે છે. વેનેઝુએલાની કાર્મેન સુસાન ડુજિમને પ્રથમ વખત તાજ પહેરાવવામાં આવ્યો હતો. આ તાજ પાછળથી બે વાર વધુ ઉપયોગમાં લેવાયો. આ પછી, તાજને વર્ષ 1958માં બદલવામાં આવ્યો, જેનો ઉપયોગ ફક્ત એક જ વાર થયો હતો. તે દક્ષિણ આફ્રિકાની વિજેતા એની કોલેન દ્વારા પહેરવામાં આવી હતી.

નવા તાજનો ઉપયોગ ફરી એકવાર વર્ષ 1959માં કરવામાં આવ્યો હતો અને તે પછીના વર્ષે 1960માં ફરીથી બદલવામાં આવ્યો હતો. સતત ત્રણ વર્ષ સુધી વિજેતાને નવો તાજ આપવામાં આવ્યો હતો અને જૂના તાજનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો.

પાંચમો તાજ વર્ષ 1961માં ઉપયોગમાં લેવાયો હતો અને ત્યારબાદ તે 1969 સુધી વિજેતાના માથા પર શોભતો રહ્યો. પાંચમો તાજ સૌપ્રથમ યુકેની રોઝમેરી ફ્રેન્કલિનને એનાયત કરવામાં આવ્યો હતો. તે છેલ્લે 1969 માં ઑસ્ટ્રિયાની ઈવા રુબર સ્ટાર દ્વારા પહેરવામાં આવ્યું હતું. વર્ષ 1970માં છઠ્ઠી વખત તાજ બદલવામાં આવ્યો હતો અને તેની ડિઝાઈનને કારણે તેનું નામ જેસ્ટર ક્રાઉન રાખવામાં આવ્યું હતું. તેને ફૂલનો તાજ પણ કહેવામાં આવતું હતું. તે વર્ષે, ગ્રેનાડાના વડા પ્રધાનનો પણ જજની પેનલમાં સમાવેશ કરવામાં આવ્યો હતો, જેના કારણે ઘણો વિવાદ થયો હતો. 1970માં પણ દક્ષિણ આફ્રિકાના બે સ્પર્ધકોને મિસ વર્લ્ડ સ્પર્ધામાં ભાગ લેવાની તક આપવામાં આવી હતી.

...અનુસંધાન પેજ નં. 6 પર

# સનીની બોર્ડર ફિલ્મના જે.પી. દત્તા રાજ કપૂર એવૉર્ડ્સથી સન્માનિત કરાયા



સની દેઓલને બોર્ડર ફિલ્મમાં ભારતના એક દંતકથા સમાન આર્મી ઓફિસરની ભૂમિકામાં ચમકાવનાર ફિલ્મ નિર્માતા અને ડિરેક્ટર જેપી દત્તાને સન્માનિત કરવામાં આવ્યાં છે. મહારાષ્ટ્ર સરકારે ફિલ્મ જગતમાં યોગદાન આપનારા મહાનુભાવોને પુરસ્કાર આપીને સન્માનિત કર્યા છે. એમાં ફિલ્મમેકર વિધુ વિનોદ ચોપડાને પ્રતિષ્ઠિત રાજ કપૂર સ્પેશ્યલ કૉન્ટ્રિબ્યુશન અવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા.

બોર્ડર ફિલ્મ બનાવનાર જે. પી. દત્તાને મહારાષ્ટ્ર ભૂષણ રાજ કપૂર અવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. બીજી તરફ ગાયક સુરેશ વાડકરને જ્ઞાનસમ્રાજ્ઞી લતા મંગેશકર અવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા. આ અવૉર્ડ તેમને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને ઉપ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આપ્યા હતા. અવૉર્ડ મળ્યા બાદ ખુશી વ્યક્ત કરતાં 'બૉર્ડર'ના ડિરેક્ટર જે. પી. દત્તાએ કહ્યું કે 'મારો જ્યાં જન્મ અને ઉછેર થયો છે ત્યાં જ મને સન્માનિત કરવામાં આવે તો એનાથી વિશેષ વસ્તુ કોઈ ન હોઈ શકે. આ રાજ્ય, આ શહેર મારા માટે એક ઘર છે અને ઘર જો તમને સન્માનિત કરે તો એનાથી મોટું સન્માન કોઈ ન હોઈ શકે. સાથે જ આર. કે. ફિલ્મ સ્ટુડિયોથી કરીઅરની શરૂઆત કર્યા બાદ રાજ કપૂરના નામથી જ સન્માનિત કરવામાં આવે તો એ લાગણીને શબ્દોમાં વ્યક્ત ન કરી શકું. આ અવૉર્ડ અને આ ઓળખ માટે હું મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, ઉપ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને કલ્ચર મિનિસ્ટ્રીનો આભાર માનું છું.'



# રીવા અને નાયાબ લાઈમ લાઈટના શોખીન નથી


ચિઠ્ઠી આયી હૈ.. ના કજરે કી ધાર.. જીયે તો જીયે કૈસે.. સહિતના અનેક સુપરહિટ ગીતો ગાયા પ્રખ્યાત ગાયક પંકજ ઉધાસ હવે આ દુનિયામાં નથી. તેમણે 26 ફેબ્રુઆરી 2024ના રોજ 72 વર્ષની વયે દુનિયાને અલવિદા કહ્યું. તેમના આકસ્મિક અવસાનથી બોલિવૂડ ઈન્ડસ્ટ્રી શોકમાં છે. તેનો આખો પરિવાર સાવ ભાંગી પડ્યો છે. પંકજ ઉધાસના નિધનના સમાચાર તેમની પુત્રી નયાબ ઉધાસે આપ્યા હતા. પિતાની આ રીતે વિદાય એ દીકરીઓ પર દુઃખના પહાડ સમાન છે. દરમિયાન, પંકજ ઉધાસની બે પુત્રીઓ કોણ છે અને તેઓ શું કરે છે? તમને જણાવીએ પંકજ ઉધાસની બે દીકરીઓ વિશે...

સૌ પ્રથમ પંકજ ઉધાસ અને તેની પત્ની ફરીદાની લવ સ્ટોરી વિશે વાત કરીએ. વાસ્તવમાં પંકજ ઉધાસ અને ફરીદાની લવ સ્ટોરી કોઈ ફિલ્મી સ્ટોરીથી ઓછી નથી. હા, ધર્મની દીવાલ તોડીને પંકજ ઉધાસે ફરીદાને પોતાની પત્ની બનાવી. લગ્ન પછી, દંપતીને બે પુત્રીઓનો જન્મ થયો, જેમના નામ નયાબ ઉધાસ અને રીવા ઉધાસ છે.

## પંકજ ઉદાસની બન્ને દિકરીઓ પિતાની જેમ ખૂબ જ સામાન્ય અને સાદું જીવન જીવે છે...

ખાસ વાત એ છે કે, નાયબ અને રીવા તેમના પિતાની જેમ મ્યુઝિક ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા છે. હા... નાયાબ એક મ્યુઝિક બેન્ડ ચલાવે છે અને ઘણા શોનું પણ આયોજન કરે છે, જ્યારે તેની નાની બહેન રીવા પણ સંગીત સાથે સંકળાયેલી છે

જ્યાં તેમના પિતાએ લાંબા સમય સુધી સંગીત ઉદ્યોગમાં મોટું યોગદાન આપ્યું હતું, હવે તેમની બંને પુત્રીઓ પણ તેમના માર્ગ પર ચાલી રહી છે. જોકે, રીવા અને નાયબને લાઈમલાઈટનો શોખ નથી. અન્ય અભિનેત્રીઓની જેમ તેને લાઈમલાઈટમાં રહેવું બિલકુલ પસંદ નથી. તેના પિતાની જેમ તે પણ ખૂબ જ સામાન્ય અને સાદું જીવન જીવે છે. નયાબ ઉધાસે થોડા સમય પહેલા લગ્ન કર્યા હતા. તેણે ભારતીય સંગીતકાર ઓજસ અઢિયા સાથે લગ્ન કર્યા. તેમના લગ્નની તસવીરો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી.



# હિન્દી-ઉર્દુ-ફારસીના શબ્દોને રમાડનાર ગુલઝારથી "ગુલઝાર" છે ફિલ્મના ગીતો

ગુલઝાર ફિલ્મોના એવા ગીતકાર છે જેમના ગીતોમાં અનોખો અવાજ છે. તેમના ગીતોના શબ્દો તેમના સફેદ પોશાક જેવા સફેદ અને તેમના સુમધુર અવાજ જેવા ગર્જનાથી ભરેલા છે. છાયાવાદ કે ગીતોમાં પ્રયોગ એમનો શોખ હતો. શબ્દોના રણમાંથી તે અન્ય ભાષાઓમાંથી એવા અનોખા શબ્દો પસંદ કરે છે કે સાંભળનાર પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. કાનમાં મધુર અવાજ હોવા છતાં, તેમના ગીતોને ગુંજવવું સરળ નથી.

કારણ કે, બે-ચાર વાર સાંભળ્યા પછી પણ તેમના ગીતોના ઘણા શબ્દો સમજવા મુશ્કેલ છે. ફિલ્મ 'ગુલામી'ના એક ગીતમાં ફારસી શબ્દો 'ઝેહાલ-એ-મિસ્કીન મકૂન બરંજિશ બહાલ-એ-હિજરા બેચરા દિલ હૈ' કેવી રીતે સમજી શકાય. શબ્દો સાથે રમવું એ ગુલઝારનો જૂનો મનોરંજન છે. તેમની પ્રથમ ફિલ્મ 'બંદિની'ના ગીતોમાં તેમણે 'મોરા ગોરા રંગ લઈ લે, મોહે શ્યામ રંગ દઈ દે' લખીને ચોંકાવનારી શરૂઆત કરી હતી, જે આજે પણ ચાલુ છે. તેમના લખાણમાં ઉર્દૂ સહિત અન્ય ભાષાઓના શબ્દોની વિપુલતા અંગે ગુલઝાર કહે છે- મારી લેખન ભાષા હિન્દુસ્તાની છે. હું એ જ ભાષામાં લખું છું જે હું બોલવા માટે વાપરું છું.

શબ્દોના પ્રયોગની આ સફરમાં તેમણે ક્યારેક 'ચપ્પા ચપ્પા ચરખા'નો ઉપયોગ કર્યો તો ક્યારેક ચર્ચની પાછળ બેસીને ચાંદ ચુરા કે લાયા હું વાત કરી. ફિલ્મ 'ઘર'ના 'તેરે બિના જિયા જાયે ના' ગીતમાં 'જિયા' અને 'જિયા'નું પરસ્પર સંગમ છાયાવાદનું ઉત્તમ ઉદાહરણ છે. ફિલ્મ 'પરિચય'ના 'સારે કે સારે ગામા કો લેકર ગાતે ચલે' ગીતમાં તેણે જે સારેગામાનો ઉપયોગ કર્યો છે તે અદ્ભુત છે.

'મેરે અપને', 'રોઝ અકેલી જાયે રે ચાંદ કટોરા લિયે'ના તેમના એક ગીતમાં, તેમણે રાત્રે ચંદ્રનો કટોરો સોંપવાના તેમના પ્રયાસનું વર્ણન કર્યું, જે કલ્પનાની ટોચ છે. ફિલ્મ 'કિતાબ'માં તેમણે ગીતો દ્વારા બાળ મનોવિજ્ઞાન સમજાવવા 'ધન્નો કી આંખ મેં રાત કા સુરમા' જેવા શબ્દોની રચના કરી હતી. 'ચલ ગુડ્ડી ચલ બાગ મેં પક્કા જામુન ટપકેંગે' અને 'જંગલ-જંગલ બાત ચલી હૈ' ઉપરાંત, તેમણે ફિલ્મ 'માસૂમ' માટે 'લકડી કી કાઠી... કાઠી પે ઘોડા' જેવી રચનાઓ લખી હતી, જેમાં બાળકો પ્રત્યેની તેમની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. છે. ગુલઝારે જ 'ચડ્ડી પહન કે ફૂલ ખીલા હૈ' જેવું બાળગીત લખવાની હિંમત કરી હતી. તે પોતે કહે છે કે તેને બાળકો માટે લખવાનું પસંદ છે. દરેક લેખકે બાળકો માટે લખવું જોઈએ. તેમણે બાળકો માટે ઘણા પુસ્તકો લખ્યા. કેડા, ટુ ઈન વન, બોસ્કીની ગપસપ, બોસ્કીનું પંચતંત્ર કોઈ મેળ નથી.

ગુલઝારને ઉર્દૂ લેખન માટે સાહિત્ય જગતનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ 'જ્ઞાનપીઠ' મળ્યો છે.. પરંતુ, સિનેમાની દુનિયામાં તેમની ઓળખ માત્ર ઉર્દૂ માટે જ નથી. તેમના ગીતોના કલગીમાં અરબી અને ફારસીનો પણ સમાવેશ થાય છે. ઉર્દૂમાં 'જાનમ' અને હિન્દીમાં 'એક બૂંદ ચાંદ' કવિતાઓનો સંગ્રહ લખ્યો.

વાર્તાસંગ્રહ 'ચૌરસ રાત' આવ્યો. કવિતાઓનું પુસ્તક 'રાત પશ્મિને કી' બહાર આવ્યું. 2002 માં, વાર્તા સંગ્રહ 'ધુઆન' માટે તેમને સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો. આ ઉર્દૂ ગીતકાર માટે નહીં પણ સાહિત્યકાર ગુલઝાર માટે સન્માનની વાત હતી. પરંતુ, તેણે ન તો પુરસ્કારોથી ખુશ થવાનું બંધ કર્યું કે ન તો તેના સર્જનાત્મક કાર્યના મૂળ સારને બદલ્યો. તેમના ફિલ્મી ગીતોમાં રહેલી કવિતા પણ તેમની કવિતા છે.

# કરીના કી કહાની-કરીના કી જુબાની

## ના બાબા ના.. મારે ફરીથી યુવાન નથી થવુ.. હું 40 વર્ષની વયે પણ...



કરીના કપૂર ઈન્ડસ્ટ્રીમાં ઘણા સમયથી છે. આ સમયગાળા દરમિયાન તેણે ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. તેની આગામી ફિલ્મ 'ધ ક્રૂ' ટૂંક સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. તેની આ તસવીરની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે પોતાની ઉંમરનો ઉલ્લેખ કર્યો હતો. કરીનાએ કહ્યું કે હવે તે ફરીથી 21 વર્ષની થવા માંગતી નથી. આનું કારણ પણ કરીનાએ આપ્યું છે. નોંધનીય છે કે મોટી વયની અભિનેત્રીઓ યુવા રહેવા મથતી હોય છે ત્યારે કરીનાએ તેનાથી ઉલટુ નિવેદન આપીને બોલીવુડમાં ચર્ચા જગાવી છે કે કેમ કરીનાને ફરી યુવાન થવુ નથી...

વાતચીત દરમિયાન કરીના કપૂર ખાને કહ્યું કે તેની ઉંમર હવે 40 વટાવી ગઈ છે, જેના કારણે તેને કોઈ સમસ્યા નથી. તે પોતાની ઉંમરથી ખૂબ જ ખુશ છે. આ સાથે તેણે કહ્યું કે ઉંમર માત્ર એક નંબર છે. તેણે કહ્યું, "આજે આપણે વિઝ્યુઅલ માધ્યમમાં જીવીએ છીએ અને આવી સ્થિતિમાં આપણી જાતને ફિટ રાખવી જરૂરી છે. હું ફરી ક્યારેય 21 વર્ષનો થવા માંગતો નથી, હું મારી ઉંમરથી ખૂબ જ ખુશ છું. જ્યારે હું 21 વર્ષનો હતો, ત્યારે હું વસ્તુઓ વિશે ચિંતિત રહેતી હતી અને મને સરળતાથી ગુસ્સો પણ આવતો હતો. હવે હું ઘણો શાંત છું અને મારા 40ના દાયકામાં હું ખુશ છું.

કરીના કપૂર ટૂંક સમયમાં 'ધ ક્રૂ'માં જોવા મળશે. આ પિક્ચર 29 માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મમાં તેની સાથે કૃતિ સેનન અને તબુ પણ લીડ રોલમાં છે. આમાં ત્રણેય એર હોસ્ટેસના રોલમાં જોવા મળશે. આ ફિલ્મની સ્ટોરી એવી છે કે ત્રણેય કોઈને કોઈ કારણસર પોતાની જિંદગીથી પરેશાન છે. ત્રણેય જીવનમાં કંઈક અલગ કરવાનો પ્રયાસ કરે છે, પરંતુ તે જ સંજોગોમાં અટવાયેલા રહે છે.

કરીના કપૂરે વર્ષ 2023માં 'જાને જાન'થી OTT ડેબ્યૂ કર્યું હતું. અભિનેત્રી ટૂંક સમયમાં રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેન'માં જોવા મળશે. તેમાં કરીનાની સાથે અજય દેવગન, રણવીર સિંહ, ટાઈગર શ્રોફ, દીપિકા પાદુકોણ જેવા સ્ટાર્સ સામેલ છે. આ ફિલ્મ આ વર્ષે 15 ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# KKK 14ના ખતરનાક સ્ટંટ માટે આ વખતે જ્યોર્જિયાના સ્થળો હોટ ફેવરીટ....






કલર્સ ટીવીના એડવેન્ચર રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી'(કેકેકે)ની સીઝન 14ની તૈયારીઓ પૂરજોશમાં શરૂ થઈ ગઈ છે. રોહિત શેટ્ટીના આ સેલિબ્રિટી સ્ટંટ આધારિત રિયાલિટી શોમાં ન તો કોઈ તરફેણ છે કે ન તો કોઈ વધારાનો ડ્રામા છે. આ શોમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને તેમની પ્રતિભાના આધારે જજ કરવામાં આવે છે. અને આ જ સૌથી મોટું કારણ છે કે દર્શકો દર વર્ષે ખતરોં કે ખિલાડીની નવી સીઝનની રાહ જુએ છે. આ વર્ષે રોહિત શેટ્ટીનો આ શો ક્યાં શૂટ કરવામાં આવશે અને આ શો માટે અત્યાર સુધી કયા કલાકારોનો સંપર્ક કરવામાં આવ્યો તેની વિગતો જાહેર થઈ છે.

જોકે ખતરોં કે ખિલાડીની મોટાભાગની સિઝન દક્ષિણ આફ્રિકામાં ફિલ્માવવામાં આવી છે. પરંતુ શોનું શૂટિંગ બ્રાઝિલ (સીઝન 3), આર્જેન્ટિના (સીઝન 7 અને 9), બલ્ગેરિયા (સીઝન 10) અને સ્પેન (સીઝન 8) માં પણ કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે, પ્રાણીઓના સ્ટંટને લઈને દક્ષિણ આફ્રિકામાં જે સ્વતંત્રતા આપવામાં આવી છે તે અન્ય દેશોમાં ઉપલબ્ધ નથી અને આ જ કારણ છે કે નિર્માતાઓ 'ખતરો કે ખિલાડી' માટે દક્ષિણ આફ્રિકાને પ્રાધાન્ય આપે છે. પરંતુ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, રોહિત શેટ્ટીનો આ રિયાલિટી શો આ વર્ષે દક્ષિણ આફ્રિકામાં શૂટ કરવામાં આવશે નહીં.હાલમાં રોહિત શેટ્ટી અને તેની સ્ટંટ ટીમ રેસીમાં વ્યસ્ત છે. આ ટીમે હાલમાં આર્જેન્ટિના, જ્યોર્જિયા અને થાઈલેન્ડનો પ્રવાસ કર્યો છે. પરંતુ આર્જેન્ટિનામાં દરરોજ ત્રણ વખત બદલાતું હવામાન શૂટિંગ માટે પડકારરૂપ બની શકે છે અને થાઈલેન્ડમાં ઈચ્છિત સ્ટંટ કરવા મુશ્કેલ બનશે. અને આ કારણે રોહિત શેટ્ટીની ટીમ આ વખતે શોનું શૂટિંગ જ્યોર્જિયામાં કરવા માંગે છે. જેથી તેમને મુશ્કેલ સ્ટંટ કરવા માટે યોગ્ય સુરક્ષા અને સુવિધા મળી શકે.

તાજેતરમાં જ જિયા શંકર અને આકાંક્ષા પુરીનો ' ખતરોં કે ખિલાડી 14'માં જોડાવા માટે સંપર્ક કરવામાં આવ્યો છે. આ બે સિવાય બિગ બોસ 17માં અભિષેક કુમાર, ઈશા માલવિયા, મુનાવર ફારૂકી, મન્નરા ચોપરા અને નીલ ભટ્ટ. અભિષેક મલ્હાન અને મનીષા રાની ઉપરાંત, અંકિત ગુપ્તા, શોએબ ઈબ્રાહિમ, પ્રિયંકા ચહર ચૌધરી અને વિવેક દહિયાને પણ શોમાં જોડાવા માટે બિગ બોસ OTT તરફથી સંપર્ક કરવામાં આવ્યો છે.

# શાહરૂખ અને સુહાના ફિલ્મ 'કિંગ' માટે મન્નતમાં જ લઈ રહ્યાં છે એક્શનની ટ્રેનિંગ



શાહરૂખ ખાન અને સુહાના ખાનની ફિલ્મ કિંગ પર એક અપડેટ આવ્યું છે. એવા અહેવાલો છે કે 'કિંગ'નું શૂટિંગ મે મહિનામાં શરૂ થશે. આ માટે શાહરૂખ ખાન અને સુહાના ખાન ઘરે બેસીને એક્શન શીખી રહ્યા છે. વિદેશી એક્શન એક્સપર્ટ સુહાના અને શાહરૂખને મન્નતમાં ટ્રેનિંગ આપી રહ્યા છે.

'કિંગ'ના દિગ્દર્શક સુજોય ઘોષે પણ અન્ય કલાકારોને કાસ્ટ કરવાનું કામ શરૂ કરી દીધું છે. ફિલ્મના નિર્માતા સિદ્ધાર્થ આનંદને પણ મોટી જવાબદારી મળી છે. પહેલા 'કિંગ' વિશે એવું કહેવામાં આવી રહ્યું હતું કે આ ફિલ્મ રોકી દેવામાં આવી છે. કારણ કે શાહરૂખ તેની કારકિર્દીના આ તબક્કે ફિલ્મો કરવા નથી માંગતો. 'કિંગ' પહેલા તે મોટી પિક્ચર કરવા માંગે છે. પરંતુ આ તમામ બાબતો નકલી નીકળી

**એક્શન એટ હોમ**

'કિંગ'નું સ્ક્રિપ્ટ રીડિંગ સેશન પણ ચાલી રહ્યું છે. 'કિંગ'ને સિદ્ધાર્થ આનંદની કંપની માર્ફ્લિક્સ શાહરૂખની કંપની રેડ ચિલીઝ એન્ટરટેનમેન્ટ સાથે મળીને પ્રોડ્યુસ કરશે. સ્ત્રોતને ટાંકીને એક અહેવાલમાં લખ્યું- "સિદ્ધાર્થ આનંદ અને સુજોય ઘોષ સતત શાહરૂખ ખાન અને સુહાના સાથે વાત કરી રહ્યા છે. છેલ્લા ઑક્ટોબરથી ફેબ્રુઆરી સુધી ચારેય લોકો વચ્ચે ઘણી બેઠકો થઈ છે. સુજોય શાહરુખ અને સિદ્ધાર્થ સાથે સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છે. વર્લ્ડ ક્લાસ એક્શન બનાવવાની જવાબદારી છે. સિક્વન્સ સંપૂર્ણપણે સિદ્ધાર્થ પર આધારિત છે.

થોડા સમય પહેલા 'ઝૂમ ટીવી'એ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે આ ફિલ્મ અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ફિલ્મના કાસ્ટિંગને લઈને પણ સવાલો ઉભા થઈ રહ્યા છે. કારણ કે અત્યારે શાહરૂખ તેની કરિયરની ટોચ પર છે.

સુહાનાએ પોતાના ફિલ્મી કરિયરની શરૂઆત 'ધ આર્ચીઝ'થી કરી હતી. જેમાં તેમના કામની ટીકા કરવામાં આવી હતી. તેથી સુહાના અને શાહરૂખના પ્રોજેક્ટ એકબીજા સાથે ભળી ન જાય તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ફિલ્મ 'કિંગ' એક સ્પાય થ્રિલર હોવાનું કહેવાય છે. કિંગ'ના શૂટિંગ પછી, શાહરૂખ ખાન ડિસેમ્બરથી ફિલ્મ 'પઠાણ 2' પર કામ શરૂ કરશે.

# ઓટીટી VS સિનેમા થીયેટર: "પંગાગર્લ" કંગનાએ ઓટીટી પ્લેટફોર્મની પોલ ખોલી




અભિનેત્રી કંગના રનૌતે એક ટીવી સમિટમાં OTT પ્લેટફોર્મ વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે OTT પ્લેટફોર્મની એક ખૂબ જ સુંદર બાજુ બતાવવામાં આવી રહી છે, જે ખૂબ જ આશાવાદી લાગે છે અને હું પણ તેના પર વિશ્વાસ કરવા માંગુ છું. પરંતુ પ્રામાણિકપણે, તે બધું એટલું સુંદર નથી. કોરોના દરમિયાન OTTનો વધુ ઉપયોગ થયો અને ઘણાને લાગ્યું કે તે એક સરસ પ્લેટફોર્મ છે. પરંતુ કોરોના પછી, આ OTT પ્લેટફોર્મનું પતન પણ શરૂ થયું અને હું વિશ્વાસ સાથે કહી શકું છું કે કોઈપણ OTT પ્લેટફોર્મ યોગ્ય રીતે ચાલી રહ્યું નથી. તેઓ બધા ખોટમાં છે.

કંગનાનું માનવુ છે કે, આ OTT પ્લેટફોર્મ તેમના નવા દર્શકો બનાવવામાં સક્ષમ નથી. અને આ એક મોટો આંચકો છે. "આ OTT પ્લેટફોર્મે ઓછા બજેટની ફિલ્મોને થિયેટરોથી દૂર કરી દીધી છે. ઇંગ્લિશ-વિંગ્લિશ, ક્વીન જેવી ફિલ્મો હવે સિનેમાઘરોમાં રિલીઝ થતી નથી. આજે તમે ક્વીન જેવી ફિલ્મ સિનેમાઘરોમાં સુપરહિટ બનવાની કલ્પના કરી શકતા નથી. કારણ કે ઓટીટી પ્લેટફોર્મે આ ફિલ્મો માટે થિયેટરમાં જનારા દર્શકોને છીનવી લીધા છે.

આ ઉપરાંત સેટેલાઇટ માર્કેટ પણ બરબાદ થઈ રહ્યું છે, કારણ કે તે પ્રેક્ષકો પણ યુટ્યુબ જેવા પ્લેટફોર્મ પર તેમની સુવિધા મુજબ મફત મનોરંજન જોવા માંગે છે. મારા પિતા પણ પહેલા ટીવી જોતા હતા અને હવે તેઓ યુટ્યુબ જુએ છે. જો કે, શું OTT બોલિવૂડ માટે ખતરો છે? આ સવાલનો જવાબ આપતાં કંગનાએ કહ્યું કે તે અત્યારે કંઈ નક્કર કહી શકતી નથી.

# 'ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ'ના વધુ એપિસોડ જોવા માટે થઈ જાવ તૈયાર







કાર રેસના દિલધડક દ્રશ્યો માટે બોલીવુડની ફાસ્ટ એન્ડ ફ્યરીયસ થ્રીલર ફિલ્મ સિરિઝના રસિયાઓ માટે ખુશ ખબર છે. આ સિરિઝના મુખ્ય કલાકાર છે વિન ડિઝલ.

વિન ડીઝલે તેની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે, "હમણાં જ અઠવાડિયાના અંતે અમારી લેખકો અને આખી ટીમ સાથેની ઝડપી મીટિંગ પૂરી થઈ... અમારી ફિનાલે માટેનો ઉત્સાહ અતિશય શક્તિશાળી હતો એમ કહેવું એ અલ્પોક્તિ છે." તેણે ફ્રેન્ચાઈઝીને ટેકો આપવા બદલ પ્રેક્ષકોનો આભાર માન્યો અને કહ્યું, "આ ગ્રાન્ડ ફિનાલે માત્ર એક અંત નથી; તે અમે સાથે મળીને બનાવેલા અદ્ભુત કુટુંબની ઉજવણી છે. તમને ગૌરવ અપાવવાની આશા છે!"

દરેકનું ધ્યાન ફ્રેન્ચાઈઝીના ભાવિ પર મુકદ્દમાની સંભવિત અસર પર કેન્દ્રિત હોવાથી, આ સંદેશ નોંધપાત્ર વિકાસનું પ્રતિનિધિત્વ કરે છે. રેસિંગના ઉત્સાહી ડોમ ટોરેટો તરીકે ડીઝલ અભિનિત, ફાસ્ટ એક્સ એ ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ ફ્રેન્ચાઈઝીની દસમી ફિલ્મ છે. તે મે મહિનામાં થિયેટરોમાં રજૂ થયું હતું અને વિશ્વભરમાં $700 મિલિયનથી વધુની કમાણી કરી હતી. ડીઝલ અભિનીત ફિનાલે ઉપરાંત ડ્વેન જોહ્ન્સન અને ફાસ્ટ ક્રૂના અન્ય સભ્યો સાથે બીજી મૂવીની યોજના છે. દરમિયાન, લુઈસ લેટરિયરનું ફાસ્ટ એક્સનું ફોલો-અપ 4 એપ્રિલ, 2025ના રોજ રિલીઝ થવાનું છે. નોંધનીય છે કે વિન ડીઝલે 2017માં બોલિવૂડની સુપરસ્ટાર અભિનેત્રી દીપિકા પાદુકોણ સાથે તેમની એક્શનથી ભરપૂર મેગા મૂવી XXX: રિટર્ન ઑફ ઝેન્ડર કેજ માટે પણ સહયોગ કર્યો છે.

# ભોજપૂરી એક્ટ્રેસ નેહા મલિકનો ફરી જોવા મળ્યો ગ્લેમરસ અંદાજ



નેહા મલિક ખૂબ જ સારી રીતે જાણે છે કે ચાહકોને કઈ રીતે દિવાના બનાવવા. અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ શાનદાર તસવીરો શેર કરી છે. નેહા મલિકનો ગ્લેમરસ અંદાજ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. નેહાએ ચાની ચુસ્કી મારતા કેમેરાની સામે શાનદાર પોઝ આપ્યા છે. માત્ર ટોવેલમાં નેહા મલિકે કેમેરાની સામે ખૂબ જ હોટ પોઝ આપ્યા છે.

